ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

દ્વિતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર - ૦૪

# સલ્તનત કાલીન ઈતિહાસ

(ઈ.સ.૧૩મી થી ઈ.સ.૧૫મી સદી સુધી)

(મુખ્ય વિષય તથા ગૌણ)

વિભાગ

# 3

## દિલ્હી સલ્તનતની અર્થવ્યવસ્થા

## (Economy of Delhi Sultanate)


એકમ 19

રાજ્ય અને અર્થવ્યવસ્થા (State and Economy) 7

એકમ 20

કૃષિ-વ્યવસ્થા (Agrarian Structure) 20

એકમ 21

શહેરી અર્થવ્યવસ્થાનો ઉદય તથા વ્યાપાર અને વાણિજ્ય (Rise of Urban Economy, Trade and Commerce) 26

એકમ 22

તકનિકી અને કારીગરી (Technology and Crafts) 37

પરિશિષ્ટ (Appendix) 55

કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books) 62

## EXPERT COMMITTEE


Prof. K.N. Panikkar (*Chairman*)

Prof. B.D. Chattopadhyay

Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.H. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic
History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University, Delhi.

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Prof. Kapil Kumar (*Convenor*)
Dr. A.R. Khan
IGNOU, New Delhi


## COURSE TEAM


Prof. Kapil Kumar

Ms. Mira Rai

Ms. Sangeeta Pandey
Dr. Abha Singh
Dr. Ahmed Raza Khan } **Course Co-ordinators**


## Block Preparation Team

| Unit No. | Contributors | IGNOU Faculty Members |
|---|---|---|
| 19, 20 & 21 | Prof. Shireen Moosvi<br>Centre for Advanced Study in History<br>Aligarh Muslim University<br>Aligarh | Dr. Abha Singh<br>Dr. A.R. Khan |
| 22 | Prof. A. Jan Qaisar<br>Centre for Advanced Study in History<br>Aligarh Muslim University<br>Aligarh | Dr. A.R. Khan |

**Course Editor**


Prof. A. Jan Qaisar
Centre for Advanced Study
in History
Aligarh Muslim University
Aligarh.



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.



*© Indira Gandhi National Open University.*

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

## અનુવાદ :


ડૉ. પી. જી. કોરાટ (M.A., Ph.D.)
પ્રાધ્યાપક,
ઇતિહાસ વિભાગ,
ભાવનગર યુનિવર્સિટી,
ભાવનગર


## પરામર્શ (વિષય) :


ડૉ. કે. સી. બારોટ (M.A., LL.B., M.Phil., Ph.D.)
અધ્યાપક, ઇતિહાસ વિભાગ,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ
નવરંગપુરા, અમદાવાદ

ડૉ. એમ. એલ. પઢિયાર (M.A., Ph.D.)
અધ્યાપક,
ઇતિહાસ વિભાગ,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ
નવરંગપુરા, અમદાવાદ


## પરામર્શ (ભાષા) :


ડૉ. એમ. એલ. પઢિયાર
ડૉ. કે. સી. બારોટ



પ્રકાશક
કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
"જ્યોતિર્મય" પરિસર, શ્રી બાલાજી મંદિર સામે, સરખેજ-ગાંધીનગર હાઈ-વે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧


શ્ર સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 6 દિલ્હી સલ્તનતની અર્થવ્યવસ્થા (Economy of Delhi Sultanate)

વિભાગ 4 અને 5માં દિલ્હી સલ્તનતના રાજકીય અને વહીવટી ઇતિહાસની જાણકારી મેળવી. આ વિભાગમાં સલ્તનત કાળની અર્થવ્યવસ્થાનો અભ્યાસ કરીશું. વિભાગ 5માં જે બાબતોનો અભ્યાસ કર્યો તેમાંથી કેટલીક બાબતોનો આ વિભાગ 6માં એક નવા જ અભિગમ સાથે પુનઃ અભ્યાસ કરીશું.

એકમ 19માં 'રાજ્ય અને અર્થવ્યવસ્થા' એ શીર્ષક તળે રાજ્યની આવકનાં સાધનો અને તેની વિતરણ પદ્ધતિનું વર્ણન કરવામાં આવશે. અહીં ઇકતા અને ખાલિસા સંસ્થાઓ અંગે નવો પ્રકાશ પાડવામાં આવ્યો છે. જમીન અનુદાનોનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. પ્રારંભનો ભાગ રાજ્યની આવક તેમ જ તેની વસૂલાત અંગે પ્રકાશ પાડે છે. તેમાં સુલતાન અલાઉદ્દીન ખિલજી અને મુહમ્મદ તુઘલકની ખેતીવાડી સંબંધી નીતિનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અન્ય ભાગોમાં અલાઉદ્દીન ખિલજીના બજારનિયંત્રણ અને ભાવનિયંત્રણ, મુદ્રા વ્યવસ્થા, મુહમ્મદ તુઘલકનું પ્રતીક ચલણ, ગુલામી પ્રથા અને ગુલામોના વ્યાપાર અંગે પ્રકાશ પાડવામાં આવ્યો છે.

એકમ 20માં ખેતીની સંરચના, ખેતઉત્પાદન, સિંચાઈ અને તેનો પ્રભાવ તેમ જ ખેતીવાડીના સંદર્ભે ફરી એક વાર વિશેષ અધ્યયન તમે કરશો.

એકમ 21માં શહેરી અર્થવ્યવસ્થા અને વેપાર-વાણિજ્યની વિગતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. અહીં શહેરો, તેનું ઉત્પાદન તથા ઉત્પાદનના સંગઠન અને વિકાસની વિસ્તૃત જાણકારી આપવામાં આવી છે.

આ એકમના અન્ય વિભાગમાં આંતરદેશીય વેપાર, જળ અને સ્થળ માર્ગે થતો. વિદેશી વ્યાપાર તથા માલસામાન લાવવા-લઈ જવા માટે પરિવહન માટેનાં સાધનોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ એકમના જ એક ભાગમાં જુદા જુદા વેપારી વર્ગો અને તેનાં કાર્યો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ વિભાગના છેલ્લા 22મા એકમમાં દિલ્હી સલ્તનતમાં પ્રચલિત પ્રૌદ્યોગિક વિજ્ઞાન અને કારીગરી. સ્વદેશી અને વિદેશી-એમ બંનેથી તમને પરિચિત કરાવવામાં આવશે. અહીં કેટલાંક વિશિષ્ટ ક્ષેત્રો જેવાં કે ખેતી, કાપડ ઉદ્યોગ, મકાનનિર્માણ, કાગળ ઉદ્યોગ, કાચ ઉત્પાદન, વહાણ ઉદ્યોગ, લશ્કરી સરંજામ ઉત્પાદન, દારૂ ગાળવાનો ઉદ્યોગ વગેરેને ખાસ અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા છે.

# એકમ 19 રાજ્ય અને અર્થવ્યવસ્થા (State and Economy)

રૂપરેખા

19.1 પ્રાસ્તાવિક
19.2 મહેસૂલી સાધનોની વહેંચણી
19.2.1 ઇક્તા અને ખાલિસા
19.2.2 ઇક્તા વ્યવસ્થાનું સંચાલન
19.2.3 જમીન અનુદાન
19.3 જમીન મહેસૂલ તથા તેની વસૂલાત
19.3.1 અલાઉદ્દીન ખિલજીની કૃષિ નીતિ
19.3.2 મુહમ્મદ તુઘલકની કૃષિ નીતિ
19.4 અલાઉદ્દીન ખિલજીનું બજાર નિયંત્રણ
19.5 ચલણ વ્યવસ્થા
19.6 ગુલામી પ્રથા તથા ગુલામોનો વ્યાપાર
19.7 સારાંશ
19.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
19.9 ચાવીરૂપ શબ્દો

## 19.1 પ્રાસ્તાવિક

મુહમ્મદ ઘોરીના વિજય પછી દિલ્હી સલ્તનતની સ્થાપનાને પરિણામે ભારતીય અર્થવ્યવસ્થા પર પડેલા પ્રભાવ અને સલ્તનત કાળ દરમિયાન આર્થિક ક્ષેત્રે આવેલાં પરિવર્તનો ઉપર અત્રે પ્રકાશ પાડવામાં આવ્યો છે.

ઈ.સ. 1206માં દિલ્હી સલ્તનતની સ્થાપના થતાં રાજકીય વ્યવસ્થામાં આવેલાં પરિવર્તનોની સાથે આર્થિક ક્ષેત્રે પણ પરિવર્તનો આવ્યાં. વિજેતાઓની કર-વસૂલાત તથા વિતરણ અને ચલણ વ્યવસ્થા અંગે સુસ્પષ્ટ ધારણાઓ તથા કાર્યપદ્ધતિઓ હતી. પરંતુ આ સમયે અમલમાં રહેલ વ્યવસ્થામાં સર્વાંગી પરિવર્તન લાવવું શક્ય ન હતું. શરૂઆતમાં નવી માન્યતાઓ અને યોજનાઓને જૂની વ્યવસ્થાઓ પર ગોઠવી દેવામાં આવી. સમય જતાં જુદા જુદા સુલતાનો દ્વારા 15મી સદીના અંત સુધીમાં તેમાં અનેક સુધારાવધારા અને ફેરફારો કરવામાં આવ્યા.

મોહમ્મદ હબીબના મત મુજબ, દિલ્હી સલ્તનતની સ્થાપનાને પરિણામે થયેલાં આર્થિક પરિવર્તનોએ એક નવી જ વ્યવસ્થાને જન્મ આપ્યો, જે અગાઉની વ્યવસ્થા કરતાં વધુ સારી હતી. તેના મતે પરિવર્તનો એટલાં મહત્ત્વપૂર્ણ હતાં કે તેને 'શહેરી ક્રાંતિ' અને 'ગ્રામીણ ક્રાંતિ' જેવા શબ્દપ્રયોગો દ્વારા બિરદાવવામાં આવે છે. ડી. ડી. કૌસામ્બીના મતે ''નવા પ્રૌદ્યોગિક વિજ્ઞાનને સ્વીકારી તેનો ફેલાવો કરવાની 'માંદલી મનોદશા'ને મુસ્લિમ આક્રમણો દ્વારા નષ્ટ કરવાનું શ્રેય તો દીધું, પરંતુ તેમણે પરિવર્તનોને ભારતીય 'સામન્તશાહી'માં પ્રથમ જ ઉપસ્થિત એવાં ઉગ્ર તત્ત્વોથી વિશેષ કંઈ પ્રાપ્ત થયું નહીં.''

દિલ્હી સલ્તનતકાળની આર્થિક સંસ્થાઓ અને પરિવર્તનોના અભ્યાસની સાથે

(1) જમીન મહેસૂલનું સ્વરૂપ અને તેની વસૂલાત માટેની વિવિધ પ્રવૃત્તિઓ

(2) રાજ્યની આવકનાં સાધનોની વિતરણ વ્યવસ્થા

(3) અલાઉદ્દીન ખિલજીના ભાવનિયંત્રણ અંગેના ઉપાયો

(4) શહેરી અર્થવ્યવસ્થામાં ગુલામોનો ઉપયોગ અને ગુલામી પ્રથાનું મૂળ અને

(5) અર્થવ્યવસ્થામાં ચલણ પ્રથાનો વધતો ઉપયોગ અને ચલણ વ્યવસ્થા વગેરેની જાણકારી પણ મળી રહેશે.

## 19.2 મહેસૂલી સાધનોની વહેંચણી (Distribution of Revenue Resources)

13મી સદી દરમિયાન ભારતના એક વિશાળ પ્રાદેશિક વિસ્તાર ઉપર દિલ્હીના સુલતાનોનું નિયંત્રણ સ્થાપિત થઈ ગયું. પ્રારંભિક તબક્કે, નવા જિતાયેલા પ્રદેશો સેનાનાયકોને વહેંચી દેવામાં આવ્યા. જે પોતાના તેમ જ પોતાના તાબા તળેના લશ્કરના નિભાવ માટે લૂંટ કે પછી પરાજિત અથવા તો અધીન એવા ગ્રામીણ ઉચ્ચ વર્ગ પાસેથી મળતી ભેટસોગાદો પર નિર્ભર હતા. અગાઉના શાસકના સમયથી તદ્દન ઊલટું અહીં સૈનિકોને રોકડમાં વેતન મળતું હતું.

જમીન કર અથવા 'ખરાજ' આપવાનો ઇન્કાર કરનાર પ્રાદેશિક વિસ્તારોને 'મવાસ' કહેવામાં આવતા હતા, જેને લૂંટવામાં આવતા અથવા તો લશ્કરી કાર્યવાહી કરીને કર આપવા ફરજ પાડવામાં આવતી હતી. તેઓએ ધીરે ધીરે મહેસૂલની વસૂલાત તથા વિતરણની કાર્યપદ્ધતિ એકસાથે પ્રસ્થાપિત કરી.

### 19.2.1 ઇકતા અને ખાલિસા

નવા શાસકોએ 'ઇકતા' વ્યવસ્થા કાયમ કરી. તેમાં રાજકીય સંરચના માટેની એકતાને કોઈ પણ પ્રકારની હાનિ કે નુકસાન પહોંચાડ્યા વગર મહેસૂલી સંગ્રહ અને વિતરણ-આ બંને કાર્યોને જોડી દેવામાં આવ્યાં હતાં. ઇકતા એ એક પ્રકારનું જમીન અનુદાન હતું, તે મેળવનાર અધિકારી 'મુક્તી' કે 'વલી' કહેવાતો હતો. 11મી સદીના સેલ્જુક રાજનીતિજ્ઞ નિઝામ-ઉલ-મુલ્ક તુસી ઇકતા વ્યવસ્થાની એક આદર્શ વ્યાખ્યા આપતાં જણાવે છે કે ''ઇકતા એક પ્રકારનો મહેસૂલ સંબંધી કાર્યભાર હતો, જે મુક્તી ને સુલતાનની ઇચ્છાનુસાર મળતો હતો.'' મુક્તી સુલતાનને આપવા પાત્ર જમીન મહેસૂલ અને અન્ય કરવેરા યોગ્ય રીતે મેળવવા હકદાર હતો. પરંતુ તેનો ખેડૂતો માટે કામ કરનારાઓ, સ્ત્રીઓ, બાળકો તેમ જ તેની અન્ય કોઈ જાયદાદ પર કોઈ અધિકાર ન હતો. મુક્તીની સુલતાન પ્રત્યે કેટલીક જવાબદારીઓ હતી, જેમાં મુખ્યત્વે લશ્કરી ટુકડીઓની જાળવણી કરવી તેમ જ જરૂર પડ્યે તેને સુલતાન માટે હાજર કરવાની હતી. ઇક્તા એક સ્થળાંતરણીય જવાબદારી હતી અને ઇકતાઓના સ્થળાંતરની પ્રથા અમલમાં હતી.

**ખાલિસા**

જે પ્રદેશોમાંથી મહેસૂલ સીધું જ સુલતાનના અંગત ખજાના માટે વસૂલ કરવામાં આવતું હતું તેને 'ખાલિસા' કહેવાતું. સુલતાન અલાઉદ્દીન ખિલજીના શાસનકાળમાં ખાલિસા પ્રદેશોમાં ઠીક ઠીક પ્રમાણમાં વધારો થયો હતો. પરંતુ ખાલિસાએ સમગ્ર રાજ્યમાં ફેલાયેલા પ્રદેશો ન હતા. દિલ્હી અને તેની સાથે જોડાયેલા જિલ્લાઓ તથા દોઆબનો ભાગ ખાલિસા તળે આવતો હતો. સુલતાન ઇલ્તુત્મિશના શાસનકાળમાં તબરહિંદ (ભટિંડા) પણ ખાલિસા અંતર્ગત હતો. અલાઉદ્દીન ખિલજીની અધીનતામાં સંપૂર્ણ મધ્ય દોઆબ અને રોહિલાખંડનો કેટલોક ભાગ ખાલિસા તળે આવી ગયા હતા. પરંતુ સંભવતઃ ફિરોઝ તુઘલકના સમયમાં ખાલિસાના ક્ષેત્રફળમાં નોંધપાત્ર ઘટાડો થયો.

સુલતાન ઇલ્તુત્મિશ (ઈ.સ. 1210-1236) દ્વારા સુલતાનની ફોજ (હશ્મ-એ-કલ્બ)ના સૈનિકોને વેતનના સ્થાને દોઆબ વિસ્તાર માં 'નાના ઇકતા' આપવામાં આવ્યા હતા. બલ્બને (ઈ.સ. 1266-86) તેના પુનઃ સ્વીકાર કરવાના ઉદ્દેશથી એક ઉત્સાહહીન અસફળ પ્રયાસ કર્યો. અલાઉદ્દીન ખિલજી (ઈ.સ. 1296-1316) એ જ સૈનિકોને રોકડમાં વેતન આપવાની પ્રથાને દૃઢતાપૂર્વક સ્થાપિત કરી. આ પ્રથાને પુનઃ ફિરોઝ તુઘલક (ઈ.સ. 1351-1388) દ્વારા બદલવામાં આવી. ફિરોઝ તુઘલકે સૈનિકોને તેના વેતનના સ્થાને ગામડાંઓ આપવાની પ્રથાનો પ્રારંભ કર્યો, જેને 'વજહ' અને તેના માલિકને 'વજહદાર' કહેવામાં આવતાં હતાં. આ રીતે ગામડાંઓ આપવાની પ્રથા માત્ર સ્થાયી જ નહીં બલ્કે વંશ-પરંપરાગત સ્વરૂપની હતી. અત્રે એ બાબતની નોંધ લેવી રહી કે આ પ્રથાએ તુઘલકવંશના પતનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

### 19.2.2 ઇકતા વ્યવસ્થાનું સંચાલન

વિભાગ 5માં ઇકતા વ્યવસ્થા અંગે કેટલીક બાબતો અંગે જોઈ ગયા. અહીં તેનાં અન્ય કેટલાંક વિશિષ્ટ પાસાંઓનો અભ્યાસ કરીશું. ઈ.સ. 1206માં દિલ્હી સલ્તનતની સ્થાપના થઈ. આ પછીનાં પ્રારંભિક વર્ષોમાં આ સોંપાયેલી જમીનની મહેસૂલી આવક અંગે કે તેના માલિકના સૈન્યદળની સંખ્યા અંગે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. આમ છતાં બલ્બન દ્વારા કેન્દ્રીય નિયંત્રણની દિશામાં કેટલાક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. બલ્બને પ્રત્યેક મુક્તીની સાથે એક 'ખ્વાજા' એટલે કે હિસાબનીસની નિમણૂક કરી હતી. આનો અર્થ એ થયો કે રાજસત્તા દ્વારા પ્રત્યેક ઇકતાની વાસ્તવિક આવક અને તેના વડા મુક્તી દ્વારા થતા ખર્ચનો હિસાબકિતાબ રાખવાનો પ્રયાસ થઈ રહ્યો હતો.

ઇકતા વ્યવસ્થામાં પ્રભાવશાળી પરિવર્તન સુલતાન અલાઉદ્દીન ખિલજીના શાસનકાળમાં થયું. કેન્દ્રના નાણાં વિભાગે (દીવાન-એ-વિજારત) સંભવતઃ પ્રત્યેક ઇકતા દ્વારા પ્રાપ્ત થનાર અનુમાનિત મહેસૂલી આવકનો અંદાજ કાઢ્યો. હિસાબકિતાબનું પરીક્ષણ સખત હતું, દંડની જોગવાઈઓ કડક હતી, ફેરબદલી વારંવાર થતી હતી અને ગમે તે બહાને ઇકતાની અંદાજી આવકમાં વારંવાર વધારો (tausir) કરવામાં આવતો હતો.

ગ્યાસુદ્દીન તુઘલકે (ઈ.સ. 1320-25) ઉદાર નીતિ અપનાવી કેન્દ્રના નાણાં ખાતા દ્વારા મહેસૂલી આવકમાં વધારો કર્યો, જે એક વર્ષ માટે $\frac{1}{10}$ કે $\frac{1}{11}$ ભાગથી વધે નહીં એવું નક્કી કર્યું. મુકતીઓને પોતાનાં સ્વીકારાયેલાં મહેનતાણાં ઉપરાંત $\frac{1}{10}$ થી $\frac{1}{20}$ મા ભાગ સુધીની આવક પોતાની પાસે રાખવાનો અધિકાર આપવામાં આવ્યો.

મુહમ્મદ તુઘલક (ઈ.સ. 1325-1351)ના શાસનકાળમાં કેન્દ્રનો હસ્તક્ષેપ પરાકાષ્ઠાએ પહોંચ્યો. કેટલાક કિસ્સાઓમાં એક જ પ્રદેશ માટે એક 'વલી' અને એક 'અમીર'ની નિયુક્તિ કરવામાં આવી. વલીનું કાર્ય મહેસૂલ એકઠું કરી, તેમાંથી પોતાના વેતનનો હિસ્સો રાખી બાકીનો હિસ્સો રાજકોષમાં મોકલી આપવાનું હતું. અમીર કે સેનાનાયકનો મહેસૂલ વસૂલાત સાથે કોઈ સંબંધ ન હતો. જે પોતાનું અને પોતાના હાથ નીચેના સૈનિકોનું વેતન સંભવતઃ સ્થાનીય કોષમાંથી મેળવતા હતા. વિભાગ 5 માં જોઈ ગયા મુજબ, મુહમ્મદ તુઘલકના શાસનકાળમાં ઇકતા ધારકોને રાજકોષમાંથી રોકડ ચુકવણું કરવામાં આવતું હતું. આમ થતાં સેનાનાયકોમાં અસંતોષ ફેલાયો અને સુલતાન મુહમ્મદ તુઘલક માટે રાજકીય સમસ્યાઓ ઊભી થઈ હતી. ત્યાર પછીના સુલતાન ફિરોઝ તુઘલકે તેમાં કેટલીક છૂટછાટો આપવાનો નિર્ણય કર્યો. તેણે સરદારોના રોકડ વેતનમાં વધારો કર્યો તથા મહેસૂલનું નવું જ માળખું તૈયાર કર્યું, જે 'જમા' (Jama) કહેવાયું.

ફિરોઝ તુઘલકના ઉત્તરાધિકારીઓ દ્વારા કેન્દ્રીય નિયંત્રણને પુનઃ સ્થાપિત કરવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નહીં. લોદી શાસકો (ઈ.સ. 1451-1526)ના શાસનકાળ દરમિયાન વહીવટી અને મહેસૂલી બાબતોને એકીસાથે જોડી દેવામાં આવી. જેને ઇકતાને બદલે 'સરકાર' અને 'પરગણા' જેવાં નામો આપવામાં આવ્યાં. સુલતાન સિકંદર લોદી (ઈ.સ. 1489-1517)ના શાસનકાળમાં ઉપ-ફાળવણીની વ્યવસ્થા પ્રચલિત બની મુખ્ય ઇકતાધારકો પોતાના ઇકતાના કેટલાક ભાગોને પોતાના સહાયકોને તબદીલ કરતા હતા, જે પાછળથી પોતાના સૈનિકોને સોંપતા હતા.

## 19.2.3 જમીન અનુદાન

ધાર્મિક વ્યક્તિઓ અને સંસ્થાઓ જેમ કે, દરગાહો, મસ્જિદો, મદ્રેસાઓ તેમ જ શાસક વર્ગ પર આશ્રિત અન્ય સ્થાનો વગેરેની દેખભાળ મહેસૂલી આવકનાં અનુદાનો દ્વારા થતી હતી. આ મહેસૂલી અનુદાન મિલ્ક, 'ઇદરાર' અને 'ઇનામ' કહેવાતા હતા. સામાન્ય રીતે આ પ્રકારનાં અનુદાનો પરત લેવામાં આવતાં નહીં કે ન તો હસ્તાંતરિત કરવામાં આવતાં હતાં. આમ છતાં સુલતાનને આ પ્રકારનાં અનુદાનો રદ કરવાનો અધિકાર હતો. એવું કહેવાય છે કે ખિલજી સુલતાન અલાઉદ્દીને લગભગ તમામ અનુદાનોને સ્થગિત કરી દીધાં હતાં. ગ્યાસુદ્દીન તુઘલક દ્વારા પણ મોટી સંખ્યામાં અનુદાનો રદ કરવામાં આવ્યાં હતાં. પરંતુ સુલતાન ફિરોઝ તુઘલક દ્વારા આ નીતિ બદલીને અગાઉ શરૂ થયેલાં તમામ અનુદાનોને પુનઃ ચાલુ કરવામાં આવ્યાં એટલું જ નહિ બલ્કે કેટલાંક નવાં અનુદાનો પણ સ્વીકૃત કે માન્ય કરવામાં આવ્યાં હતાં. સુલતાનની આ પ્રકારની ઉદારતા છતાં અનુદાનો માટેનો કુલ ફાળો કુલ અનુમાનિત મહેસૂલી આવકનો લગભગ $\frac{1}{20}$મો ભાગ થતો હતો. અમીર-ઉમરાવો પણ પોતાના ઇકતાઓમાંથી મહેસૂલી અનુદાન પ્રદાન કરતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સુલતાન આ અનુદાન માત્ર 'ખાલિસા' જ નહીં પરંતુ 'ઇકતા' પ્રદેશોમાં પણ પ્રદાન કરતા હતા. આ અનુદાનોમાં ખેતી કરવામાં આવતી તથા સાથોસાથ ખેતીને લાયક જમીન જ્યાં પેદાશ લેવામાં ન આવતી હોય, તેનો પણ સમાવેશ થતો હતો.

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. ઇકતા વ્યવસ્થાનો અર્થ સ્પષ્ટ કરો. (70 શબ્દો લખો.)

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

   ..............................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

2. સુલતાન મુહમ્મદ તુઘલક દ્વારા ઇકતા વ્યવસ્થામાં કયા કયા ફેરફારો કરવામાં આવ્યા હતા ? (8 લીટીઓમાં જવાબ આપો.)

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

3. સુલતાન ફિરોઝ તુઘલક દ્વારા ઇકતા વ્યવસ્થામાં કેવા ફેરફાર કરવામાં આવ્યા ? (પાંચ વાક્યોમાં પ્રત્યુત્તર લખો.)

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

4. નીચેના પ્રત્યેક માટે એક એક વાક્યમાં કારણ આપો :

(i) ઈ.સ. 1206માં ભારતમાં નોંધપાત્ર રાજકીય તથા આર્થિક ફેરફારો થયા.

..................................................................................................................

(ii) ઇકતા પદ્ધતિ એક વ્યવહારુ રાજકીય અને આર્થિક વ્યવસ્થા હતી.

..................................................................................................................

(iii) ''વજહ'' પ્રથાએ તુઘલક વંશના પતનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

..................................................................................................................

## 19.3 જમીન મહેસૂલ તથા તેની વસૂલાત (Land Revenue and Its Extraction)

દિલ્હી સલ્તનતના નવા શાસકો ઇસ્લામી જમીનકર 'ખરાજ'થી સુપરિચિત હતા. હિંદુઓ પાસેથી ખેડાણ જમીન પર લેવાતા કરને 'ખરાજ' કહેવામાં આવતો. કોઈ મુસ્લિમ હિન્દુની જમીન ખેડતો હોય તો તેની પાસેથી પણ આ કર વસુલ કરવામાં આવતો. તેથી બિનમુસ્લિમ કોઈ મુસ્લિમને પોતાની જમીન ખેડવા આપીને આ કરમાંથી છટકી શકે નહીં. એક અભિપ્રાય એ પણ છે કે 'ખરાજ' એ જમીન પર થતી પેદાશ કે ઉત્પાદનનો એક ભાગ હતો, નહીં કે જમીન પરનું ભાડું. 13મી સદી દરમિયાન ખરાજે લગભગ ભેટનું સ્વરૂપ ધારણ કરી લીધું. તેની વસૂલાત એક જ હપતામાં પહેલાના શાસનના માલિકો દ્વારા કરવામાં આવતી હતી: જેની સાથે સલ્તનતના નવા શાસક વર્ગે એક સમજૂતી કરી લીધી હતી. બીજી બાજુ સલ્તનતની આજ્ઞા ન માનનાર પ્રદેશો (મવાસ) જ્યાં આ પ્રકારની સમજૂતી શક્ય ન હતી ત્યાંથી લૂંટફાટ અને યુદ્ધો દ્વારા વસૂલાત કરવામાં આવતી હતી. આ વસૂલાત ઘણું કરીને પશુઓ અને ગુલામોના રૂપમાં કરવામાં આવતી હતી. દિલ્હી સલ્તનતનાં સાધનો એવો કોઈ સંકેત આપતાં નથી કે સુલતાન અલાઉદ્દીન ખિલજીના શાસનકાળ પહેલાં 'ખરાજ' નિર્ધારિત અને તેની વસૂલાતને વ્યવસ્થિત કરવાનો કોઈ ગંભીર પ્રયાસ કરવામાં આવ્યો હોય.

### 19.3.1 અલાઉદ્દીન ખિલજીની કૃષિ નીતિ (Agrarian Measures of Alauddin Khalji)

અલાઉદ્દીન ખિલજીની કૃષિનીતિ અંગે વિભાગ 5માં અભ્યાસ કરી ગયા. અલાઉદ્દીન ખિલજીનો એ

પ્રયાસ રહ્યો હતો કે રાજ્ય તરફથી મહેસૂલની માગણી વધારીને આવકને વધારવામાં આવે તેમ જ સીધી વસૂલાત કરીને વચેટિયાઓને મળનાર નફાને સમાપ્ત કરી શકાય.

રાજ્યની માંગ અનાજના રૂપમાં નક્કી કરવામાં આવતી હતી, પરંતુ વસૂલાત સામાન્ય રીતે રોકડમાં થતી હતી. ઝિયાઉદ્દીન બર્નીના વિવરણ પરથી જાણી શકાય છે કે મહેસૂલ એકત્ર કરનારાઓને મહેસૂલની વસૂલાત એવી કડકાઈથી કરવાનો આદેશ આપવામાં આવતો કે ખેડૂત પોતાની ઊપજને ખળામાં જ વેચવા માટે વિવશ બની જતો હતો. એક અન્ય જગ્યાએ બર્ની જણાવે છે કે સુલતાન અલાઉદ્દીન ખિલજીએ દોઆબના અતિ ફળદ્રૂપ પ્રદેશને 'ખાલિસા'માં દાખલ કરી ત્યાંથી પ્રાપ્ત થયેલ મહેસૂલને સૈનિકોને રોકડમાં વેતન આપવા અર્થે ઉપયોગ કર્યો. આ સાથે આ જ તવારીખકારનું એક વિરોધાભાસી વિવરણ જણાવે છે કે સુલતાન અલાઉદ્દીને ખેડૂતોને રોકડને બદલે અનાજના રૂપમાં મહેસૂલ ભરવા આદેશ આપ્યો હતો. ઇરફાન હબીબના મતે આ બાબતનો સંબંધ દોઆદમાં 'ખાલિસા'ના માત્ર કેટલાક વિસ્તારો પૂરતો મર્યાદિત રહ્યો હતો. સુલતાનને પોતાના અનાજના ભંડારો માટે ત્યાંથી આપૂર્તિની આવશ્યકતા હતી. અન્યથા મહેસૂલી વસૂલાત સામાન્ય રીતે રોકડમાં થતી હતી.

આ નવી નીતિએ ગ્રામ વિસ્તારના વચેટિયાઓને કેવી રીતે પ્રભાવિત કર્યા, એ અંગે એકમ 20માં અભ્યાસ કરીશું.

અલાઉદ્દીન ખિલજી દ્વારા શરૂ કરવામાં આવેલ આ પ્રણાલિકા એક લાંબા સમય સુધી ચાલુ રહી હતી. અલબત્ત તુઘલક સુલતાન ગ્યાસુદ્દીન તુઘલકે (1320-1325) તેમાં કેટલેક અંશે ફેરફારો કર્યા હતા અને 'ખોત' અને મુકાદમોને પોતાની ઊપજ અને પશુઓ પરના કરમાંથી મુક્ત કર્યા. પરંતુ તેણે પોતાના ખેડૂતો પર કોઈ પ્રકારના ઉપકર નાખવાની મંજૂરી આપી નહીં.

## 19.3.2 મુહમ્મદ તુઘલકની કૃષિ નીતિ (Agrarian Measures of Muhammad Tughluq)

શાસનના પ્રારંભે મુહમ્મદ તુઘલક અલાઉદ્દીન ખિલજીની જમીન-માપણી પદ્ધતિ પર આધારિત મહેસૂલી નીતિ ગુજરાત, માળવા, બંગાળ અને દક્ષિણ ભારતમાં લાગુ પાડી હતી. પરંતુ પાછળથી તેણે જમીન મહેસૂલમાં મોટો વધારો કર્યો. અલબત્ત, ''આ વધારો દસ કે વીસ ગણો વધારે હતો''- એ ચોક્કસ અતિશયોક્તિપૂર્ણ છે. પરંતુ એક વસ્તુ સ્પષ્ટ છે કે આ વધારો ખૂબ જ મોટી માત્રામાં કરવામાં આવ્યો હતો. ઝીયાઉદ્દીન બર્નીનું કહેવું છે કે આ ઉપરાંત નવા કર (abwab) પણ નાખવામાં આવ્યા. અન્ય કર-વેરા જેવા કે ખરાજ, ચરાઈવેરો અને ઘરવેરો પણ અત્યંત સખ્તાઈપૂર્વક વસૂલ કરવામાં આવતો. યાહ્યાના મતે પશુઓને 'દાગ' લગાડવામાં આવ્યા અને ઘરોની ગણતરી કરવામાં આવી, જેથી કોઈ વ્યક્તિ કરચોરી કરી શકે નહીં. આ ઉપાયો કરતાં પણ વધારે મહત્ત્વની વાત તો એ હતી કે 'ખરાજ'ની આકરણી માટે 'વફા-એ-ફરમાની' (રાજ્ય દ્વારા નક્કી કરાયેલ ઊપજ) અને 'નિર્ખ-એ-ફરમાની' (રાજ્ય દ્વારા જાહેર કરાયેલ કિંમત)ને આધારરૂપ ગણવામાં આવ્યાં. આ પરથી સ્પષ્ટ થાય છે કે મહેસૂલની ગણતરી સમયે ઊપજ અને કિંમત માટેના જે આંકડાઓનો ઉપયોગ કર્યો તે વાસ્તવિક ન હતાં.

આ પરથી સરળતાથી એક એવું તારણ કાઢી શકાય કે ઊપજ અને કિંમત-ઉત્પાદન અને મૂલ્યનું સરકારી નિર્ધારણ-આકરણી-ચોક્કસપણે વધારવામાં આવ્યું હતું. વાસ્તવિક ઊપજને બદલે વધેલ ઊપજનો પ્રયોગ અને બજારમાં ચાલી રહેલ કિંમતથી ક્યાંય વધારે કિંમતોના વપરાશ, ઉત્પાદનની કિંમત તથા રાજ્યની ભાગીદારીમાં વૃદ્ધિ અત્યંત દુઃખપૂર્ણ હતી. રાજભાગમાં આ માંગને લીધે ખેડાણ યોગ્ય જમીન ઓછી થતી ગઈ. ખેડૂતો પલાયનવાદી બન્યા. દોઆબ અને દિલ્હીની આજુબાજુ વિશાળ પાયે ખેડૂતોનાં આંદોલન થયાં તેથી દિલ્હીને મળતો અનાજ પુરવઠો બંધ થઈ ગયો. અને લગભગ 7 વર્ષ સુધી (1335-1342) દુષ્કાળની ચોટ સહેવી પડી.

મુહમ્મદ તુઘલક એવો પહેલો સુલતાન હતો કે જેણે આ સમસ્યાઓનો સામનો કરતાં કરતાં ખેતીને પ્રોત્સાહન આપવા એક કૃષિ વિષયક નીતિ નિર્ધારિત કરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે બિન-ખેડવાણ જમીનને સુધારવા તથા સિંચાઈ માટે કૂવા ગાળવા જેવાં કાર્યો માટે 'સોનઘર' નામના કૃષિ-ઋણનો પ્રારંભ કર્યો. ઝિયાઉદ્દીન બર્નીના મતે 1346-47 સુધી 70 લાખ ટંકા (અફીફના મતે 2 કરોડ ટંકા) સોનઘર યોજના તળે વિતરણ કરવામાં આવ્યા હતા, પરંતુ ખેડૂતોને ભાગ્યે જ તેનો કોઈક અંશ મળ્યો હશે !

સુલતાન મુહમ્મદ તુઘલક તીવ્ર બુદ્ધિશાળી અને તેના યુગથી આગળ હતો, તેનો પુરાવો તેણે આધુનિક યુગની જેમ ખેતીવાડીના વિકાસ માટે ખેતીવાડી ખાતાની સ્થાપના અને 'ફાર્મ'ની જે

યોજના કરી હતી, તેમાં મળી રહે છે. તેને 'દીવાન-એ-કોહી' એવું નામ આપવામા આવ્યુ. તના બે મુખ્ય કાર્યોમાં એક, બિનખેડવાણવાળી જમીનને ખેડવા માટેનું ઉત્તેજન આપવું અને બીજું, પાકની ફેરબદલી કરીને વધુ પાક મેળવવા પ્રયત્ન કરવો. આ યોજના હેઠળ 96 ચોરસ કિલોમીટરના વિસ્તારવાળી જમીનને પસંદ કરવામાં આવી. અમલદારો અને રક્ષકોની નિમણૂક કરવામાં આવી. બે વરસના ગાળામાં રાજ્ય તરફથી આ યોજના પાછળ રૂા. 70 લાખથી પણ વધુ રકમનો ખર્ચ કરવામાં આવ્યો.

સુલતાન પોતાની ખેતીવાડી યોજનાના અમલીકરણ માટે એટલો દઢ નિશ્ચિયી હતો કે એક ધર્મગુરુને 'રોકડમાં ઋણ ચૂકવીને અનાજના રૂપમાં વ્યાજ મેળવવું એ એક પ્રકારનું પાપ છે'-એવું કહેવા માટે તેને ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યો હતો. આમ છતાં ઝિયાઉદ્દીન બર્નીનું માનવું છે કે આ બધા જ ઉપાયો લગભગ સંપૂર્ણપણે અસફળ નીવડ્યા. માત્ર ત્રણ જ વર્ષમાં આ પ્રયોગ પડતો મૂકવામાં આવ્યો. ડૉ. એ. એલ. શ્રીવાસ્તવ નોંધે છે કે ''દેશના મહેસૂલી વહીવટના ઇતિહાસમાં જેને સૌથી શ્રેષ્ઠ પ્રયોગોમાંનો એક ગણાવી શકાય એવા પ્રયોગને આમ પડતો મુકાયો.''

ફિરોઝ તુઘલકે (ઈ.સ. 1351-1388) આ નીતિનો ત્યાગ કર્યો અને રાજ્યની મહેસૂલ નીતિમાં નોંધપાત્ર સુધારા કર્યા. તેણે ખેતી પરના ઉપકરોને સમાપ્ત કરી દીધા. મકાનવેરો અને ગૌચરવેરો વસૂલ કરવા પર પ્રતિબંધ લગાડી દીધો. પરંતુ તેણે 'ખરાજ' વેરાથી જુદો જ બીજો 'જજિયા' વેરો ખેડૂતો પર લાદ્યો. તેણે હાલના હરિયાણા વિસ્તારમાં નહેરો ખોદાવી એક પ્રકારના સિંચાઈ વેરાનો પ્રારંભ કર્યો.

**પછીના સમયગાળા માટે ખૂબ જ ઓછી જાણકારી મળે છે. પરંતુ શાસક જે કોઈ પણ રહ્યા હોય, જમીન મહેસૂલની રોકડ નાણાંના રૂપમાં વસૂલાત કદાચ ઈબ્રાહીમ લોદી (ઈ.સ. 1517-1526)ના સમય સુધી ચાલુ રહી હતી. નાણાંની તંગી અને ખાદ્ય સામગ્રીની કિંમતોમાં ઘટાડો જોતાં તેણે જમીન મહેસૂલને ચીજવસ્તુઓ તથા અનાજના સ્વરૂપમાં પ્રાપ્ત કરવાના આદેશો બહાર પાડ્યા હતા.**

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. સુલતાન અલાઉદ્દીન ખિલજીની જમીન મહેસૂલ પદ્ધતિનું વર્ણન કરો. (70 શબ્દો લખો.)

...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................

2. મુહમ્મદ તુઘલકની ખેતી વિષયક નીતિની ચર્ચા કરો. (7 લીટીઓમાં જવાબ આપો.)

...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................

3. ઇબ્રાહીમ લોદીએ જમીન મહેસૂલ ઉઘરાવવા માટે કેવા આદેશો બહાર પાડ્યા ? (80 શબ્દો લખો.)

...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................
...........................................................................................................

..........................................................................................

..........................................................................................

4. નીચેના પ્રત્યેક વિશે ત્રણ ત્રણ વાક્યો લખો :

(i) ખરાજ

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(ii) ખાલિસા

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(iii) દીવાન-ઇ-કોરી

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 19.4 અલાઉદ્દીન ખિલજીનું બજાર નિયંત્રણ (Alauddin Khalji's Market Control)

અલાઉદ્દીન ખિલજીએ આર્થિક ક્ષેત્રે અનેક મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા, જે તેને એક ઉત્તમ અર્થશાસ્ત્રી તરીકે સાબિત કરે છે. અલાઉદ્દીન ખિલજીની નીતિઓએ માત્ર ગ્રામ અર્થવ્યવસ્થાને જ નહીં બલ્કે શહેરના બજાર નિયંત્રણને પણ પ્રભાવિત કર્યું હતું. તેની ભાવનિયમન અને બજાર નિયંત્રણની નીતિની અનેક ઇતિહાસકારો અને અર્થશાસ્ત્રીઓએ મુક્ત કંઠે પ્રશંસા કરી છે. આથી જ અલાઉદ્દીન ખિલજીને મધ્યકાલીન ભારતના ઇતિહાસમાં રાજનૈતિક અર્થશાસ્ત્રી તરીકે ઓળખવામાં આવે છે. અલાઉદ્દીન ખિલજીની ભાવનિયમન અને બજારો પર નિયંત્રણની નીતિને આ પ્રમાણે વર્ણવી શકાય :

અલાઉદ્દીન ખિલજીએ જીવન જરૂરિયાતની ચીજવસ્તુથી માંડીને મોજશોખ અને વૈભવવિલાસની ચીજવસ્તુઓ સુધીના ભાવો નિર્ધારિત કરી દીધા. આ બધી જ વસ્તુઓના ભાવોની યાદીઓ બહાર પાડવામાં આવી. દા.ત. ખાદ્ય-સામગ્રીના વેચાણ દરો અંગે તત્કાલીન ગ્રંથોમાંથી નીચે મુજબની માહિતી મળે છે :

ખાદ્ય-સામગ્રીના દર

| ક્રમ | વજન | વસ્તુ | કિંમત |
|---|---|---|---|
| 1. | 1 મણ | ઘઉં | 7½ જિતલ |
| 2. | 1 મણ | જવ | 4 જિતલ |
| 3. | 1 મણ | ચોખા | 5 જિતલ |
| 4. | 1 મણ | ચણા | 5 જિતલ |
| 5. | 1 મણ | અડદ | 3 જિતલ |
| 6. | 1 મણ | મીઠું | 2 જિતલ |
| 7. | 1 શેર | ખાંડ | 1½ જિતલ |
| 8. | 2½ શેર | માખણ | 1 જિતલ |
| 9. | 1 શેર | ગોળ | 1 જિતલ |

જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપરાંત શાકભાજી, ફળફળાદિ, તેલ, ટોપી. પગરખાં, દાંતિયાં અને સોય સુદ્ધાંના ભાવો નક્કી કરી આપવામાં આવ્યા. ગુલામો, નોકરો, વેશ્યાઓ, ઘોડા, ખચ્ચર અને ગાય-બકરીના ભાવો પણ બાંધી આપવામાં આવ્યા. દા.ત. એક દાસીના 5થી 22 ટંકા, રખાતના 20થી 40 ટંકા, નોકરના 10થી 15 ટંકા અને રૂપાળા ગુલામના 20થી 30 ટંકાનો ભાવ હતો એ જ રીતે પ્રથમ કક્ષાના ઘોડાના 100થી 200 ટંકા, દ્વિતીય કક્ષાના ઘોડાના 80થી 90 ટંકા અને નીચલી કક્ષાના ઘોડાના 65થી 70 ટંકા હતા. ખચ્ચરોનો 10થી 25 ટંકા ભાવ હતો. ગાયના 3થી 4 ટંકા અને બકરીના 10થી 14 જિતલ હતા. મુસ્લિમ ઇતિહાસકાર ફરિશ્તાના જણાવ્યા મુજબ જિતલ એ તાંબાનો નાનો સિક્કો હતો. પ્રા.

રિઝવીના મંતવ્ય મુજબ એક જિતલ આશરે વર્તમાન 1½ પૈસા બરાબર થાય. જ્યારે ટંકા એ સોના અને ચાંદીના સિક્કાઓ હતા. તેનું વજન એક તોલો અથવા રૂપિયાભાર જેટલું થતું હતું.

સુલતાન અલાઉદ્દીન ખિલજી એ હકીકત બરાબર સમજતો હતો કે જો દુકાનદાર-વેપારીઓને પૂરતા પ્રમાણમાં અને સમયસર વસ્તુઓનો પુરવઠો નહીં મળે તો, તેઓ નિર્ધારિત થયેલી કિંમતે વસ્તુઓ વેચશે નહીં. તે સંઘરાખોરી અને કાળા બજાર પણ કરશે. આથી તેણે પુરવઠો મેળવવાનો અને તે દિલ્હી સુધી પહોંચાડવાનો યોગ્ય પ્રબંધ કર્યો. રાજધાની દિલ્હી ખાતે આ માટે મોટાં ગોદામો ઊભાં કરવામાં આવ્યાં. મુલતાની સોદાગરો અને વેપારીઓને દિલ્હીના આજુબાજુનાં વિસ્તારોમાં વસાવ્યા. પ્રજા પાસેથી મહેસૂલ પણ રોકડ કરતાં અનાજ કે ઊપજના રૂપમાં લેવાનું શરૂ કર્યું.

અલાઉદ્દીન ખિલજીએ વ્યાપારી કે વ્યક્તિગત ધોરણે સંઘરાખોરી કરવાની મનાઈ કરવામાં આવી. દિલ્હીની આસપાસના 160 કિલોમીટરના વિસ્તારમાં કોઈપણ ઉત્પાદક પોતાની પાસે 10 મણ કરતાં વધુ ઘઉં રાખી શકતો નહીં. સરકારની મંજૂરી વગર વસ્તુઓની હેરફેર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. કાળા બજાર અને સંઘરાખોરી પર કડક જાપ્તો રાખવામાં આવ્યો.

ઉત્પાદકે ખપજોગું અનાજ રાખીને બાકીનું સરકારી લાઇસન્સદાર વેપારીને નક્કી કરેલા ભાવે આપી દેવાનું હતું. આ વેપારીઓ જ અનાજની ખરીદી કરી શકતા. મુલતાની સોદાગરો અને અન્ય આબરૂદાર વેપારીઓને રાજ્ય તરફથી દૂર દૂરના પ્રદેશોમાંથી અનાજ લાવવા માટે રાજ્ય દ્વારા લોનો આપવામાં આવતી. અનાજ માટેના નિયત બજારની બહાર કોઈ પણ જાતના સોદાઓ થઈ શકતા નહીં.

ચીજવસ્તુઓની કિંમતો નક્કી કર્યા બાદ, પોતાના ઉપાયોને સફળ બનાવવાના ઉદ્દેશથી સુલતાન અલાઉદ્દીન ખિલજીએ આ નિર્ધારિત કરેલ કિંમતોને બળપૂર્વક લાગુ કરવા માટેની પૂરેપૂરી વ્યવસ્થા કરી. બજાર પર અંકુશ રાખવા માટે સુલતાન અલાઉદ્દીન ખિલજીએ ખાસ સરકારી ખાતાંઓ ઊભાં કર્યાં હતાં, જેના વડા તરીકે 'દીવાન-એ-રિસાયત' અને 'શહના-એ-મંડી' હતાં. સુલતાને દરેક ચીજ-વસ્તુઓ ખરીદવા વેચવા માટે રાજધાનીમાં મંડીઓ(બજાર)ની રચના કરી. આ મંડીઓ પર સરકારી અંકુશ હતો. પ્રત્યેક મંડી માટે એક મુખ્ય અધિકારી 'શહના-એ-મંડી' રહેતો, જે પોતાના દફતરે બધા જ વેપારીઓની વિગતવાર નોંધ રાખતો. લાઇસન્સ લેતી વખતે વેપારીઓ અહીં ડિપૉઝિટ ભરતા, જો સરકારી ધારાધોરણે કે નિયમોનો ભંગ થાય તો આ ડિપૉઝિટ જપ્ત કરવામાં આવતી. જ્યારે બજાર નિયંત્રણનો સૌથી મોટો અધિકારી 'દીવાન-એ-રિસાયત' હતો, જેનું મુખ્ય કાર્ય રાજધાનીની તમામ મંડીઓનું નિરીક્ષણ કરવાનું હતું. દીવાન-એ-રિસાયત અને શહના-એ-મંડીની નીચે બીજા અનેક નાનામોટા અધિકારીઓ કાર્ય કરતા હતા. તેમાં 'બારિદો' (ખુફિયા અધિકારી) અને 'મુનહિયાનો' (ગુપ્તચરો) મુખ્ય હતા. તેઓનું કાર્ય ખૂબ જ મુશ્કેલ હતું. સાધારણ ભૂલ માટે પણ તેમને ભયંકર શિક્ષા કરવામાં આવતી હતી. બર્ની નોંધે છે તેમ 'એક વખત તો ખુદ શહના-એ-મંડીએ અનાજના ભાવોમાં થોડાક સુધારાઓ કરવાનું કહ્યું એટલા ખાતર જ તેને 21 ફટકાની સજા કરવામાં આવી હતી !''

અલાઉદ્દીન ખિલજીની ભાવ નિયમન અને બજાર નિયંત્રણની યોજના અંગે તથા તેની યોગ્યતા વિશે ઇતિહાસકારોમાં ઘણા મતભેદો પ્રવર્તે છે. ડૉ. કે. એસ. લાલ જણાવે છે કે ''ભાવ નિયમનની નીતિ સામ્રાજ્યવાદી આવશ્યકતાનું પરિણામ હતી, એ લોકોના ભલા માટે ન હતી.'' એ જ રીતે ડો. પરમાત્મા સરન જણાવે છે કે ''અલાઉદ્દીન ખિલજીની આર્થિક નીતિ એક ગંભીર અને આવશ્યક રાજનીતિનું પરિણામ હતી.'' સમકાલીન તવારીખકાર ઝિયાઉદ્દીન બર્નીએ અલાઉદ્દીન ખિલજીની ભાવનિયમન અને બજારનિયંત્રણની યોજના અંગે વિગત વાર વર્ણન કર્યું છે. તેમાં તે જણાવે છે કે ''અલ્લાહની મખલૂક (જનતા)ની ભલાઈ માટે'' અલાઉદ્દીને ભાવ નિયમનની યોજના કરેલી અને તેનું મૂલ્યાંકન કરતાં જણાવે છે કે '' તે એક અજાયબી હતી.''

આમ છતાં બજાર નિયંત્રણ લાંબા સમય સુધી ચાલુ રહ્યું ન હતું. અલાઉદ્દીન ખિલજી પછીના શાસકોના સમયમાં તે અંગે કોઈ જાણકારી મળતી નથી. ભાવ નિયમનમાં સફળતા મેળવવા માટે એક અત્યંત કાર્યકુશળ અને સજાગ વહીવટી તંત્રની આવશ્યકતા હતી. આથી આ યોજનાઓ અમલમાં ન રહેવા પાછળનું એક સંભવિત કારણ અલાઉદ્દીન ખિલજી પછીના શાસકોના સમયમાં યોગ્ય વહીવટી તંત્રનો અભાવ કદાચ મહત્ત્વનું જવાબદાર પરિબળ હતું. પરંતુ ઇરફાન હબીબ, અલાઉદ્દીન ખિલજીના ઉત્તરાધિકારીઓ દ્વારા મૂલ્ય નિયંત્રણ કે ભાવનિયમનની નીતિનો ત્યાગ કરવા અંગે જુદા મત વ્યક્ત કરે છે. કારણ કે ઓછી કિંમતોના પ્રચલનનો અર્થ તે પ્રદેશની ઓછી મહેસૂલી આવકની પ્રાપ્તિ એવો થતો હતો. ભાવ નિયમન ઓછી કિંમતોવાળા પ્રદેશો માટે જ સીમિત હોય તે વ્યાવહારિક હતું અને અધિકાંશ ખર્ચ પણ ત્યાં જ કેન્દ્રિત થતો હતો. મંગોલ ભય દૂર થતાં જ સૈન્ય અને ખર્ચને, દિલ્હીની આસપાસ કેન્દ્રિત ન કરતાં તેનું વિકેન્દ્રીકરણ કરવું આવશ્યક થઈ ગયું હતું. આથી હવે રાજકોષનું હિત ભાવ નિયમનને સમાપ્ત કરવામાં જ હતું.

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. અલાઉદ્દીન ખિલજી દ્વારા 'ભાવ નિયમન' લાગુ કરવા માટે કરવામાં આવેલા ઉપાયો વર્ણવો. (90 શબ્દો લખો.)

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ......... ...............................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

2. બજાર અંકુશ માટે અલાઉદ્દીન ખિલજીએ કેવાં પગલાંઓ ભર્યાં. (5 લીટીઓમાં જવાબ આપો.)

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

3. અલાઉદ્દીન ખિલજીના ઉત્તરાધિકારીઓના શાસનકાળમાં બજાર નિયંત્રણની યોજના કેમ સમાપ્ત થઈ ગઈ. (6 વાક્યોમાં પ્રત્યુત્તર લખો.)

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

4. નીચેનાં વાક્યો સામે ખરા ✓ ખોટાં ✗ ની નિશાની કરો :
   (i) અલાઉદ્દીને ભાવ નિયમન સમસ્ત સામ્રાજ્યમાં લાગુ પાડ્યું હતું.
   (ii) અલાઉદ્દીને બજાર ભાવોના નિયમન માટે યોગ્ય વ્યવસ્થા કરી હતી.
   (iii) અલાઉદ્દીન ખિલજીના અનુગામીઓએ ભાવ નિયમનની નીતિનો ત્યાગ કર્યો.
   (iv) શહના-એ-મંડી-ખેતીવાડી ખાતાનો અધિકારી હતો.

## 19.5 ચલણ વ્યવસ્થા (Currency System)

ઈ.સ. 1206માં દિલ્હી સલ્તનતની સ્થાપના થઈ. આ સાથે જ ચલણ અર્થવ્યવસ્થામાં નોંધપાત્ર પ્રગતિ થઈ. ખાસ કરીને 14મી સદીના પૂર્વાર્ધમાં તેમાં વધારો થયો. ચલણ વ્યવસ્થામાં પ્રગતિનો અર્થ સરળ શબ્દોમાં જોઈએ તો 'લેણ-દેણ કે વ્યાપારમાં ચલણનો વધારે ઉપયોગ'-એવો કરી શકાય. દિલ્હી સલ્તનતની સ્થાપના બાદ મોટા પાયા પર સોના, ચાંદી અને તાંબાના સિક્કાઓ બહાર પડવા એ ભારતીય અર્થવ્યવસ્થાના મુદ્રીકરણની એક ધ્યાનાકર્ષક પ્રક્રિયા હતી.

દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વેના સમયમાં સિક્કાઓની, ખાસ કરીને શુદ્ધ ચાંદીના, તંગી રહેતી હતી. પ્રારંભના ઘોરી વિજેતાઓએ ટંકશાળોને અલ્પમાત્રામાં ચાંદીયુક્ત તાંબાના સિક્કાઓ બહાર પાડતા જોઈ. શરૂઆતનાં વર્ષોમાં મુદ્રિત કરવામાં આવનાર સિક્કાઓની સંખ્યામાં વધારો કરવા સિવાય અન્ય કોઈ ફેરફારો કે પરિવર્તન ચલણ વ્યવસ્થામાં કરવામાં આવ્યા નહિ. સિક્કાઓ પર દેવી લક્ષ્મી કે બળદ અને ઘોડેસ્વાર વગેરે પ્રતિકૃતિઓ અંકિત કરવામાં આવતી. હવે વધારામાં તેની ઉપર વિકૃતિ રૂપે નવા શાસકનું નામ નાગરી લિપિમાં કોતરવાનું શરૂ કરવામાં આવ્યું. આ સિક્કાઓને 'દેહલીવાલ' કહેવામાં આવતા હતા.

દિલ્હી સલ્તનતના સૌ પ્રથમ વાર ચોક્કસ ધોરણસરના સિક્કાઓ બહાર પાડવાનું શ્રેય ઇલ્તુત્મિશ (ઈ.સ. 1210-1236)ના ફાળે જાય છે. તેના દ્વારા સ્થાપિત કરવામાં આવેલ ચલણ વ્યવસ્થા તેના મૂળ સ્વરૂપે દિલ્હી સલ્તનતમાં ચાલુ રહી.

ઇલ્તુત્મિશને મુસ્લિમ જગતનાં સર્વોચ્ચ ધાર્મિક વડા ખલિફાએ ઈ.સ. 1228માં સુલતાન તરીકે માન્યતા પ્રદાન કરી તેની ખુશાલીમાં ઇલ્તુત્મિશે ભારતમાં પ્રથમવાર અરબી સિક્કા ચલણમાં મૂક્યા. જેનું વજન 175 ગ્રેઇન હતું, જે 'ટંકા' નામથી ઓળખાતા હતા. આ સિક્કાઓ ઉપર સુલતાન ઇલ્તુત્મિશે 'શક્તિશાળી સુલતાન', 'વિજયી ઇલ્તુત્મિશ' અને 'ધર્મનિષ્ઠોના નાયકોનો સહાયક' એવાં સૂત્રો કોતરાવ્યાં.

ઇલ્તુત્મિશે સોના અને ચાંદીના 'ટંકા' તથા તાંબાના 'જિતલ' સિક્કા ચલણમાં મૂક્યા હતા. સોના તેમ જ ચાંદી વચ્ચે 1:10નું એક ચોક્કસ પ્રમાણ નક્કી કરવામાં આવ્યું હતું.

સલ્તનતની ટંકશાળો દ્વારા સામાન્ય રીતે ત્રણ ધાતુઓના સિક્કા બહાર પાડવામાં આવતા હતા : સોના, ચાંદી અને બિલન (ચાંદીના અલ્પ પ્રમાણયુક્ત તાંબુ) મુખ્ય સિક્કા ટંકા અને જિતલ હતા, પરંતુ કેટલાક નાના સિક્કા પણ ચલણમાં હતા. ઝિયાઉદ્દીન બર્ની 'દાંગ' અને 'દિરમ'નું વર્ણન કરે છે, જે રાજધાની દિલ્હીમાં ચલણમાં હતા. ઉત્તર ભારતમાં નીચે દર્શાવ્યા મુજબ સિક્કાઓ વચ્ચેનું પ્રમાણ હતું :

1 ચાંદીનો ટંકા = 48 જિતલ = 192 દાંગ = 490 દિરમ.

13મી સદી દરમિયાન સિક્કાઓ ઢાળવાનું મુખ્યત્વે બંગાળ દ્વારા મોકલવામાં આવતા સોના-ચાંદી પર નિર્ભર હતું. ઉત્તર ભારત અને પાછળથી દક્ષિણ ભારતના ખજાનાઓ પર અધિકાર પ્રાપ્ત થતાં સોના-ચાંદીના સિક્કાઓ ઢાળવાનું કાર્ય વધુ સરળ બન્યું.

સલ્તનતની ટંકશાળો માત્ર સરકારી કોષ-રાજકોષ-માટે જ સિક્કાઓ બહાર પાડતી ન હતી. પરંતુ પોતાના વ્યાપારીઓ દ્વારા લાવવામાં આવતા. સોના-ચાંદી અને વિદેશી સિક્કાઓને પણ મુદ્રાંકિત કરતી હતી.

અલાઉદ્દીન ખિલજીના શાસનકાળ સુધી ચાંદીના સિક્કાઓ મુખ્ય હતા. ગ્યાસુદ્દીન તુઘલકના શાસનકાળમાં સોના અને બિલનની તુલનામાં ચાંદીના સિક્કાઓની સંખ્યામાં ઘટાડો થયો. મુહમ્મદ તુઘલકના સમયમાં સોનાના સિક્કા ચાંદીના સિક્કાઓ પર છવાઈ ગયા અને ફિરોઝ તુઘલકના સમયમાં ચાંદીના સિક્કાઓ લગભગ લુપ્ત થઈ ગયા. 15મી સદીમાં 'બિલન' સિક્કા ચલણમાં પ્રભાવશાળી રહ્યા. કારણ કે લોદી શાસકો (ઈ.સ. 1451-1526) દ્વારા અન્ય સિક્કાઓ બહાર પાડવામાં આવ્યા નહીં.

**મુહમ્મદ તુઘલકની પ્રતીક ચલણ યોજના (Token currency of Muhammad Tughluq)**

સુલતાન ઇલ્તુત્મિશ દ્વારા શરૂ કરવામાં આવેલ દિલ્હી સલ્તનતની ચલણ પ્રણાલીમાં માત્ર એક અભિનવ પ્રયોગ મુહમ્મદ તુઘલક દ્વારા કરવામાં આવ્યો હતો. સુલતાન મુહમ્મદ તુઘલકની મૌલિક પ્રતિભા તેના સિક્કાઓમાં પ્રતિબિંબિત થાય છે. તેની પૂર્વેના સુલતાનોના સિક્કાઓમાં જે ઊણપો કે ખામીઓ હતી તેને તેણે દૂર કરી, સિક્કા પાડવાની પદ્ધતિ તેણે સુધારી, કીમતી ધાતુઓની તુલનાત્મક કિંમત નિર્ધારિત કરવામાં આવી અને કલાત્મક સિક્કાઓ પડાવ્યા. મુહમ્મદ તુઘલકના સુંદર અને કલાત્મક સિક્કાઓને લીધે તેને 'ધનપતિઓનો રાજા' કહેવામાં આવે છે. ડૉ. એ. એલ. શ્રીવાસ્તવ નોંધે છે. કે ''ભારતીય સિક્કાશાસ્ત્રના ઇતિહાસમાં સુલતાન મુહમ્મદ તુઘલકનું શાસન એક સીમાચિહ્ન સમાન છે.''

સુલતાન મુહમ્મદ તુઘલક તેના સુંદર અને કલાત્મક સિક્કાઓ ઉપરાંત તેની 'પ્રતીક ચલણની યોજના' માટે ખાસ સુખ્યાત છે. સુલતાને તાંબા અને પિત્તળની મિશ્રિત ધાતુના સિક્કા બહાર પાડી તેની ગણના ચાંદીના સિક્કાની બરાબર જાહેર કરી. આ સિક્કાઓમાં પ્રથમ વાર ફારસીમાં કોતરણી પણ કરવામાં આવી હતી. આ નવા ચલણનું પ્રત્યક્ષ મૂલ્ય તેના મૂળભૂત મૂલ્યથી ક્યાંય વધારે હતું. આથી જ તેને 'પ્રતીકાત્મક ચલણ' કહેવામાં આવ્યું હતું, હિંદના પડોશી એશિયાઈ સામ્રાજ્યોમાં પ્રતીક ચલણને અમલમાં મૂકવાનો પ્રયાસ આ પૂર્વે થઈ ચૂક્યો હતો. ચીનમાં કુબ્લાઈખાને (ઈ.સ. 1260-1294) કાગળનું પ્રતીકચલણ અમલી બનાવેલું અને આ પ્રયોગ સફળ રહ્યો હતો. ઈરાનના શાસક કૈખતુખાને (ઈ.સ. 1293) પણ પ્રતીક ચલણ અમલમાં મૂકવાનો પ્રયાસ કર્યો હતો. પરંત તે અસફળ રહ્યો હતો.

સુલતાન મુહમ્મદ તુઘલકનો પ્રતીક ચલણનો પ્રયોગ સંપૂર્ણ નિષ્ફળ ગયો. ડૉ. આર. સી. મજુમદાર નોંધે છે કે ''વિશેષ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવેલ. આ [illegible] ચલણની યોજના બે મુખ્ય

કારણોને લીધે નિષ્ફળ ગઈ. એક તો, આ યોજના તેના યુગથી અધિકાધિક પ્રગતિશીલ હતી અને લોકો તેની મહત્તાને સમજી શક્યા નહીં અને બીજું, સુલતાન મુહમ્મદ તુઘલકે તાંબા-પિત્તળની મિશ્ર ધાતુમાંથી સિક્કા પાડવાની કામગીરીને રાજ્યનો ઇજારો બનાવેલો નહીં અને છેતરપિંડી સામે સાવચેતીનાં કોઈ પગલાં લીધેલાં નહીં.'' આ નવા સિક્કાની ખૂબ જ સહેલાઈથી નકલ થઈ શકે તેમ હતી. ઝિયાઉદ્દીન બર્ની વધુ પડતી અતિશયોક્તિ સાથે લખે છે કે ''પ્રત્યેક હિંદુનું ઘર જાણે કે એક ટંકશાળા સમાન બની ગયું હતું.''

આમ છતાં સુલતાન મુહમ્મદ તુઘલકે આ અસફળતાને સૌમ્યતાપૂર્વક સ્વીકારી લીધી અને પ્રતીક ચલણને રાજ્યની તિજોરી દ્વારા શુદ્ધ ચલણમાં બદલી આપવામાં આવ્યું. જોકે રાજ્યની તિજોરી ઉપર આવી વિપરીત અસરો થઈ. ડૉ. એ. એલ. શ્રીવાસ્તવના મતે ''લોકો પછાત હતા, માટે આ યોજના નિષ્ફળ ગઈ. એમ કહેવા કરતાં વધારે ઉચિત તો એ છે કે સુલતાન મુહમ્મદ તુઘલક પોતે જ પોતાના યુગની મર્યાદાઓ સમજી શકેલો નહીં અને તેથી યોજનાની નિષ્ફળતા માટે તેને જ મુખ્યત્વે જવાબદાર ગણાવી શકાય.''

**'તમારી પ્રગતિ ચકાસો' : 4**

1. સલ્તનતકાળના સિક્કામાં ઇલ્તુત્મિશનું પ્રદાન આલેખો. (70 શબ્દોમાં)

.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................

2. સલ્તનતકાળમાં કઈ કઈ ધાતુના સિક્કાઓ હતા ? (6 લીટીઓમાં જવાબ આપો.)

.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................

3. પ્રતીક ચલણ યોજના અંગે નોંધ લખો. (50 શબ્દો લખો.)

.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................
.........................................................................................................

## 19.6 ગુલામી પ્રથા તથા ગુલામોનો વ્યાપાર (Slavery and Slave Trade)

ઘોરી શાસકોએ ભારતમાં ગુલામી પ્રથાના અસ્તિત્વને જોયું હતું, જ્યાં તેનો એક પ્રાચીન ઇતિહાસ રહ્યો હતો. આ વિષયમાં તેઓ માટે કોઈ નૈતિક આશંકાઓ બાધક ન હતી. ગુલામી પ્રથા તો ઇસ્લામમાં સ્વીકૃત થયેલી હતી અને ઇસ્લામી દેશોમાં તે પ્રચલિત હતી. ઇરફાન હબીબના મતે ''ગઝનવીઓ અને ઘોરીઓનાં ઉત્તર ભારત પરનાં આક્રમણો, જુલિયસ સિઝરના ઇંગ્લેન્ડ પરનાં આક્રમણોની માફક અંશતઃ ગુલામો મેળવવા માટેના ઉદ્દેશથી થયાં હતાં.'' એક યુદ્ધની સફળતાને સોના, ચાંદી, પશુઓ અને ઘોડાઓની સાથોસાથ પકડવામાં આવેલા ગુલામોની સંખ્યા દ્વારા આંકવામાં આવતી હતી. કુતુબુદ્દીન ઐબકે ઈ.સ. 1195માં ગુજરાત ઉપરના આક્રમણ દરમિયાન 20,000 અને ઈ.સ. 1202 માં કાલિંજર પર આક્રમણ કરીને 50,000 ગુલામો મેળવ્યા હતા. દિલ્હી સલ્તનતની સ્થાપના પછી પણ બિન-જિતાયેલા પ્રદેશોમાં લડાઈઓ દ્વારા ગુલામીકરણની પ્રક્રિયા ચાલુ રહી. સુલતાન બલ્બનના રણથંભોર અભિયાન અને દક્ષિણ ભારત પર અલાઉદ્દીન ખિલજીના શાસન દરમિયાન મલિક કાફૂરનાં લશ્કરી આક્રમણોનો એક મુખ્ય ઉદ્દેશ ગુલામો મેળવવાનો રહ્યો હતો.

ગુલામો પ્રાપ્ત કરવાનું એક અન્ય સાધન વિદ્રોહી ગામડાંઓની લૂંટફાટ હતું, જે પ્રદેશો સલ્તનતને 'ખરાજ' આપવાની ના પૉડતા હતા. આ સાધનોમાંથી પ્રાપ્ત થતા ગુલામોની સંખ્યા વિશેષ માત્રામાં હતી.

ગુલામોનો અલગ વર્ગ હતો. સુલતાન, તેના અમીર-ઉમરાવો, સરદારો, સેનાપતિઓ તથા ખાનગી સદ્‌ગૃહસ્થો પાસે પણ ગુલામ-સ્ત્રી-પુરુષો રહેતા-ગુલામો રાખવા તે એ સમયના મુસ્લિમ સમાજની એક 'ફેશન' ગણાતી. અલાઉદ્દીન ખિલજી (ઈ.સ. 1296-1316) શાસનકાળમાં 50,000 ગુલામો હતા. આ સંખ્યા સુલતાન ફિરોઝ તુઘલક ઈ.સ. 1351-1388)ના સમયમાં 1,80,000 સુધી પહોંચી ગઈ.

યુરોપના ગુલામો કરતાં ભારતના સલ્તનત સમયના ગુલામોની સ્થિતિ ભિન્ન પ્રકારની હતી. તેઓ મહેલો, મહોલાતો કે કારખાનામાં કામ કરતા. તેઓ કુશળતા દાખવીને ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શકતા. તાલીમ વગરના ગુલામોને કોઈપણ કાર્ય માટે નિપુણ બનાવી દેવામાં આવતા હતા. ફિરોઝ તુઘલકના ગુલામોમાં 12,000 તો કારીગરો હતા. કેટલાક ગુલામો તો રાજકારણમાં મહત્ત્વનો ભાગ ભજવતા. હિંદુમાંથી મુસ્લિમ બનેલા ગુલામ મલિક કાફૂર તથા ખાન-એ-જહાન અનુક્રમે સુલતાન અલાઉદ્દીન ખિલજી તથા ફિરોઝ તુઘલકના વજીર બન્યા હતા.

ગુલામોનું એક મોટું બજાર હતું. ઝિયાઉદ્દીન બર્નીએ અલાઉદ્દીન ખિલજી દ્વારા જુદી જુદી ઉંમરના ગુલામોની કિંમત નિર્ધારિત કરવાનો ઉલ્લેખ કર્યો છે. ગુલામોની રેલમછેલે ભારતમાંથી ઇસ્લામી દેશોમાં ગુલામોની નિકાસને પ્રોત્સાહન પૂરું પાડ્યું. પરંતુ સુલતાન ફિરોઝ તુઘલકે ગુલામોની નિકાસ બંધ કરી દીધી હતી.

**'તમારી પ્રગતિ ચકાસો' : 5**

1. સાચાં વિધાનો સામે (✓) અને ખોટાં વિધાનો સામે (✗) નિશાની કરો.
   (i) ગુલામો માત્ર સુલતાન અને તેના અમીરો દ્વારા જ રાખવામાં આવતા હતા.
   (ii) ફિરોઝ તુઘલકના સમયમાં મોટી સંખ્યામાં ગુલામો કારીગરો હતા.
   (iii) અલાઉદ્દીન ખિલજીએ ભારતમાંથી ગુલામોની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો.
2. દિલ્હી સલ્તનતમાં ગુલામો મેળવવાનાં મુખ્ય સાધનો ક્યાં હતાં ? (70 શબ્દો લખો.)

   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................
3. ગુલામો સલ્તનત કાળમાં કોણ કોણ રાખતું હતું. (5 વાક્યોમાં જવાબ આપો.)

   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................
   ........................................................................................................

## 19.7 સારાંશ

ભારતીય અર્થવ્યવસ્થા પર દિલ્હી સલ્તનતના પ્રભાવનો આ એકમમાં અભ્યાસ કર્યો. આપણે જોઈ ગયા કે પ્રથમથી ચાલી આવતી મહેસૂલ વસૂલાત અને વિતરણ વ્યવસ્થામાં ધીરે ધીરે કેવી રીતે પરિવર્તનો આવ્યાં. રોકડ લેણ-દેણમાં વધારો થયો અને શુદ્ધ ચાંદીના સિક્કાઓની શરૂઆત થઈ.

## 19.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. જુઓ, પેટા વિભાગ - 19.2.1
2. જુઓ, પેટા વિભાગ - 19.2.2.

3. જુઓ, પેટાવિભાગ - 19.2.2.
4. (i) જુઓ પેટા વિભાગ 19.1
   (ii) જુઓ પેટા વિભાગ 19.2.1
   (iii) જુઓ પેટા વિભાગ 19.2.1 આલેખ

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. જુઓ, પેટા વિભાગ - 19.3.1.
2. જુઓ, પેટા વિભાગ - 19.3.2.
3. જુઓ, પેટા વિભાગ - 19.3.2.
4. (i) પેટા વિભાગ 19.3. જુઓ
   (ii) પેટા વિભાગ 19.3.1. જુઓ
   (iii) પેટા વિભાગ 19.3.2. જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. જુઓ, ભાગ- 19.4.
2. જુઓ, ભાગ- 19.4.
3. જુઓ, ભાગ- 19.4
4. (i) ખોટું
   (ii) ખરું
   (iii) ખરું
   (iv) ખોટું

**'તમારી પ્રગતિ ચકાસો' : 4**

1. જુઓ, ભાગ- 19.5
2. જુઓ, ભાગ- 19.5
3. જુઓ, ભાગ- 19.5

**'તમારી પ્રગતિ ચકાસો' : 5**

1. (i) × (ii) ✓ (iii) ×
2. જુઓ, ભાગ- 19.6.
3. જુઓ, ભાગ- 19.6.

## 19.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ખરાજ**–જમીન મહેસૂલ
**મવાસ**–બળપૂર્વક મહેસૂલ વસૂલ કરાતું હોય તેવું વિદ્રોહી ગામ
**ઇકતા**–વહીવટી એકમ-પ્રાંત
**મુક્તી**–ઇકતાધારક/પ્રાંતનો વડો
**વલી**–ઇકતાધારક/પ્રાંતનો વડો
**ખ્વાજા**–હિસાબનીસ
**મદ્રેસા**–મુસ્લિમ શિક્ષણ સંસ્થા
**જિતલ**–તાંબાનો સિક્કો
**ટંકા**–સોના-ચાંદીના સિક્કા

# એકમ 20 કૃષિ-વ્યવસ્થા
# (Agrarian Structure)

**રૂપરેખા**


20.1 પ્રાસ્તાવિક

20.2 ખેત-ઉત્પાદન

20.2.1 પાક અને અન્ય ખેત-ઉત્પાદન

20.2.2 નહેર-સિંચાઈ વ્યવસ્થા અને તેનો પ્રભાવ

20.3 ખેતીવાડી સંબંધો

20.3.1 ખેડૂત

20.3.2 ગ્રામીણ મધ્યસ્થ વર્ગ

20.4 સારાંશ

20.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

20.6 ચાવીરૂપ શબ્દો


## 20.1 પ્રાસ્તાવિક

આ એકમમાં આપણે 13મી અને 14મી સદી દરમિયાનની ખેતીવાડી અર્થવ્યવસ્થાનો અભ્યાસ કરીશું. દિલ્હી સલ્તનતની સ્થાપનાથી ખેત-ઉત્પાદન અને ખેતીવાડી સંબંધો પર પડેલા પ્રભાવની પણ અત્રે ચર્ચા કરીશું. દિલ્હી સલ્તનતની સ્થાપના પછી ખેત-ઉત્પાદન વ્યવસ્થામાં મોટાં અને ક્રાંતિકારી પરિવર્તનોની આશા રાખવી ઉચિત નહીં ગણાય. અલબત્ત, કેટલીક નવી ટેક્નિક આવતાં સિંચાઈ વ્યવસ્થામાં સુધારાઓ તથા ગળી અને દ્રાક્ષ જેવા કેટલાક નવા પાકોનો વધારે ફેલાવો થયો, જેને રોકડિયા પાક કહેવામાં આવતા. ખેત સંબંધનાં ક્ષેત્રોમાં કેટલાંક મહત્ત્વપૂર્ણ પરિવર્તનો આવ્યાં. ડી.ડી. કૌસામ્બીના મતે આ પરિવર્તનોએ ભારતીય સામંતવાદમાં પ્રથમથી મોજૂદ તત્ત્વોને વધુ પ્રગાઢ બનાવ્યાં એથી વિશેષ કંઈ ન કર્યું. જ્યારે મોહમ્મદ હબીબ આ પરિવર્તનોને એટલાં વધારે મહત્ત્વપૂર્ણ અને પ્રગતિશીલ માને છે કે તેણે તેને 'ગ્રામીણ ક્રાંતિ'નું નામ આપ્યું છે.

આ એકમના અભ્યાસ પછી- (1) ખેતી યોગ્ય જમીનનો વિસ્તાર, ખેડૂતો દ્વારા લેવાતા પાક, નહેર-સિંચાઈ અને તેનો પ્રભવ અને (2) ખેતીવાડી સંબંધો, પહેલાંની ગ્રામ વ્યવસ્થામાં આવેલ પરિવર્તનો તથા આધીન ગ્રામ કુલીન તંત્ર વિશે જાણકારી મેળવી શકીશું.

## 20.2 ખેત-ઉત્પાદન (Agricultural Production)

13મી અને 14મી સદીમાં જમીન અને વ્યક્તિનું પ્રમાણ ખૂબ જ અનુકૂળ હતું. એટલે કે પૂરતા પ્રમાણમાં જમીન ઉપલબ્ધ હતી અને જમીન ઉપર ખેતી કરવાવાળાની સંખ્યા ખૂબ જ ઓછી હતી. ઈ.સ. 1200માં ભારતની જનસંખ્યા ઈ.સ. 1800ની તુલનામાં ખૂબ જ ઓછી હતી. પરંતુ તે કેટલા પ્રમાણમાં ઓછી હતી તે સંબંધમાં કોઈ પણ પ્રકારની જાણકારી મળતી નથી. આ સમયના આ પ્રકારના કોઈ આંકડાઓ ઉપલબ્ધ નથી. પરંતુ ઐતિહાસિક ગ્રંથોમાંથી એ માહિતી મળી રહે છે કે 16મી સદીની તુલનાએ 13મી-14મી સદીઓમાં ખૂબ જ ઓછા પ્રદેશોમાં વસવાટ હતો. ગંગા-યમુનાના દોઆબ જેવા સૌથી વધુ ઉપજાઉ પ્રદેશમાં પણ મોટાં મોટાં જંગલો અને ચરિયાણ વિસ્તારો ફેલાયેલા હતા. 13મી સદીમાં સૂફી સંત નિઝામુદ્દીન ઓલિયાએ દિલ્હી અને બદાયું વચ્ચે યાત્રાળુઓને સિંહો દ્વારા રંજાડ અંગે વિવરણ આપ્યું છે. ઝિયાઉદ્દીન બર્નીના મતે 14મી સદીમાં આ પ્રદેશમાં એટલાં ગાઢ જંગલો હતાં કે સુલતાનની સેનાથી બચવા માટે ખૂબ જ મોટી સંખ્યામાં ખેડૂતોએ ત્યાં આશરો લીધો હતો. છેક બાબરના સમય (ઈ.સ. 1526-1530)માં પણ મધ્ય ભારતનાં જંગલોમાં કાલ્પી અને કાનપુરની દક્ષિણે યમુનાની ઊંડી ખીણોની સામે પાર હાથીઓ હરતા-ફરતા રહેતા હતા. પરંતુ અકબરના શાસનના અંત સુધી (ઈ.સ. 1605)માં મધ્ય દોઆબના લગભગ સંપૂર્ણ પ્રદેશમાં ખેતી થતી હતી. આ ઉપરથી એવું ફલિત થાય છે કે દિલ્હી સલ્તનત સમયમાં ખેતી યોગ્ય જમીનના એવા વિશાળ પ્રદેશો મોજૂદ હતા, જે પ્રદેશોમાં ખેતી થતી હતી. આથી જમીનના આ પ્રકારના ટુકડાઓ પર નિયંત્રણ કરવાને બદલે એવી વ્યક્તિઓ પર નિયંત્રણ રાખવું

મહત્ત્વપૂર્ણ કે જરૂરી હતું જે ખેતી કરતી હોય. જોકે ખેતીવાડી વ્યવસ્થાને સમજવા માટે જમીન અને વ્યક્તિ વચ્ચેનો ગુણોત્તર (Ratio) પણ મહત્ત્વનો છે. જમીનને અનુકૂળ ગુણોત્તર હોવાનું તાત્પર્ય એટલું જ છે કે ખેતી ઘણી જ વ્યાપક હતી. વધુ જમીન પર વિવિધ પાકો લેવામાં આવતા હતા. બીજી બાજુ સઘન ખેતીનો અર્થ એ હતો કે ખેતી યોગ્ય જમીનમાં વધારો કરવો તેમ નહીં બલ્કે તે જ મર્યાદિત ઉપલબ્ધ જમીન પર વધુમાં વધુ ઉત્પાદન લેવું. આ માટે વધારે પ્રોત્સાહનની જરૂર પડતી હોય છે. વધુ પ્રોત્સાહન એટલે વધારે મજૂર, વધુ હળો અને સિંચાઈનાં અધિકતમ સાધનોના રૂપમાં હોય છે. ખેતી યોગ્ય જમીન સારા પ્રમાણમાં ઉપલબ્ધ થતાં દિલ્હી સલ્તનત દરમિયાન ખેતી ખૂબ જ વિસ્તૃત અને સમૃદ્ધ હતી. એક મોટા પ્રમાણમાં ખેતીલાયક જમીનની સાથોસાથ પશુઓ માટે સારા એવા પ્રમાણમાં ચરિયાણ મેદાનો પણ ઉપલબ્ધ હતાં. 'મસાલિક-ઉલ-અબસાર' નામના સમકાલીન ગ્રંથના લેખકના મતે ભારતમાં પશુઓની સંખ્યા પ્રમાણમાં વધુ અને કિંમત ખૂબ જ ઓછી હતી. અફીફના મતે દોઆબમાં એવું એકેય ગામ ન હતું જ્યાં પાંજરાપોળ ન હોય. આ પશુશાળાઓને 'ખરક' કહેવામાં આવતી હતી. બળદોની સંખ્યા તો એટલી વિપુલ હતી કે અનાજ અને અન્ય માલસામાન બળદગાડાને બદલે બળદો પર લાદીને લાવવા-લઈ જવામાં આવતો હતો.

### 20.2.1 પાક અને અન્ય ખેત-ઉત્પાદન (Crops and Other Agricultural Produce)

ખેડૂતો દ્વારા મોટા પ્રમાણમાં પાકો લેવા એ દિલ્હી સલ્તનતની ખેતીની સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા હતી. સંભવતઃ દક્ષિણ ચીન સિવાય વિશ્વના અન્ય કોઈ ભાગમાં આટલા વિશાળ પ્રમાણમાં પાક લેવામાં આવતા ન હતા. આફ્રિકાના તાંજીર ગામનો વતની અને આફ્રિકા તથા એશિયાના ઘણા દેશોનો પ્રવાસ ખેડનાર ઇબ્ન બતૂતા (ઈ.સ. 1304-1378) ભારતમાં પાકની આટલી વિશાળ માત્રા જોઈને ખૂબ જ પ્રભાવિત થયો હતો, ઇબ્ન બતૂતાએ બંને મુખ્ય પાક, ખરીફ અને રવિ મોસમની વિવિધ ઊપજો-પાકોનું વિવરણ ખૂબ જ વિસ્તારથી કર્યું છે. તે એમ પણ જણાવે છે કે દિલ્હીની આજુબાજુના પ્રદેશોમાં બે પાક લેવામાં આવતા હતા. એનો અર્થ એ થયો કે એક જમીન પર ખરીફ અને રવિ એમ બંને પાક પેદા થતા હતા. ઠક્કર ફેરુ : જે સુલતાન અલાઉદ્દીન ખિલજીના સમયમાં દિલ્હીની ટંકશાળનો વડો હતો તે ઈ.સ. 1290માં આશરે પચ્ચીસ જેટલા વિવિધ પાકોનાં નામ આપે છે અને પેદાશનું પ્રમાણ પણ દર્શાવે છે. પેદાશ કે ઊપજ અંગે ચોક્કસપણે આપણે કશું જ કહી શકીએ તેમ નથી. કારણ કે ફેરુ તોલ-માપના જે એકમોનું વર્ણન કરે છે તે અંગે આપણને કોઈ વિશેષ જાણકારી નથી. પરંતુ તેના વિવરણ ઉપરથી જુદા જુદા પાક અંગે ઠીક ઠીક જાણકારી મળી રહે છે. ખાદ્ય-અનાજના પાકોમાં ઘઉં, જવ, ડાંગર, બાજરી તથા દાળો જેમ કે અડદ, મગ, મસૂર વગેરેનું વિવરણ આપે છે. જ્યારે રોકડિયા પાકોમાં તે શેરડી, કપાસ, તેલીબિયાં-તલ અને અળસી વગેરેનાં નામો આપે છે.

આ ઉપરથી આપણે એવા નિષ્કર્ષ પર આવી શકીએ કે કદાચ વધેલી સિંચાઈ સુવિધાઓએ શેરડી અને ઘઉં જેવા રવિ પાક હેઠળના વિસ્તારો વધારવામાં મદદ કરી હશે. 'તુર્કી' વિજેતાઓની સાથે હવે શેરડીમાંથી દારૂ બનાવવાની રીત સારા એવા પ્રમાણમાં લોકપ્રિય બની ગઈ હતી. ઝિયાઉદ્દીન બર્નીના મતે ''દિલ્હીની આજુબાજુ અને દોઆબ વિસ્તારમાં દારૂ ગાળવો એ એક ગ્રામ્ય ઉદ્યોગના રૂપમાં પ્રસ્થાપિત થઈ ચૂક્યો હતો.'' થોડી આશ્ચર્યની વાત એ છે કે ઠક્કર ફેરુ પોતાના વિવરણમાં ગળીની ખેતી અંગે કશું જ જણાવતો નથી. જ્યારે ગળીના ઉત્પાદનનો સંકેત એ વાત પરથી મળી રહે છે કે આ સમયે મોટા પાયા પર ગળીની નિકાસ ઈરાન ખાતે થતી હતી.

ઈરાનમાં ઈલખાન શાસકો દ્વારા ગળીની ખેતીને ઉત્તેજન આપવામાં આવતું હતું. જેથી ગળીની જરૂરિયાત માટે ભારત પર નિર્ભર રહેવું ન પડે. ચૂના-પથ્થરના પ્રયોગથી ગળી બનાવવાના હોજમાં સુધારો થવાને કારણે ગળીની ખેતીને નોંધપાત્ર પ્રોત્સાહન મળ્યું હશે.

ઇબ્ન બતૂતાના વર્ણમાંથી દિલ્હી સલ્તનત કાળમાં ફળોના ઉત્પાદન અંગે પણ માહિતી મળે છે. આ સમયના ખેડૂતોને ફળોની કલમો લગાડવાની ટેકનિકનું કોઈ જ્ઞાન ન હતું. શરૂઆતમાં દિલ્હી સિવાયના કેટલાંક સ્થાનોએ જ દ્રાક્ષની ખેતી થતી હતી. પરંતુ અફીફના મતે 14મી સદીના દ્રાક્ષનું ઉત્પાદન એટલું બધું વધી ગયું હતું કે તેની કિંમત ઘટવા લાગી હતી. સંભવતઃ આવું બે કારણોને લીધે થયું. એક તો, સુલતાન મુહમ્મદ તુઘલકે ખેડૂતોને સલાહ આપી કે તેઓ પાકોમાં સતત સુધારો કરે અને ઘઉંની જગ્યાએ શેરડી અને શેરડીની જગ્યાએ દ્રાક્ષનું વાવેતર કરે. અને બીજું, સુલતાન ફિરોઝ તુઘલક દ્વારા દિલ્હીની આજુબાજુ સાત પ્રકારની દ્રાક્ષની ખેતી માટે 1200 જેટલા બગીચા ઊભા કરવામાં આવ્યા. ભારતના ખેડૂતો આ સમયે રેશમ ઉત્પાદન એટલે કે રેશમના કીડા ઉછેરવાનું કાર્ય કરતા ન હતા. અને આ સમયે હકીકતમાં રેશમ અંગે કોઈ આધારભૂત કે વિશ્વસનીય માહિતી પણ મળતી નથી. માત્ર ટસર (Tasar), અરી (Eri) અને મુકા (Muqa) જેવા જંગલી કે અર્ધજંગલી કીડામાંથી બનેલ રેશમ

અંગેનું જ વર્ણન મળે છે. ઇ.સ. 1432માં પ્રથમ વાર જ ચીના નાવિક મા હુઆન (Ma Huan) બંગાળમાં રેશમના કીડા ઉછેરવા અંગેનું વિવરણ આપે છે.

## 20.2.2 નહેર-સિંચાઈ વ્યવસ્થા અને તેનો પ્રભાવ (Canal Irrigation and Its Impact)

ખેતી મોટે ભાગે વરસાદ અને નદીઓ દ્વારા કુદરતી સિંચાઈ પર નિર્ભર હતી. એટલે કે આ સમયે ખેતી કુદરતી સાધનો પર આધારિત હતી. આથી માત્ર વરસાદના પાણી દ્વારા જ વાવેતર થતા ખરીફ પાકો અને જાડા ધાન્ય વાવવાની પદ્ધતિ વધારે હતી.

સમકાલીન સાધનો નહેર દ્વારા સિંચાઈનું પણ વિવરણ આપે છે. નહેર બનાવનાર પ્રથમ સુલતાન ગ્યાસુદ્દીન તુઘલક (ઈ.સ. 1320-1325) હતો. પરંતુ પાછળથી ફિરોઝ તુઘલક (ઈ.સ. 1351-1388) દ્વારા મોટા પાયા પર નહેરોનું નિર્માણ થયું હતું. તેણે યમુના નદીમાંથી હિસાર ખાતે પાણી લઈ જવા માટે બે નહેરો તૈયાર કરાવી હતી. દોઆબ પ્રદેશમાં કાલી નદીમાંથી એક નહેર કાઢી જે દિલ્હી પાસે યમુના નદીને મળતી હતી. તેમ જ એક એક નહેર સતલજ અને ઘગ્ઘર નદીમાંથી કાઢી હતી. 19મી સદી પહેલાં ચોક્કસ પણે નહેરોનું આ એક ભવ્ય આયોજન હતું એમ કહેવામાં કશી જ અતિશયોક્તિ નથી. નહેરો દ્વારા સિંચાઈ થવાને કારણે પંજાબમાં ખેતીનો ભારે મોટો વિસ્તાર થયો. હવે શેરડી જેવા રોકડિયા પાક ઉત્પાદન પર વિશેષ ધ્યાન દેવામાં આવ્યું. અન્ય પાકોની તુલનાએ શેરડીના પાકને વધારે સિંચાઈની જરૂર હતી. અફીફના મતે જમીનનો એક વિશાળ ભાગ જે લગભગ 80 કોસ એટલે કે 320 કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો હતો. તે 'રજબવાહ' અને 'ઉલુગખાની' નામની બે નહેરો દ્વારા પિયત થયો હતો. અફીફના મતે પૂર્વ પંજાબમાં જ્યાં પહેલા માત્ર એક જ પાક લેવાતો હતો ત્યાં હવે સિંચાઈની સુવિધાને કારણે ખરીફ અને રવી એમ બે પાકો લેવાવા લાગ્યા. આથી હવે નહેરોના કિનારાના વિસ્તારોમાં ખેડૂત વસતિઓ વસી ગઈ. નહેરો દ્વારા થતા સિંચાઈવાળા પ્રદેશોમાં લગભગ 52 જેટલી વસતિઓ વસી ગઈ. અફીફ અત્યંત ઉત્સાહપૂર્વક કહે છે : ''એક પણ ગામ ઉજ્જડ ન રહ્યું અને એક ગજ જમીન પણ એવી ન રહી કે જેમાં ખેતી થતી ન હોય.''

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. દિલ્હી સલ્તનત દરમ્યાન જમીન અને માનવ સંખ્યા વચ્ચે પ્રમાણથી શું સૂચિત થાય છે ? (60 શબ્દોમાં જવાબ આપો.)

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

2. 'નહેરો દ્વારા સિંચાઈ' પર એક નોંધ લખો. (5 લીટીઓમાં જવાબ લખો.)

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

3. ફિરોઝ તુઘલકના સમયમાં કઈ કઈ નહેરોનું નિર્માણ થયું ? (5 વાક્યોમાં જણાવો.)

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

4. સલ્તનત દરમ્યાન સિંચાઈની સુવિધા વધતાં કેવા ફેરફારો થયા ? (50 શબ્દો લખો.)

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

   ..................................................................................................

## 20.3 ખેતીવાડી સંબંધો (Agrarian Relations)

ખેત અર્થવ્યવસ્થાના વિષયમાં ચર્ચા માટે એ જાણવું અત્યંત જરૂરી છે કે દિલ્હી સલ્તનતની સ્થાપના બાદ ખેત કે કૃષિ સંબંધોના સ્વરૂપમાં કેવા ફેરફારો થયા અને આ ફેરફારો કે તફાવત કેટલી હદે થયા. આ જાણવા માટે ઈ.સ. 1200 પહેલાંની સમગ્ર ખેતી-વ્યવસ્થા સમજવી જરૂરી બની રહેશે. આ સમયના સામાજિક અને આર્થિક માળખાને સામંતશાહી વ્યવસ્થા કહેવાય કે નહીં એની ચર્ચામાં નહીં ઊતરતાં એટલું વિશ્વાસપૂર્વક કહી શકાય કે ઘોરીના આક્રમણ સમયે શાસક વર્ગનો મુખ્ય આધાર ગ્રામ હતું. લગભગ આ સમયના પશ્ચિમ યુરોપના કુલીન ઉમરાવો અને તેમની વચ્ચે ઘણી બધી બાબતોમાં સમાનતા હતી.

ઇતિહાસકાર મિન્હાજ સિરાજ ઘોરી અને પ્રારંભના સુલતાનોનો સામનો કરનાર ભારતનો શાસકવર્ગ ''રાય'' અને ''રાણા'' તથા તેના ઘોડેસ્વાર સેનાનાયકોને 'રાવત' નામથી સંબોધિત કરે છે. ઉત્તર ભારતના જુદા જુદા પ્રદેશોમાંથી મળી આવેલા શિલાલેખોના પુરાવાઓ પર રાજા (રાય), રાણકા (રાણા) તથા રાઉત (રાવત)ની સામંતી પદાનુક્રમ વ્યવસ્થા લગભગ સાબિત થઈ ચૂકી છે. તુર્કી શાસનના પ્રારંભિક સમયમાં સુલતાનોએ આ પરાજિત અને પરાધીન ગ્રામ્ય કુલીન વર્ગ સાથે એક પ્રકારની સમજૂતી કરી. અગાઉ જોયા મુજબ, ભેટમાં વસૂલ કરાયેલ ધન ખરાજ કહેવાતું. એવું જણાય છે કે અલાઉદ્દીન ખિલજીના સમયમાં જ્યારે ખરાજનું સ્થાન ખેડૂતો પર સખ્તાઈથી લાગુ પાડવામાં આવેલ અને વસૂલ કરવામાં આવતા જમીન કરે લીધું તો પણ કરની વસૂલાતમાં પહેલાના ગ્રામ્ય કુલીન વર્ગની એક નિશ્ચિત ભૂમિકા ચાલુ રહી. સુલતાન અલાઉદ્દીન ખિલજીના શાસનકાળની એક ઘટના આ બાબતને વધુ સ્પષ્ટ કરે છે. અફીફના મતે જ્યારે દીપાલપુરનો મુક્તી (ગવર્નર) ગાઝી મલિક ત્યાંના એક રાય (રાજા) પર દબાણ લાવવા માંગતો હતો, તેથી તેણે રાય પાસે માગણી કરી કે તે પૂરા વર્ષનું જમીન મહેસૂલ રોકડ નાણાંમાં તુરત ભરી આપે. જ્યારે રાય આ માગણી પૂરી ન કરી શક્યો. ત્યારે ગાઝી મલિકે મુકાદમો (ગામડાનો મુખિયો) અને ચૌધરીઓ ને મારવા-ઝૂડવાનું શરૂ કર્યું. આ ઘટના પરથી માલૂમ પડે છે કે પહેલાંનો કુલીન વર્ગ, જે હવે સત્તાસ્થાને ન હતો અને પરાધીન હતો, છતાં ઓછામાં ઓછું 14મા સૈકાના પ્રારંભ સુધી, પોતાના પ્રદેશનું જમીન મહેસૂલ વસૂલ કરવાનો અધિકાર ધરાવતો હતો. ગામડાનો મુખિયો અને ચૌધરીની સહાયતાથી સીધા કર ઉઘરાવવાનો અધિકાર વહીવટીતંત્ર પાસે પણ હતો.

### 20.3.1 ખેડૂત (Peasants)

ખેડૂતો દ્વારા જમીનના જુદા જુદા ભાગો પર ખેત ઉત્પાદન કરવામાં આવતું હતું. પરંતુ આ ખેડૂત અર્થવ્યવસ્થા સમતાવાદી ન હતી. ખેડૂતોની માલિકી જમીનના જુદા જુદા આકારના ટુકડાઓ પર હતી. ઝિયાઉદ્દીન બર્નીના વિવરણ મુજબ એક બાજુ વિશાળ જમીન પર માલિકી હક ધરાવતા ખોત અને મુકાદમ હતા જ્યારે બીજુ બાજુ જમીનના નાના નાના ટુકડાઓ પર બલાહાર માલિકી હક ધરાવતા હતા. જેને ગામડામાં હલકી કક્ષાના ગણવામાં આવતા હતા. વિભિન્ન પ્રકારના ખેડૂતોની નીચે એક મોટી સંખ્યામાં જમીન વિહોણા મજૂરો હતા. પરંતુ આ અંગેની સ્પષ્ટ જાણકારી પછીનાં સાધનોમાંથી મળે છે, સમકાલીન ગ્રંથોમાંથી નહીં.

ખેતીલાયક જમીનની માત્રા સારા એવા પ્રમાણમાં હોવા છતાં ખેડૂત જમીન ખેડતો પરંતુ તેના પર તેના કોઈ માલિકી હક ન હતો. આથી ઊલટું તે જે પાક લેતો તેના પર ઉચ્ચ વર્ગોનો એક નિશ્ચિત અધિકાર હતો. ખેડૂતને જન્મથી સ્વતંત્ર સ્વીકાર કરવામાં આવતો હતો પરંતુ મોટે ભાગે તેને પોતાની ઈચ્છા મુજબનું સ્થાન બદલીને કે જમીન છોડીને જવાના અધિકારથી વંચિત રાખવામાં આવતો હતો. અફીફના મતે એક ગામડામાં લગભગ 200થી 300 પુરુષો હતા. બર્નીના વિવરણ મુજબ પ્રત્યેક ગામડામાં હિસાબકિતાબ રાખવા માટે એક પટવારી રહેતો તેની ખાતાવહી ઉપરથી ખેડૂતો દ્વારા મહેસૂલી અધિકારીઓને ભરવામાં આવતા માન્ય કે અમાન્ય નાણાંની જાણકારી મળી રહેતી. પટવારી એ સરકારી કર્મચારી નહીં પરંતુ ગામડાનો અધિકારી હતો. એટલું ચોક્કસ છે કે આ પદનો પ્રારંભ દિલ્હી સલ્તનતકાળ દરમિયાન થયો ન હતો. આમ, ગામડાના એક અધિકારીની હાજરી પરથી એવું પ્રતીત થાય છે કે એક વહીવટી એકમના રૂપમાં ગામડાનું અસ્તિત્વ દિલ્હી સલ્તનતના વહીવટી પરિપ્રેક્ષ્યની બરાબર હતું.

સમગ્ર ગામડાના જમીન મહેસૂલની વસૂલાત એક સંયુક્ત એકમના રૂપમાં થતી હતી. અન્યથા સંપૂર્ણ ગામડાના લેખાજોખા રાખવા માટે એક અધિકારીની શી જરૂરિયાત હતી ? આમ પટવારીની વ્યવસ્થા હોવી અને તેનાં કાર્યોનું સ્વરૂપ એક ગ્રામ્ય સમુદાયની ઉપસ્થિતિનો આભાસ કરાવે છે. અલાઉદ્દીન ખિલજી દ્વારા પ્રત્યેક ખેડૂત પર અલગ જમીન મહેસૂલ નક્કી કરવાના પ્રયાસો છતાં એવું પ્રતીત થાય

છે કે વ્યવહારિકરૂપે જમીન મહેસૂલની વસૂલાત માટે ગામડાને એક એકમના રૂપમાં માનવામા આવતુ હતું. ઝિયાઉદ્દીન બર્નીની એ એક શિકાયત રહી છે કે ''અમીરોનો ભાર ગરીબો પર પડે છે.'' તેનું આ વિધાન બતાવે છે કે ગ્રામ્ય સમુદાય એક આદર્શ સંસ્થાને બદલે શોષણનું એક સાધન માત્ર હતી.

## 20.3.2 ગ્રામીણ મધ્યસ્થ વર્ગ (Rural Intermediaries)

વિભાગ 5મા આપણે ગ્રામીણ કુલીન વર્ગ (ભદ્ર વર્ગ) વિશે જોઈ ગયા જે ખોત, મુકાદમ અને ચૌધરીના નામે ઓળખાતો હતો. આ વર્ગ ખેડૂતોના બનેલા ઉચ્ચ વર્ગ સાથે સંકળાયેલો હતો. ઝિયાઉદ્દીન બર્નીના વિવરણ પરથી એવું ફલિત થાય છે કે અલાઉદ્દીન ખિલજીના ખેતી સંબંધી સુધારા પહેલાં આ વર્ગ પાસે મહેસૂલ મુક્ત જમીન હતી. એક વર્ગના રૂપમાં ગ્રામ પ્રમુખોનો વર્ગ ખૂબ જ સમૃદ્ધ હતો. બર્ની જણાવે છે કે ''અલાઉદ્દીન ખિલજીએ આ વર્ગ (ખોત, મુકાદમ અને ચૌધરી) ઉપર શક્ય તમામ મહેસૂલ લાગુ પાડ્યું. ઘરવેરા અને ચરાઈ વેરામાં તેને જે છૂટ મળી હતી તે પણ સમાપ્ત કરવામાં આવી. આ ઉપરાંત આ વર્ગને તેણે પોતાના તરફથી અન્ય કોઈ કર નાખવા માટે પણ મનાઈ ફરમાવી. આમ એક સમયના આ વિશિષ્ટ વર્ગને સામાન્ય ખેડૂતોની કક્ષામાં મૂકી દીધો.

આ ગ્રામીણ મધ્યસ્થ વર્ગ જમીન મહેસૂલની વસૂલાત માટે મહત્ત્વનો હતો. આથી આ વર્ગ વિરુદ્ધનાં આ પ્રકારનાં કઠોર પગલાંઓ વધુ સમય ચાલી શક્યાં નહીં. તુઘલક સુલતાન ગ્યાસુદ્દીન તુઘલકે ફરી સંતુલન સ્થાપિત કર્યું. સૌ પ્રથમ તો આ વર્ગને ચરાઈ વેરા અને પોતાની જમીન પર કર આપવામાંથી છૂટ આપવામાં આવી. પરંતુ તેમને ખેડૂતો ઉપર પોતાના તરફથી ઉપકર નાખવાનો અધિકાર ન આપ્યો. ત્યાર બાદ સુલતાન ફિરોઝ તુઘલકના સમયમાં આ વર્ગને અન્ય નાનીમોટી કેટલીયે છૂટછાટો આપવામાં આવી. રસપ્રદ બાબત તો એ છે કે ઝિયાઉદ્દીન બર્ની આ પ્રકારની છૂટછાટો અને તેનાથી આ વર્ગની વધેલી સમૃદ્ધિનું વર્ણન ભારે અનુમોદન સાથે કરે છે.

આ ગ્રામીણ મધ્યસ્થ વર્ગમાં ચૌધરી પદનો ઉદ્ભવ સંભવત: 14મી સદીમાં થયો. તેનો ઉલ્લેખ મિન્હાજ દ્વારા અથવા તો 13મી સદીનાં અન્ય કોઈ પણ સાધનોમાં કરવામાં આવ્યો નથી. આ શબ્દનો સૌ પ્રથમ વાર પ્રયોગ 14મી સદીનાં મધ્યભાગમાં ઝિયાઉદ્દીન બર્ની દ્વારા કરવામાં આવ્યો હતો. ઈબ્ન બતૂતા કહે છે કે ''ચૌધરી એકસો ગામડાંઓનો મુખિયો હતો.'' જેને તે 'સદી' કહે છે. 14મી સદીના મધ્ય ભાગમાં ગામડાંઓના એક સમૂહ માટે પ્રચલિત શબ્દ 'પરગણું' હતો. ઈતિહાસકાર ઈરફાન હબીબના મતે સંભવત: ચૌધરી ગુર્જર પ્રતિહાર અને ચાલુક્યોના સમયના અધિકારી ''ચૌરાસી''નું જ પરિવર્તિત નામ હતું. જોકે તેની સત્તા અને શક્તિ ઘણાં જ ઘટી ગયાં હતાં.

સુલતાન ફિરોઝ તુઘલકના સમયથી આ તમામ મધ્યસ્થ વર્ગોને એક સામાન્ય પદનામ 'જમીનદાર' નામથી સંબોધિત કરવાનું શરૂ થયું. જે ઈ.સ. 1526 પછી મુઘલ સમય દરમિયાન વધારે પ્રચલિત થયું.

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. નીચેના પ્રત્યેક પર 50 શબ્દોમાં નોંધ લખો :

(ક) ગ્રામ સમુદાય

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

(ખ) ચૌધરી

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

(ગ) પટવારી

..........................................................................................
..........................................................................................
..........................................................................................

..............................................................................

..............................................................................

2. નીચેનાં વિધાનો સામે ખરા (✓) અથવા ખોટા (✗)ની નિશાની કરો :

(i) દિલ્હી સલ્તનતકાળમાં જમીન પર ખેડૂતોનું સ્વામિત્વ હતું.

(ii) પટવારી ગામડાનો એવો કર્મચારી હતો જે હિસાબકિતાબ રાખતો.

(iii) સલ્તનતકાળમાં જમીન અને વ્યક્તિનું પ્રમાણ અનુકૂળ હતું.

## 20.4 સારાંશ

આ એકમમાં, દિલ્હી સલ્તનત યુગમાં ખેતી વ્યવસ્થા, ખેત ઉત્પાદન, સિંચાઈનાં સાધનો તથા ખેડૂત અને જમીન સાથે સંકળાયેલા મધ્યસ્થ વર્ગોનો અભ્યાસ કર્યો. આ સમયે મોટા પાયા પર ખેતી યોગ્ય જમીન ખેતીના ઉપયોગમાં ન હતી. દોઆબના કળદ્રૂપ પ્રદેશમાં બે પાકો લેવાની પ્રથા પ્રચલિત હતી. આ સમયે નહેરો કૃત્રિમ સિંચાઈનું મુખ્ય સાધન હતું. ગામડાંઓમાં ઉચ્ચ જમીન અધિકારીઓ (ખોત, મુકાદમો અને ચૌધરી) તથા સાધારણ ખેડૂતો જુદા જુદા સ્તરોમાં વહેંચાયેલા હતા.

## 20.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. જુઓ ભાગ 20.2
2. જુઓ પેટા વિભાગ 20.2.2
3. જુઓ પેટા વિભાગ 20.2.2
4. જુઓ પેટા વિભાગ 20.2.2

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. જુઓ પેટા વિભાગ 20.3.1 અને 20.3.2
2. (i) ✗ (ii) ✓ (iii) ✓

## 20.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**રોકડિયા પાક** - શેરડી, કપાસ, ગળી જેવા પાક જે બજારમાં વેચવાના હેતુથી ઉગાડવામાં આવતા

**ખરીફ** - શરદ ઋતુનો પાક

**રવી** - શિયાળુ પાક

# એકમ 21 શહેરી અર્થવ્યવસ્થાનો ઉદય તથા વ્યાપાર અને વાણિજ્ય (Rise of Urban Economy, Trade and Commerce)

રૂપરેખા


21.1 પ્રાસ્તાવિક

21.2 શહેરોનો વિકાસ

21.3 શહેરી ઉત્પાદન

21.4 વ્યાપાર અને વાણિજ્ય

- 21.4.1 આંતરદેશીય વ્યાપાર
- 21.4.2 વિદેશ વ્યાપાર : જળ અને સ્થળ માર્ગે
- 21.4.3 વ્યાપાર સાથે સંકળાયેલ વર્ગો
- 21.4.4 પરિવહન

21.5 સારાંશ

21.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

21.7 ચાવીરૂપ શબ્દો


## 21.1 પ્રાસ્તાવિક

પ્રસ્તુત એકમમાં 13મી અને 14મી સદીમાં શહેરી અર્થવ્યવસ્થા, હસ્તકલા ઉત્પાદન અને વ્યાપારના વિસ્તારના વિષયમાં તલસ્પર્શી અભ્યાસ કરવાનો પ્રયાસ કરીશું. દિલ્હી સલ્તનત દરમિયાન આ તમામ ક્ષેત્રોમાં સારો એવો વિકાસ થયો હતો.

મોહમ્મદ ઘોરીના આક્રમણ સમયે શહેરી અર્થવ્યવસ્થા ભાંગી પડવાની સ્થિતિમાં હતી એવું પ્રાપ્ય સમકાલીન આધારો પરથી કહી શકાય. દિલ્હી સલ્તનતની સ્થાપના પૂર્વેની સદીઓમાં શહેરોની સંખ્યા ઓછી અને આકાર વિસ્તાર પ્રમાણમાં નાનો હતો. પ્રોફેસર ડી.ડી. કૌસામ્બીના મતે "રાજધાની પણ તંબુઓનું એક એવું શહેર હતું, જે એક સ્થાન પરથી બીજા સ્થાને પ્રસ્થાન કરતું રહેતું હતું." ઉચ્ચ શાસક વર્ગ લશ્કરની સાથે એક જગ્યાએથી બીજી જગ્યાએ ભ્રમણ કરતો રહેતો હતો. જ્યારે નીચલો કુલીન કે ભદ્રવર્ગ સંપૂર્ણપણે ગામડાંઓમાં મર્યાદિત હતો. ઇતિહાસકાર પ્રોફેસર આર.એસ.શર્મા પણ શહેરોના આ નાશ અંગેના દષ્ટિકોણનું સમર્થન કરે છે. તેઓએ પુરાતાત્ત્વિક ખોદકામ દરમિયાન મળી આવેલાં પ્રમાણોના વિસ્તૃત પુરાવાઓને આધારે શહેરોના નાશના મતને પુનઃ સ્થાપિત કર્યો છે. શહેરોના નાશ સંબંધી મતનું સમર્થન આ સમયના અતિ મંદ વ્યાપાર પરથી પણ મળી રહે છે. આ સમયમાં સોના-ચાંદીના સિક્કાઓની ભારે મોટી કમી તથા વિદેશી સિક્કાઓની સંપૂર્ણ ગેરહાજરી પણ આ જ સંકેત કરે છે કે વિદેશી વ્યાપાર અત્યંત ખરાબ અવદશામાં હતો. કોઈ એક પ્રદેશમાંથી પ્રાપ્ય સિક્કાના ભંડારમાં બીજા પ્રદેશનાં રાજ્યોના સિક્કાઓની ગેરહાજરી પણ એ બતાવે છે કે આ સમયે આંતરિક વ્યાપાર પણ અતિ મંદ ગતિએ ચાલતો હતો. દિલ્હી સલ્તનતની સ્થાપના પછી તરત જ આ પરિસ્થિતિમાં ઝડપી પરિવર્તન આવે છે. પુરાતત્વ વિષયક પુરાવાઓ અને સિક્કાઓનું અધ્યયન સાહિત્યિક સાધનોનાં આ પ્રમાણોનું સમર્થન કરે છે કે સલ્તનત કાળમાં શહેરોનો વિકાસ થયો અને વ્યાપારમાં વધારો થયો. આ પ્રમાણોના આધાર પર ઇતિહાસકાર મોહમ્મદ હબીબે 'શહેરી ક્રાંતિ'ના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે.

## 21.2 શહેરોનો વિકાસ (Growth of Towns)

શહેરોની સંખ્યા અને કદમાં વધારા અંગે ઉપલબ્ધ પ્રમાણોની ચર્ચા કરતાં પહેલાં શહેર કે નગરનો અર્થ શું છે એ જાણવું જરૂરી છે. સામાન્ય રીતે શહેર અંગે બે સાધારણ વ્યાખ્યાઓ છે. એક, આધુનિક સામાન્ય વ્યાખ્યા મુજબ 5000થી વધુ જન સંખ્યા ધરાવતી કોઈ વસતિ અને બે, એક એવી વસતિ જ્યાં 70 ટકાથી વધુ જન સંખ્યા ખેતી સિવાયના અન્ય વ્યવસાયોમાં જોડાયેલી હોય. આ બંને વ્યાખ્યાઓ એકબીજાની પૂરક નથી પરંતુ બીજી વ્યાખ્યા ખૂબ જ નાનાં શહેરો પર પણ લાગુ પડી શકે છે.

ભારતના પ્રાચીન યુગ માટે જે પ્રકારના પુરાતાત્ત્વિક પુરાવાઓ ઉપલબ્ધ છે તે 13મી-15મી સદી માટે નથી મળતા કારણ કે મધ્યયુગ દરમિયાન પુરાતત્ત્વ અંગે વધુ ધ્યાન આપવામાં આવ્યું ન હતું. આ સમય દરમિયાન લખાયેલ વિવિધ ગ્રંથો શહેરોના વિકાસનું અનુમોદન કરે છે. સમકાલીન ગ્રંથોમાં જે મુખ્ય શહેરો કે નગરોનું વિવરણ મળે છે તેમાં દિલ્હી (રાજધાનીનું શહેર), મુલતાન, અણહિલવાડ (પાટણ), ખંભાત, કરા, લખનૌતી (બંગાળ) અને દૌલતાબાદ (દેવગીરી) વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે લાહોર એક મોટું શહેર હતું. પરંતુ 13મી સદીમાં મંગોલ આક્રમણો પછી તેનો નાશ થયો હતો. પરંતુ 14મી સદીમાં તે પુનઃ સમૃદ્ધ થઈ ગયું હતું. આ સમયનાં આ શહેરોની જનસંખ્યા અંગે કોઈ ચોક્કસ જાણકારી મળતી નથી. પરંતુ એવા ઉલ્લેખો અવશ્ય મળે છે કે જેના પરથી એ જાણી શકાય છે કે તે સમયના માપદંડવાળાં શહેરોથી તે ઠીક ઠીક પ્રમાણમાં મોટાં શહેરો હતાં. ઇબ્ન બતૂતા, જે ઈ.સ. 1330માં રાજધાનીના શહેર દિલ્હીમાં આવ્યો હતો, તે જણાવે છે કે ''જ્યારે મુહમ્મદ તુઘલક ત્યાંની મોટા ભાગની વસતિનું દૌલતાબાદ ખાતે સ્થળાંતર કરાવી ચૂક્યો હતો, ત્યારે પણ દિલ્હી સંપૂર્ણ પૂર્વીય ઇસ્લામિક સામ્રાજ્યોમાં વિસ્તાર અને વસતિની દૃષ્ટિએ સૌથી મોટું શહેર હતું.'' દૌલતાબાદ અંગે પણ એ જણાવે છે કે ''તેનો વિસ્તાર એટલો મોટો હતો કે તે દિલ્હીનો મુકાબલો કરી શકે તેમ હતું.'' આ સમય દરમિયાન કેટલાંક નવાં નગરો પણ અસ્તિત્વમાં આવ્યાં હતાં. જેમ કે પૂર્વ રાજસ્થાનમાં જાઇન (Jhain), જેનુ નામ અલાઉદ્દીન ખિલજીના શાસનકાળમાં (ઈ.સ. 1296-1316) 'શહર નૌ' (Shahr Nau) રાખવામાં આવ્યું હતું.

### શહેરી વિકાસ માટેનાં જવાબદાર પરિબળો

એક અપરિચિત નવા પ્રદેશમાં આવનાર આક્રમણકારીઓ માટે એ બિલકુલ સ્વાભાવિક હતું કે અહીં-તહીં વેરવિખેર રહેવાને બદલે એકજૂથ બનીને રહે. આથી જ શરૂઆતના તબક્કે તુર્ક આક્રમણકારીઓ પોતાના ઘોડેસ્વારોની સાથે પોતાના ઈક્તાઓના મુખ્યાલયોમાં રહેવા લાગ્યા. પ્રારંભમાં ઈક્તા મુખ્યાલયોમાં મુક્તી, તેના ઘોડેસ્વાર, તેની પર નિર્ભર એવો અન્ય વર્ગ, નોકરચાકર અને તેમના પરિવારો કેન્દ્રિત હતાં, જે એક મોટા સૈનિક શિબિર શહેર (Camp cities) હતાં. હકીકતમાં તો આ સમયનાં મોટા ભાગનાં શહેરોનું સમકાલીન સાધનોમાં ઈક્તા મુખ્યાલયોના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે. દા.ત., હાંસી, કારા, અણહિલવાડ વગેરે. આ શહેરોને ટકાવી રાખવા માટે તેને અનાજ અને અન્ય જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવી પડતી હતી. પ્રારંભમાં ખરાજ એટલે કે જમીન મહેસૂલની વસૂલાત માટે આજુબાજુનાં ગામડાંઓ પર હુમલા કરતા હતા અથવા તો લૂંટફાટ કરતા હતા. પરંતુ ધીર ધીરે 14મી સદી સુધીમાં મોરીલેન્ડ નોંધે છે તેમ ''રોકડ નાણાંના રૂપમાં કર વસૂલાતની વ્યવસ્થા સ્થાપિત થઈ. હવે ખેડૂતો પાસે જમીન મહેસૂલ રોકડ નાણાંના રૂપમાં માંગવામાં આવતું હતું. હવે ખેડૂતો પોતાના ખેતર કે ખળા પર જ અનાજ વેચવા માટે લાચાર બની જતા હતા. વ્યાપારીઓ પણ શહેરોની જરૂરિયાતોની આ પૂર્તિ કરતા હતા. તેનાથી વ્યાપારનો એક એવો સિલસિલો ચાલ્યો, જેને આપણે 'પ્રેરિત વ્યાપાર' (Induced Trade) કહીએ છીએ.

એક જુદા જ પ્રકારની સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાંથી આવનાર શાસક વર્ગની વૈભવવિલાસ માટેની આવશ્યકતાઓ પણ અલગ પ્રકારની હતી, તે ફારસી કવિતા અને ગીતો, જુદા પ્રકારનાં નૃત્યો, પુસ્તકો, પહેરવા માટે રેશમી કપડાં તથા ભવ્ય કમાન યુક્ત ભવન નિર્માણ ઇચ્છતા હતા. તે સમયના માપદંડો મુજબ આ વર્ગની પાસે અઢળક સંસાધનો હતાં. આથી તેઓ તેની રુચિ પ્રમાણે વૈભવવિલાસ માટેની ચીજવસ્તુઓ મેળવવા માંગતા હતા. ઇસ્લામી સંસ્કૃતિનાં મુખ્ય કેન્દ્રોમાંથી કાયમી વસવાટ માટે પ્રોત્સાહન મળ્યું. આવી વ્યક્તિ, જેમ કે ઈસામીએ નોંધ્યું છે કે, માત્ર સૈનિકો જ નહીં બલકે હસ્તકલાકાર, ગાયક, નૃત્યકાર, સંગીતકાર, કવિ, હકીમ, જ્યોતિષી વગેરે પણ હતા. વસાહતી કુશળ કારીગરોએ સંભવતઃ નવી ટેક્નિકોનો ઉપયોગ કર્યો. આ અંગે એકમ 22માં વિસ્તૃત અભ્યાસ કરીશું. સમયની સાથોસાથ ભારતીય કારીગરોએ પણ નવી કારીગરી અને કૌશલ્યો વિશે જાણકારી મેળવી.

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. શહેરની વ્યાખ્યા આપી સમકાલીન ગ્રંથોમાં વર્ણવેલ મુખ્ય શહેરોનાં નામ આપો.
   (50 શબ્દો લખો.)

   ..............................................................................................................

   ..............................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

2. 13મી અને 14મી સદીનાં શહેરોના વિકાસ માટેનાં જવાબદાર પરિબળો વર્ણવો.
(8 લીટીઓમાં જવાબ આપો.)

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

## 21.3 શહેરી ઉત્પાદન (Urban Manufactures)

દિલ્હી સલ્તનતની સ્થાપનાએ શહેરી કલાકારીગરીના ઉત્પાદનને બેવડું વધારી દીધું. આ માટે બે મુખ્ય કારણો હતાં. એક તો, સલ્તનત સમયનો શાસક વર્ગ શહેરોમાં કેન્દ્રિત હતો અને પોતાની વિશાળ સાધનસંપત્તિ, જે તેઓને જમીન મહેસૂલના રૂપમાં મળતી હતી. આ સાધનસંપત્તિ શહેરોમાં જ ખર્ચ થતી હતી. આ ખર્ચ સેવાઓના બદલામાં કે ઉત્પાદિત વસ્તુઓની ખરીદી પાછળ કરવામાં આવતું હતું. જે ધન સેવાઓના બદલામાં આવતું હતું તેનો અમુક ભાગ શહેરી કલાકારીગરીના ઉત્પાદન પાછળ જતો હતો. જોકે શાસક અને અમીર-ઉમરાવોઓના બનેલા વર્ગની માંગ ખૂબ જ કીમતી એવી વૈભવવિલાસ માટેની ચીજવસ્તુઓ માટેની હતી; તેના પર આધારિત નીચલા વર્ગે સાધારણ જરૂરિયાતની કારીગરીના ઉત્પાદનને માટે એક વિશાળ બજારને જન્મ આપ્યો.

બીજું, વિદેશી આક્રમણકારીઓ દ્વારા ભારતમાં લાવવામાં આવેલ નવી ટેક્નિકોએ પણ શહેરી ઉત્પાદનને વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ અંગે આગલા એકમમાં વિશદ્ ચર્ચા કરીશું. વૈભવવિલાસની બાબતમાં રેશમનાં કપડાંનું ઉત્પાદન વધ્યું ; ઈરાનથી ગાલીચા બનાવવાની કલા આવી. એક અન્ય મહત્ત્વપૂર્ણ શહેરી ઉત્પાદન કાગળ ઉદ્યોગ હતો. શહેરોમાં રોજગાર અપાવનાર કદાચ સૌથી મોટું ક્ષેત્ર બાંધકામ નિર્માણ અંગેનું હતું, ઝિયાઉદ્દીન બર્નીના મતે ''અલાઉદ્દીન ખિલજીએ પોતાની ઇમારતોના નિર્માણ માટે લગભગ 70,000 કારીગરો રાખ્યા હતા. એકંદરે એમ કહી શકાય કે ઈ.સ. 1400માં શહેરોમાં પ્રત્યેક એકરે ઇમારતોનું પ્રમાણ ઈ.સ. 1200ની તુલનાએ ક્યાંય વધારે હતું.

**ઉત્પાદનનું સંયોજન**

આપણા માટે એ જાણવું પણ મહત્ત્વપૂર્ણ છે કે ઉત્પાદનનું સંયોજન-રચના કેવી રીતે કરવામાં આવતું હતું ? શું શહેરોમાં કારીગરો ઉત્પાદન માટે 'ઘરેલુ પદ્ધતિ'નો ઉપયોગ કરતા હતા ? અર્થાત્ તેની પાસે પોતાના હથિયાર અને કાચો માલસામાન હતો ? શું ઉત્પાદિત ચીજવસ્તુઓ પર તેનો માલિકી હક હતો અને તેઓ પોતે તેને બજારમાં વેચી શકતા હતા ? બીજા શબ્દોમાં કહીએ તો શું તેઓ પોતે રોજગાર સાથે સંકળાયેલા હતા ? અથવા તો શું હથિયારો (tools) તેઓનાં પોતાનાં હતાં અને તેઓ પોતાના ઘેર જ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા હતા ? અથવા ઉત્પાદિત ચીજવસ્તુઓ લેનાર વ્યાપારીઓ દ્વારા કાચો માલસામાન પૂરો પાડવામાં આવ્યો હતો અર્થાત્ આ કારીગરો ગૃહઉદ્યોગ પદ્ધતિથી આ કાર્ય કરતા હતા ? સલ્તનતકાળનાં સમકાલીન સાધનો આ પ્રશ્નો અંગે ખૂબ જ ઓછી જાણકારી આપે છે તો પણ, એટલું તો સહેલાઈથી કહી શકાય કે નવી ટેક્નિક હોવા છતાં મોટા ભાગનાં હથિયારો લાકડાનાં કે લોખંડનાં હતાં જે પ્રમાણમાં સસ્તાં હતાં. આથી જ આ સમયે કારીગર વર્ગ હથિયારોની માલિકી ધરાવતો હતો. કદાચ શ્રમના સંગઠન માટેની જુદી જુદી રીતો પ્રચલિત હતી. કેટલાક કારીગરો શેરીઓ, લત્તાઓ અને બજારોમાં અહીંતહીં ફરીને, સાદો પાડીને, પોતાની સેવાઓ વેચતા હતા. આ વર્ગમાં રૂ પીંજનાર પીંજારાને મૂકી શકાય. જેમ કે ખૈરુલ મજલિસમાં વિવરણ છે કે તેઓ ખભા ઉપર પંજેટી એટલે કે રૂ પીંજવાનું ઓજાર રાખી ઘેર ઘેર સાદ પાડતા ફરતા હતા અને એક નિશ્ચિત રકમ લઈ લોકોને રૂ પીંજી આપતા હતા. સૂતર કાંતવાનું કામ મોટે ભાગે સ્ત્રીઓ ઘરમાં જ

કરતી હતી. કાપડ વણાટના ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો ઘરમાં જ સાળ ઉપર સૂતરમાંથી કાપડ વણતા હતા. આ સૂતર તેઓ ખુદ કાંતતા અથવા તો બજારમાંથી ખરીદ કરતા હતા. આ ગૃહઉદ્યોગમાં સંકળાયેલા લોકો એક ચોક્કસ રકમ લઈને લોકો દ્વારા આપવામાં આવતા સૂતરમાંથી કાપડ વણીને આપતા હતા, પરંતુ જો કાપડ વણવા માટે ઉપયોગમાં લેવાનાર કાચો માલ જેવો કે રેશમ, સોનું અને ચાંદીના તાર જેવો કીમતી હોય તો તેને તૈયાર કરવા માટે તેઓએ કોઈની નજર તળે કારખાનાંઓમાં જઈને આ કાર્ય કરવાનું થતું. સુલતાન અને અમીર ઉમરાવોને પોતાની જરૂરિયાતની વૈભવવિલાસની કીમતી ચીજવસ્તુઓ બનાવવા માટે પોતાનાં અંગત કારખાનાંઓ હતાં. આ પ્રકારનાં કારખાનાંઓના અસ્તિત્વની આપણને ચોક્કસ જાણકારી મળી રહે છે. પ્રોફેસર ડી. ડી. કૌસામ્બીના અનુમાનથી વિપરીત આ કારખાનાંઓમાં તેના માલિકોના અંગત ઉપયોગ માટે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હતું, બજારમાં વેચવા માટે નહીં. શહાબુદ્દીન અલ ઉમરી પોતાના પુસ્તક મસાલિક-ઉલ-અબસારમાં લખે છે કે ''દિલ્હીમાં મુહમ્મદ તુઘલકનાં કારખાનાંઓમાં લગભગ ચાર હજાર રેશમના કારીગરો ભરતકામ કરતા હતા.'' અફીફના મતે ''ફિરોઝ તુઘલકનાં કારખાનાંઓમાં કાપડ અને ગાલીચા મોટા પાયા પર બનાવવામાં આવતાં હતાં.'' આમ છતાં આપણાં સાધનોમાં વ્યાપારીઓના કારખાનાંઓનો કોઈ જ ઉલ્લેખ મળતો નથી. પરંતુ આપણે એટલું તો ચોક્કસ પણે કહી શકીએ કે કદાચ તેઓ પણ ખુલ્લા બજાર માટે પોતાનાં કારખાનાંઓમાં કેટલુંક ઉત્પાદન કરતા હશે.

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. તેરમી અને ચૌદમી સદીમાં શહેરી ઉત્પાદનમાં થયેલા વધારા માટેનાં કારણો દર્શાવો. (80 શબ્દોમાં જવાબ લખો.)

   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................

2. શહેરનાં કેન્દ્રોમાં શ્રમ સંગઠનનાં વિવિધ સ્વરૂપોનું વર્ણન કરો. (70 શબ્દોમાં લખો.)

   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................

3. શાહી કારખાનાંઓ વિશે 60 શબ્દોમાં નોંધ લખો.

   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................

## 21.4 વ્યાપાર અને વાણિજ્ય (Trade & Commerce)

13મી અને 14મી સદી દરમિયાન કેટલાંય નાનાંમોટાં શહેરો અસ્તિત્વમાં આવ્યાં અને ફાલ્યાં-ફૂલ્યાં એ આપણે આગળ જોઈ ગયા. કલાકારીગરીના ઉત્પાદન માટે આ શહેરોને કાચો માલ અને અસ્તિત્વ ટકાવી રાખવા માટે ભોજન ઇત્યાદિની આવશ્યકતા હતી. આ સમયે જમીનમહેસૂલની વસૂલાત રોકડ

નાણાંના રૂપમાં કરવાની પ્રથા પણ વધી રહી હતી. સુલતાન અલાઉદ્દીન ખિલજીના સમય સુધીમાં (ઈ.સ. 1296-1316) રોકડ નાણાંમાં વસૂલાતની પ્રથા સંપૂર્ણપણે પ્રસ્થાપિત થઈ ચૂકી હતી. જેમ કે પાછલા એકમમાં આપણે જોઈ ગયા કે શહેરોમાં વસવાટકર્તા શાસક વર્ગના લોકોએ લગભગ સંપૂર્ણપણે ખેત ઉત્પાદનના વધારાના હિસ્સા ઉપર પોતાનો અધિકાર જમાવી દીધો હતો અને ગ્રામીણ મધ્યસ્થ વર્ગનો ભાગ ઘણો જ ઘટાડી દેવામાં આવ્યો.

ઉપરોક્ત તમામ આંતરિક કારણો વ્યાપારના વિકાસમાં ખૂબ જ સહાયક સિદ્ધ થયા. જમીન મહેસૂલનું રોકડમાં ચુકવણું કરવા માટે ખેડૂતોએ પોતાની વધારાની ઊપજ વેચી દેવી પડતી હતી. જ્યારે વ્યાપારીઓને શહેરોના રૂપમાં એવાં બજારો ઉપલબ્ધ હતાં જ્યાં તેઓ અનાજ અને અન્ય ખાદ્ય સામગ્રી વેચી શકતા હતા. જમીન મહેસૂલના ચુકવણા માટેની જરૂરિયાતમાંથી જે વ્યાપારનો જન્મ થયો તેને 'પ્રેરિત વ્યાપાર' કહેવામાં આવે છે.

## 21.4.1 અંતરદેશીય વ્યાપાર (Inland Trade)

આંતરિક વ્યાપારનો વિકાસ બે સ્તરોએ થયો. એક તો, ગામડાં અને શહેરો વચ્ચે જથ્થાબંધ વસ્તુઓ, મુખ્યત્વે ખેતીવાડીના ઉત્પાદનનો થોડા અંતરનો વ્યાપાર અને બે, જુદાં જુદાં શહેરો વચ્ચે ભારે કિંમતની ચીજવસ્તુઓ, મુખ્યત્વે કલાકારીગરીના ઉત્પાદનનો વધુ દૂરના અંતરનો વ્યાપાર. અગાઉ જોઈ ગયા મુજબ ગામડાંઓ અને શહેરોનો આ વ્યાપાર શહેરોના ઉદય અને જમીન મહેસૂલની રોકડમાં વસૂલાતનું સ્વાભાવિક પરિણામ હતું. શહેરનાં મુખ્ય કેન્દ્રો પોતાની ખાધાખોરાકી માટેની ચીજવસ્તુઓ માટે અને કલાકારીગરીના ઉત્પાદન માટે જરૂરી કાચા-માલ- સામાનની આવશ્યકતા માટે આજુબાજુઓનાં ગામડાંઓ ઉપર સપૂર્ણપણે નિર્ભર હતાં. જ્યારે ગામડાંઓમાં ખેડૂતોને જમીન મહેસૂલ રોકડમાં ચૂકવવા માટે પોતાના ઉત્પાદનને વેચીને નાણાં મેળવવાં જરૂરી હતાં. **'ચીજવસ્તુઓનો એક જ દિશામાં પ્રવાહ'** - એ આ પ્રકારના વ્યાપારની સૌથી મોટી વિશેષતા હતી. આ સમયે શહેરો પોતાની આજુબાજુનાં ગામડાંઓમાંથી ખાદ્ય સામગ્રી અને કાચો માલસામાન મેળવતાં હતાં પરંતુ તેઓને પોતાની કારીગરીની ચીજવસ્તુઓ ગામડાં તરફ મોકલવાની કોઈ આવશ્યકતા ન હતી, કારણ કે આ સમયનાં ગામડાંઓ પૂર્ણપણે આત્મનિર્ભર હતાં. વ્યાપારના આ એક જ દિશામાં પ્રવાહ પાછળનું મુખ્ય કારણ જમીન મહેસૂલ રોકડમાં ભરવા અંગેનું હતું. સ્વાભાવિક પણે આ પ્રથાએ ગામડાંઓમાંથી નિરંતર નિકાસની વ્યવસ્થાને જન્મ આપ્યો તથા શહેરોને સંપૂર્ણપણે ગામડાંઓ ઉપર નિર્ભર કરી દીધાં. આ વ્યાપારનું પ્રમાણ તો ઘણું વધારે હતું પરંતુ મૂલ્ય ખૂબ જ ઓછું હતું. આ વ્યાપાર મુખ્યત્વે ચોખા, ચણા અને શેરડી વગેરે ખાદ્ય પદાર્થો અને કારીગરીના ઉત્પાદન માટે કાચો માલસામાન કપાસ જેવી ચીજવસ્તુઓનો થતો હતો.

વિવિધ શહેરો વચ્ચેનો વ્યાપાર મુખ્યત્વે વૈભવ-વિલાસની ચીજ-વસ્તુઓ અંગેનો હતો. આથી તે વધુ કિંમતનો હતો. એક શહેરના કારીગર અને કલાકારીગરીની ચીજવસ્તુઓ બીજા શહેરમાં લઈ જવામાં આવતાં હતાં. ઝિયાઉદ્દીન બર્ની આ પ્રકારના વ્યાપાર અંગેનાં અનેક ઉદાહરણો આપે છે. રાજધાની દિલ્હીમાં દારૂ કોલ (અલીગઢ) અને મેરઠથી આવતો હતો, મલમલ દેવગિરિથી તથા અન્ય કાપડ બંગાળથી આવતું હતું. ઇબ્ન બતૂતાના મતે દિલ્હીમાં સાધારણ કાપડ અવધ પ્રદેશમાંથી અને પાન માળવાથી (જેને દિલ્હી પહોંચતાં 24 દિવસ લાગતા હતા) આવતાં હતાં. જ્યારે અન્ય એક શહેર મુલતાન, ખાંડ દિલ્હી અને લાહોરમાંથી અને ઘી સિરસા (હરિયાણા) ખાતેથી મેળવતું હતું.


શહેરો વચ્ચે લાંબા અંતરના વ્યાપાર દ્વારા વિદેશોમાંથી આવનાર ચીજવસ્તુઓ સીમાડા પરનાં શહેરોમાંથી અન્ય શહેરોમાં તથા નિકાસ થતી ચીજવસ્તુઓ વિવિધ સ્થાનોએથી સીમાડાનાં શહેરોમાં પહોંચતી હતી. સ્થળ માર્ગ પરના વ્યાપારનું સૌથી મોટું કેન્દ્ર કદાચ મુલતાન હતું. તે પુનઃ નિકાસના કેન્દ્ર તરીકે પણ કાર્ય કરતું હતું. આપણાં ગુજરાતના ભરૂચ અને ખંભાત જેવાં સમુદ્રકિનારાનાં શહેરો વિદેશ વ્યાપારનાં વિનિમય કેન્દ્રો તરીકે કાર્ય કરતાં હતાં.

## 21.4.2 વિદેશ વ્યાપાર : જળ અને સ્થળ માર્ગે (Foreign Trade : Seaborne and Overland)

સલ્તનતકાળ દરમિયાન જળ અને સ્થળ માર્ગીય વેપાર સારા એવા પ્રમાણમાં ફૂલ્યો-ફાલ્યો હતો.

### જળ માર્ગે વ્યાપાર

ખિલજી વંશના શાસનકાળ દરમિયાન દિલ્હી સલ્તનતમાં ગુજરાત ભળી જતાં દિલ્હી સલ્તનત અને ઈરાનની ખાડી તથા રાતા સમુદ્ર વચ્ચેના વ્યાપારિક સંબંધો વધ્યા, કારણ કે ગુજરાત ભૌગોલિક દૃષ્ટિએ ઈરાનની ખાડી તથા રાતા સમુદ્ર સાથે વ્યાપારિક માર્ગો દ્વારા જોડાયેલું હતું. ઈરાનની ખાડીમાંથી પસાર થતાં વહાણો માટે બસરા અને હોર્મુજ મુખ્ય બંદરો હતાં. રાતા સમુદ્રમાં એડન,


THE MAJOR SEAPORTS
13th-15th Centuries
CHINA
PERSIA
ARABIA
INDIA
AFRICA
PHILLIPPINE Islands
Canton
Marao
Borneo
Bantam
Java
Mallacca
SUMATRA
Achin
Martaban
Pegu
Cosmin
Chittagong
Sripur
Hoogli
Masulipatam
Negapatam
Ceylon
Colombo
Cochin
Calicut
Bhatkal
GOA
Daman
Cambay
Bandar
Lahari
Maldiv Island
Ormuz
Persian Gulf
Muscat
Basra
Socotra
Jidda
Mocha
Aden
Red Sea
Suez
Magadoxo
Zanzibar
Madagascar
Mozambique
Sofala
Cape of Good Hope

મુખ્ય બંદરો

મોચા (Mocha) અને જિદ્દા (Jidda)નાં બંદરો ગુજરાત માટે મહત્ત્વપૂર્ણ હતાં. આ બંદરોએથી માલ-સામાન એક તરફ દમાસ્કસ અને એલેપ્પો અને બીજી બાજુ એલેક્ઝાન્ડરિયા પહોંચતો હતો. એલેપ્પો અને એલેકઝાન્ડરિયા ભૂમધ્ય સમુદ્રના માર્ગમાં આવતા હતાં, જેનાથી યુરોપના દેશોનો સંપર્ક થતો હતો. ગુજરાતનાં બંદરીય શહેરોનાં બંદરો પરથી માલસામાન પૂર્વ તરફ મલક્કા (જલડમરુ મધ્ય) ને બેન્ટમ તથા અંચિન (ઇન્ડોનેશિયાઈ દ્વીપસમૂહ) પહોંચતો હતો.

એક યુરોપિયન યાત્રી ટોમ પાયર્સ કે જે 16મી સદીના પ્રથમ દાયકામાં ભારતમાં આવ્યો હતો, તે ગુજરાતના બંદરીય શહેર ખંભાતના વ્યાપાર અંગે કહે છે કે ''ખંભાત પોતાના બંને હાથ આગળ ફેલાવે છે, પોતાના જમણા હાથથી તે એડન પહોંચે છે અને બીજા હાથથી મલક્કા...'' ટોમ પાયર્સ આગળ ચાલતાં પુનઃ કહે છે કે ''જો ખંભાત અને મલક્કા ખૂબ જ સમૃદ્ધશાળી બનવા માગતા હોય તો મલક્કા ખંભાત વગર અને ખંભાત મલક્કા વગર ટકી શકે નહીં. જો ખંભાતને મલક્કા સાથે વ્યાપાર કરવા દેવામાં ન આવે તો તેનું અસ્તિત્વ જ ખતમ થઈ જાય, કારણ કે આ પછી તેની પાસે પોતાના માલસામાન માટે કોઈ માર્ગ જ બચતો નથી.''

ગુજરાતમાંથી મલક્કા નિકાસ થતાં મુખ્ય માલસામાનમાં રંગીન કાપડ હતું, જે ખંભાત અને ગુજરાતનાં અન્ય શહેરોમાં તૈયાર થતું હતું. આ કાપડની મલક્કાનાં શહેરોમાં ખૂબ જ માંગ હતી. આ કાપડના બદલામાં ગુજરાતના વ્યાપારીઓ અહીંથી મસાલાઓ લઈને આવતા. 'રંગીન કાપડના બદલામાં મસાલા'નો આ વ્યાપાર પોર્ટુગાલીઓનો એશિયામાં પ્રવેશ થયો ત્યાં સુધી ચાલુ રહ્યો હતો. 16મી સદીના પ્રથમ દાયકામાં જ ભારત આવેલ ઈટાલીનો યાત્રી વાર્થેમા લખે છે કે ''ખંભાતના બંદરે પ્રત્યેક વર્ષે' વિભિન્ન દેશોના 300 જેટલાં વહાણો આવ-જા કરે છે.'' તે એ પણ જણાવે છે કે લગભગ 400 તુર્ક વ્યાપારી દીવ (DIV) માં રહે છે.

દરબારી ઇતિહાસકાર વસ્સાફ (Wassaf) નોંધે છે કે ''પ્રત્યેક વર્ષે માબાર અને ખંભાત ખાતે ઈરાનમાંથી આશરે 10,000 ઘોડાઓ લાવવામાં આવતા હતા.'' ભરૂચના સિક્કાઓના ભંડારોમાં દિલ્હી સલ્તનતના સિક્કાઓની સાથે ઇજિપ્ત, સીરિયા, યમન, ઈરાન, જીનીવા, આર્મેનિયા અને રોમના વેનિસ શહેરના પણ સોના-ચાંદીના સિક્કાઓ મળી આવે છે જે વિશાળ જળ માર્ગીય વ્યાપારનું સમર્થન કરે છે.

બગાળનાં બંદરોનો ચીન, મલક્કા ને દૂર પૂર્વ સાથે વ્યાપારી સંબંધો હતા. સુતરાઉ કાપડ, ખાંડ અને રેશમની બંગાળામાંથી નિકાસ થતી હતી, જે નિકાસની મુખ્ય ચીજવસ્તુઓ હતી. વાર્થેમાના મતે પ્રત્યેક વર્ષે લગભગ 50 જેટલાં વહાણો આ વસ્તુઓ લઈને ઈરાન અને અન્ય સ્થળોએ જતાં હતાં. બંગાળમાં હોર્મુઝ ખાતેથી મીઠું અને માલદીવથી દરિયાઈ છીપ આયાત કરવામાં આવતી હતી. આ છીપો બંગાળ, બિહાર અને ઓરિસામાં સિક્કાઓના રૂપમાં ઉપયોગમાં લેવામાં આવતી હતી.

જળ માર્ગીય વ્યાપારનું એક અન્ય કેન્દ્ર સિંધ પણ હતું. દેવલ એ સિંધનું સૌથી મોટું બંદર હતું. આ પ્રદેશના વ્યાપારી સંબંધો રાતા સમુદ્રના દેશોના બંદરોની તુલનાએ ઈરાનની ખાડીનાં બંદરો સાથે વિશેષ હતાં. સિંધમાંથી ખાસ પ્રકારનું કાપડ અને દૂધમાંથી બનાવેલ વિવિધ વસ્તુઓ નિકાસ કરવામાં આવતી હતી. ધુમાડાથી સૂકવેલ માછલી (Smoked Fish) પણ અહીંની એક વિશેષતા હતી.

## તટીય વ્યાપાર (Coastal Trade)

તટ પ્રદેશનો વ્યાપાર વિકસવો એ સ્વાભાવિક જ હતું. છેક સિંધથી લઈને બંગાળ સુધી વચમાં ગુજરાત, મલબાર અને કોટા મંડલના કિનારાના વિસ્તારો છે. તેના દ્વારા વિભિન્ન પ્રદેશોના માલ-સામાનને તટીય કિનારાનાં શહેરોમાં વિનિમય માટેની તક મળી. આ તટીય વેપાર જમીન માર્ગીય આંતરદેશીય વ્યાપારથી અલગ પ્રકારનો વેપાર હતો.

## સ્થળ માર્ગે વ્યાપાર (Overland Trade)

સ્થળ માર્ગો દ્વારા વ્યાપારનું મુખ્ય કેન્દ્ર મુલતાન હતું. મુલતાન-ક્વેટા માર્ગ દ્વારા ભારત એ સમયે મધ્ય એશિયા, અફઘાનિસ્તાન અને ઈરાન દ્વારા જોડાયેલું હતું. પરંતુ મધ્ય એશિયા અને ઈરાનમાં વારંવારનાં મંગોલ આક્રમણોને લીધે વ્યાપારીઓ આ માર્ગને ઓછો પસંદ કરતા હતા.

## આયાત-નિકાસ

આયાત માટેની બે મુખ્ય વસ્તુઓ હતી : (અ) **ઘોડા :** ઘોડેસવાર સૈન્ય માટે ઘોડાની જરૂરિયાત હરહંમેશ રહેતી. કારણ કે ભારતમાં સારી ઓલાદના ઘોડા થતા નહીં તેમ જ મધ્ય એશિયા અને આરબ ઘોડા માટે ભારતનું હવામાન અનુકૂળ ન હતું. આ ઘોડા મુખ્યત્વે જોફર (યમન) કિસ (kis) હોર્મુઝ તથા એડનથી આયાત કરવામાં આવતા હતા.

(બ) **કીમતી ધાતુઓ :** સોના અને ચાંદી, એમાંય વિશેષ કરીને ચાંદીની માંગ ખૂબ જ મોટા

પ્રમાણમાં હતી કારણ કે ભારતમાં ખાણમાંથી અતિ અલ્પ પ્રમાણમાં જ ચાંદી મળતી હતી. સાથો-સાથ સિક્કાઓ અને વૈભવવિલાસ માટેની કીમતી ચીજવસ્તુઓ બનાવવા માટે તેની માંગ સતત વધતી રહી હતી. જરી, કિનખાબ અને રેશમી કાપડ ચીન, એલેક્ઝાન્ડરિયા તથા ઇરાક ખાતેથી આયાત કરવામાં આવતાં હતાં. યુરોપથી આયાત થતી અતિ મૂલ્યવાન વૈભવવિલાસની ચીજ-વસ્તુઓ ગુજરાતનાં બંદરો દ્વારા આવતી હતી.

સલ્તનત સમયમાં ભારતમાંથી નિકાસ થતી મુખ્ય ચીજવસ્તુઓમાં અનાજ અને સુતરાઉ કાપડનો સમાવેશ થતો હતો. ઈરાનની ખાડી વિસ્તારના કેટલાય દેશો પોતાની ખાદ્યસામગ્રી માટે સંપૂર્ણ પણે ભારત પર જ નિર્ભર રહેતા હતા. ગુલામો મધ્ય એશિયા અને ગળી ઈરાન ખાતે નિકાસ કરવામાં આવતાં હતાં. આ સિવાય અન્ય કેટલીયે ચીજવસ્તુઓની નિકાસ કરવામાં આવતી હતી. ગોમેદ તથા અન્ય કીમતી પથ્થરોની ખંભાતના બંદરેથી નિકાસ કરવામાં આવતી હતી.

### પોર્ટુગાલીઓનું આગમન

વિશાળ પાયા પરની વ્યાપારિક ગતિવિધિઓ છતાં પણ વિદેશ વ્યાપારમાં ભારતના વ્યાપારીઓની કોઈ ગણનાપાત્ર ભાગીદારી ન હતી. માત્ર ગુજરાતના વણિકોનો એક વર્ગ, દક્ષિણના ચેટ્ટી તથા ભારતમાં વસેલા કેટલાક મુસલમાન વ્યાપારીઓ જ આ મોટા વ્યાપારમાં ભાગ લેતા હતા. મોટા ભાગના વ્યાપાર આરબ વ્યાપારીઓના હાથમાં હતો. ઈ.સ. 1498માં પોર્ટુગાલીઓ 'કેપ ઑફ ગુડ હોપ' થઈ કાલીકટ પહોંચ્યા. તેણે ભારતના દરિયાઈ માર્ગના વેપારમાં 'શક્તિના તત્ત્વનું' એક નવું જ પરિમાણ ઉમેર્યું. શ્રેષ્ઠ તોપો સાથેનાં પોતાનાં વહાણોની મદદથી પોર્ટુગાલીઓએ ખૂબ જ થોડા સમયમાં એશિયાઈ વ્યાપારમાં પોતાનું પ્રભુત્વ જમાવી દીધું. ભારતીય સમુદ્રના પશ્ચિમ ભાગમાં આવેલાં વ્યાપારી કેન્દ્રો પણ આ પ્રભુત્વને તાબે થઈ ગયાં. આમ થતાં ભારતીય વેપારમાં આરબ ભાગીદારી અત્યંત મર્યાદિત થઈ ગઈ. જોકે પૂર્વીય પ્રદેશોમાં ખાસ કરીને મલક્કામાં ભારતીય વેપારીઓ સાથે તે પોતાનું સહઅસ્તિત્વ જાળવી શક્યા.

પોર્ટુગાલીઓએ ઈ.સ. 1510માં ગોવા મેળવી લીધું હતું, જે તેઓનું મુખ્ય મથક બન્યું. તેઓએ ઈ.સ. 1511માં મલક્કા, ઈ.સ. 1515માં હોર્મુઝ, ઈ.સ. 1534માં બેસીન અને ઈ.સ. 1537માં દિવ પર અધિકાર મેળવી લીધો હતો. પોર્ટુગાલીઓના સંરક્ષણ તળે ગોવા નિકાસ વ્યાપારનું એક મુખ્ય કેન્દ્ર બની ગયું. પોર્ટુગાલીઓ ગોવાના વ્યૂહાત્મક મહત્ત્વને સારી રીતે જાણતા હતા અને સમજતા હતા કે ભારતમાં પોતાનું સ્થાન ટકાવી રાખવા માટે ગોવા અતિ મહત્ત્વનું છે. પરંતુ ગોવા ઉપર પોર્ટુગાલીઓનો અધિકાર અન્ય પશ્ચિમ ભારતીય બંદરો માટે નુકસાનદાયક હતો. ટોમ પાયર્સ યોગ્ય રીતે જ નોંધે છે કે દક્ષિણ અને ગુજરાતના મુસલમાન શાસકો માટે ગોવા એક હાનિકારક પાડોશી હતું. ભારતના સમુદ્ર પર 100 વર્ષના પોર્ટુગાલી પ્રભુત્વને કારણે પશ્ચિમી કિનારાનાં અનેક બંદરોનું પતન થયું. આ બધું જ નીચે જણાવ્યા પ્રમાણે પોર્ટુગાલીઓની આક્રમણકારી નીતિ-રીતિઓને આભારી હતું :

1. પોર્ટુગાલીઓએ દરિયાઈ માર્ગો પર અધિકાર કરી લીધો હતો.
2. અન્ય વેપારીઓ દ્વારા લઈ જવામાં આવનાર માલસામાન ઉપર તેમ જ તેના પ્રમાણ પર નિયંત્રણ રાખતા હતા તથા
3. પોર્ટુગાલીઓએ 'કારટઝ' (Cartaz) એટલે કે કાગળનો પત્ર ચાલુ કરવાની પરંપરા શરૂ કરી. એશિયાઈ વિસ્તારના દરિયામાં વહાણોને આવવા-જવા માટેનો આ એક પ્રકારનો આજ્ઞાપત્ર હતો. આ આજ્ઞાપત્ર ન હોય તો માલ લૂંટીને વહાણ જપ્ત કરી લેવા સુધીની કાર્યવાહી થતી હતી. 'કારટઝ' માટે એક ચોક્કસ રકમ લેવામાં આવતી હતી.

પોર્ટુગાલીઓની આ નીતિરીતિઓ એ ભારતીયો અને આરબોના દરિયાઈ વેપારને મોટું નુકસાન પહોંચાડ્યું હતું.

## 21.4.3 વ્યાપાર સાથે સંકળાયેલ વર્ગો (Commercial Classes)

સલ્તનત કાળના ગ્રંથોમાં બે પ્રકારના વ્યાપારીઓનું વિવરણ મળે છે : કારવાની અથવા નાયક અને મુલતાની. જે વેપારીઓ અનાજનો વેપાર કરતા હતા તેને ઝિયાઉદ્દીન બર્ની 'કારવાની' (એક ફારસી શબ્દ જેનો અર્થ એક મોટી સંખ્યામાં સાથે ચાલતા અથવા કારવાં) કહે છે. જ્યારે આ સમયનો એક મુખ્ય સૂફી નાસિરુદ્દીન ચિરાગ દિલ્હી તેને 'નાયક' તરીકે ઓળખાવે છે. આ વેપારીઓનું વર્ણન કરતાં તે કહે છે કે ''આ એ લોકો છે, જે વિભિન્ન પ્રદેશોમાંથી અનાજ લાવીને શહેર (દિલ્હી)માં આવે છે. કેટલાકની પાસે અનાજથી લદાયેલ 10,000 બળદો હોય છે અને કેટલાકની પાસે 20,000 બળદો હોય છે. એટલુ ચોક્કસપણે કહી શકાય કે કે આ 'કારવાની' પછીના સમયમાં બંજારા-વણઝારા

તરીકે ઓળખાયા. મુઘલકાળના ગ્રંથો સ્પષ્ટ પણે દર્શાવે છે કે આ વણઝારાઓ સમૂહોમાં રહેતા હતા. અને તેનો મુખિયો નાયક કહેવાતો હતો.

મુલતાની એ એક બીજા પ્રકારનો મહત્ત્વનો વેપારીઓનો વર્ગ હતો. તેનું વર્ણન તે સમયનાં સાધનોમાંથી મળી રહે છે. ઝિયાઉદ્દીન બર્નીના મતે વધારે દૂરનાં સ્થળોનો વેપાર આ વેપારીઓના હાથમાં હતો. આ વર્ગ વ્યાજ અને વ્યાપાર એમ બંને પ્રકારનાં કાર્યો સાથે સંકળાયેલો હતો. આ સાહ અને મુલતાની વેપારીઓ એટલા બધા સાધનસંપન્ન અને ધનિક હતા કે તેઓ ભદ્રવર્ગના લોકોને પણ નાણાં ધીરતા હતા. બર્નીના મતે આ ભદ્ર વર્ગના લોકોને હંમેશાં નાણાંની આવશ્યકતા રહેતી હતી. મોટા ભાગના સાહ અને મુલતાની હિંદુઓ હતા. પરંતુ કેટલાક મુસ્લિમ મુલતાની વ્યાપારીઓના ઉલ્લેખો પણ મળી આવે છે. દા.ત., હમીદઉદ્દીન મુલતાનીને બર્ની 'મલિક-ઉત-તુજજાર' (મહાન વેપારી) નામથી સંબોધન કરે છે. આ વિશિષ્ટ વ્યાપારી વર્ગ સિવાય પણ જે લોકો વેપાર કરવા ઇચ્છે તે વેપાર કરી શકતા હતા. દા.ત., બિહારના એક સૂફી દિલ્હી અને ગઝની વચ્ચે ગુલામોના વ્યાપાર સાથે સંકળાયેલા હતા. કેટલાય ધાર્મિક લોકો મધ્ય એશિયામાંથી દિલ્હી આવીને વ્યાપારમાં લાગી ગયા હતા.

દિલ્હી સલ્તનતકાળમાં ઊપસી આવેલ એક અન્ય વર્ગ દલાલોનો હતો. આ વર્ગ વ્યાપારમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવતો હતો. આ દલાલો વેચનાર અને ખરીદનાર વચ્ચે એક 'વચેટિયા'ના રૂપમાં કાર્ય કરતો હતો અને બંને પક્ષો પાસેથી પોતાનું કમિશન (દલાલી) મેળવતો હતો. ઝિયાઉદ્દીન બર્ની જણાવે છે કે આ લોકો 'બજારના માલિકો' (હાકિમાન બાજાર) હતા અને બજારમાં ભાવો વધારવા માટે પણ તેઓ જ જવાબદાર હતા.'' અલાઉદ્દીન ખિલજી વસ્તુઓની કિંમત નિર્ધારિત કરતી વખતે આ દલાલો સાથે વિચારવિનિમય કરતો હતો. તે એવી પણ માહિતી મેળવતો કે પ્રત્યેક વસ્તુઓના ઉત્પાદન પાછળ કેટલો ખર્ચ થાય છે. બર્ની મુખ્ય દલાલ (મિહતરાન-એ-દલાલહા)નો પણ ઉલ્લેખ કરે છે. આ વિગતો પરથી એવું ફલિત થાય છે કે કદાચ દલાલોનો એક ચોક્કસ સંઘ પણ હતો પરંતુ આ સંદર્ભે અન્ય કોઈ વિસ્તૃત જાણકારી મળતી નથી. સુલતાન અલાઉદ્દીન ખિલજીના સમયમાં આ મુખ્ય દલાલોની સાથે ખૂબ જ કઠોરતાપૂર્વક વ્યવહાર કરવામાં આવતો હતો. પરંતુ સુલતાન ફિરોઝ તુઘલકના સમય સુધીમાં આ વર્ગે પોતાની ગુમાવેલી શક્તિ પુનઃ પ્રાપ્ત કરી લીધી હતી. ફિરોઝ તુઘલકે તો દલાલો પર લાદવામાં આવેલા 'દલાલાત-એ-બાઝારહા' નામનો કર પણ નાબૂદ કર્યો હતો. આ ઉપરાંત તેણે એવો નિયમ પણ બનાવ્યો હતો કે જો ખરીદનાર અને વેચનાર વચ્ચે સોદો પાર ન પડે તો પણ દલાલ લીધેલી દલાલી પાછી આપવા બંધાયેલો ન હતો. આ પરથી એવું ફલિત કરી શકાય કે તુઘલક સમયમાં દલાલી પ્રથાએ સ્થાપિત સંસ્થાનું રૂપ ધારણ કરી લીધું હતું. 'શરાફ' એ એક અન્ય વ્યાવસાયિક વર્ગ હતો. તેની ભૂમિકા પણ દલાલથી સહેજે ઓછી મહત્ત્વની ન હતી. નાણાં વિનિમયને કારણે આ વર્ગ પણ વ્યાપારીઓ માટે ખૂબ જ અગત્યનો હતો, ખાસ કરીને વિદેશી વ્યાપારીઓ માટે, જે પોતાના દેશનું ચલણ લઈને આવતા હતા. આ શરાફ વર્ગ સિક્કામાં ધાતુની શુદ્ધતા (ભારતીય તેમ જ વિદેશી)ની તપાસ કરતો અને સિક્કાઓનો વિનિમય દર નક્કી કરતો હતો. આ વર્ગ હૂંડી (જેને ફારસીમાં સુફતાજા કહેવામાં આવતી) અને ચલણ પત્ર પણ આપતો હતો. આ દૃષ્ટિએ તેઓ એક બૅંકની માફક કાર્ય કરતાં હતાં. ભારતમાં તુર્ક લોકોના આગમન પછી કાગળના પ્રચલનને લીધે હૂંડી પ્રથાનો બહુ ઝડપથી વિકાસ થયો. આ પ્રકારની સેવાના બદલામાં શરાફો પોતાનું એક ચોક્કસ પ્રકારનું કમિશન લેતા હતા.

આ રીતે આપણે જોઈએ છીએ કે તે સમયમાં વ્યાવહારિક ગતિવિધિઓમાં દલાલ અને શરાફની કેન્દ્રવર્તી ભૂમિકા હતી. આ બંને વર્ગો કેટલીયે મહત્ત્વપૂર્ણ આર્થિક સંસ્થાઓના અભિરક્ષક હતા. હકીકતમાં જોઈએ તો કોઈ પણ વેપારી તેના વગર કાર્ય કરી શકતો નહીં.

## 21.4.4 પરિવહન (Transport)

માલસામાનની હેરફેર માટે પશુઓ અને બળદ ગાડાં એમ બંનેનો ઉપયોગ થતો હતો. સંભવતઃ પશુઓની પીઠ પર લાદીને માલસામાનની વધુ હેરફેર થતી હતી. ઇબ્ન બતૂતા નોંધે છે કે ''તેણે જોયું કે લગભગ 3,000 બળદોની પીઠ ઉપર, 30,000 મણ અનાજ લાદીને અમરોહાથી દિલ્હી જઈ રહ્યું હતું.'' અફીફના મતે બળદગાડામાં બેસીને લોકો યાત્રા પણ કરતાં હતાં. માલસામાનની હેરફેર કરતા પશુઓ પરિવહનનું સૌથી સસ્તું માધ્યમ હતું. આ પશુઓ રસ્તામાં ધીરે ધીરે ચરતાં-ચરતાં મોટા ટોળામાં ચાલતાં હતાં. આથી પરિવહનનો ખર્ચ ખૂબ જ ઓછો થતો હતો. ઇબ્ન બતૂતા લખે છે કે સમગ્ર સામાન્યના વિવિધ પ્રદેશો વિશેષ રસ્તાઓથી જોડાયેલા હતા જેના પર ચોક્કસ અંતરે સ્તંભો અને મિનારાઓ બનાવવામાં આવ્યા હતા.

માસાલિક-ફિલ-અવસારના લેખક શહાબુદ્દીન-અલ-ઉમરીના વિવરણના આધારે એવું કહી શકાય કે રાજ્ય દ્વારા વ્યાપાર માટે અનુકૂળ પરિસ્થિતિઓનું નિર્માણ કરવાનો પ્રયાસ કરવામાં આવતો હતો. દરેક પડાવ પર ધર્મશાળાઓ ઊભી કરવામાં આવતી હતી. બંગાળમાં ઈવાઝ ખિલજીએ પૂરનું નિયંત્રણ કરવા માટે લાંબા બંધો બાંધ્યા હતા. નદી માર્ગે જથ્થાબંધ માલસામાન લાવવા-લઈ જવા માટે હોડીઓની વ્યવસ્થા કરવામાં આવતી હતી. જ્યારે દરિયાઈ વ્યાપાર માટે વહાણોની વ્યવસ્થા હતી.

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. નીચેના પ્રત્યેક પર ત્રણ ત્રણ વાક્યોમાં વિવેચનાત્મક નોંધ લખો :

   (i) વણજારા

   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................

   (ii) મુલતાની

   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................

   (iii) આયાત-નિકાસની ચીજવસ્તુઓ

   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................

   (iv) પ્રેરિત વ્યાપાર

   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................

   (v) દલાલ અને શરાફ

   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................

   (vi) કારોઝ

   ............................................................................................
   ............................................................................................
   ............................................................................................

2. વ્યાપારના વિસ્તાર માટેનાં જવાબદાર પરિબળો વર્ણવો. (80 શબ્દો લખો.)

............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................
............................................................................................

3. પરિવહન માટેનાં મુખ્ય સાધનો વર્ણવો. (5 લીટીઓમાં પ્રત્યુત્તર આપો.)

............................................................................................
............................................................................................
............................................................................................

............................................................................................

............................................................................................

4. 13મી અને 14મી સદીના મુખ્ય દરિયાઈ અને જમીન વેપાર માર્ગોનું વર્ણન કરો. (70 શબ્દોમાં લખો.)

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

## 21.5 સારાંશ

આ એકમમાં આપણે જોઈ ગયા કે તુર્ક લોકોના ભારત આગમન પછી વેપાર-ઉદ્યોગમાં વધારો થયો. ઈ.સ. 1200 પછી સિક્કાઓના વિપુલ ભંડારો મળે છે. આ સમયમાં કેટલાંક નવાં નગરો કે શહેરોનો ઉદય થયો. શહેરોમાં હુન્નર ઉદ્યોગો કેવી રીતે સંગઠિત હતા એ પણ જોઈ ગયા. 13મી અને 14મી સદીના મુખ્ય જળ અને સ્થળ માર્ગો તથા બંદરો અંગેની જાણકારી પણ તમે મેળવી લીધી. આયાત અને નિકાસની મુખ્ય ચીજવસ્તુઓ તથા પરિવહનનાં મુખ્ય સાધનો અંગે પણ જાણકારી મેળવી. સાથોસાથ આપણે વ્યાપાર સાથે સંબંધિત મુખ્ય વર્ગો જેવા કે, કારવાની, મુલતાની, દલાલ અને શરાફ અંગે પણ અધ્યયન કર્યું. દિલ્હી સલ્તનત દરમિયાન વધતી જતી વ્યાપારી ગતિવિધિઓ છતાં તેમાં ભારતીય વ્યાપારીઓની ભાગીદારી નગણ્ય હતી, ખાસ કરીને વિદેશો સાથેના વ્યાપાર ઉપર સંપૂર્ણપણે આરબ વ્યાપારીઓનું વર્ચસ્વ હતું. આપણા અભ્યાસકાળનાં અંતિમ વર્ષોમાં, 'કેપ ઓફ ગુડ હોપ'ની શોધને પરિણામે પોર્ટુગાલીઓનું ભારત ખાતે આગમન થયું તેણે એક નવું પરિમાણ ઉમેર્યું. પરિણામે આવનાર વર્ષોમાં વિશ્વ સાથે ભારતના વ્યાપારિક સંબંધોમાં ભારે મોટું પરિવર્તન આવ્યું.

## 21.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1, જુઓ, પેટાવિભાગ - 21.2

2, જુઓ, પેટાવિભાગ - 21.2.1

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1, જુઓ, ભાગ 21.3

2, જુઓ, પેટાવિભાગ - 21.3.2.

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1, જુઓ, ભાગ-21.4 તળેના 21.4.2, 21.4.3

2. જુઓ, ભાગ-21.4

3, જુઓ, પેટાવિભાગ-21.4.4

4, જુઓ, પેટાવિભાગ-21.4.2

## 21.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઘરેલુ ઉત્પાદન :** ઉત્પાદનની એવી પ્રક્રિયા કે જેમાં કારીગર પોતાનાં સાધનો અને કાચો માલ-સામાન પોતાના ઘરોમાં જ ઉત્પાદન કરે છે.

**પંજેટી** : રૂ પીંજવાનું ઓજાર

**વચેટિયો :** મધ્યસ્થી, દલાલ

**માલ :** જમીન મહેસૂલ.

# એકમ 22 તકનિકી અને કારીગરી
# (Technology and Crafts)

**રૂપરેખા**


22.1 પ્રાસ્તાવિક

22.2 ખેતીવાડીમાં યાંત્રિક કાર્યપદ્ધતિ

22.2.1 હળ

22.2.2 વાવણી

22.2.3 લણણી, દાણા છૂટા પાડવા અને વાવલવું

22.2.4 સિંચાઈનાં સાધનો

22.3 કાપડ ઉદ્યોગમાં યાંત્રિક કાર્યપદ્ધતિ

22.3.1 કપાસ લોઢવો પીંજવો અને કાંતવો

22.3.2 વણાટકામ

22.3.3 રંગાઈ અને છાપકામ

22.4 મકાન નિર્માણ

22.4.1 ચૂના-પથ્થર

22.4.2 કમાન અને ઘુમ્મટ : કમાનવાળાં છાપરાં

22.5 કાગળ ઉત્પાદન અને બુક બાઈન્ડિંગ

22.6 લશ્કરીતંત્ર લશ્કરી યાંત્રિક કાર્યપદ્ધતિ

22.6.1 પેંગડું

22.6.2 નાળ

22.6.3 દારૂગોળો અને અગ્નિશસ્ત્રો

22.7 કલાઈનું આવરણ

22.8 કાચનું ઉત્પાદન

22.9 વહાણનું બાંધકામ

22.11 દારૂ ગાળવો

22.11 સારાંશ

22.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

22.13 ચાવીરૂપ શબ્દો


## 22.1 પ્રાસ્તાવિક

આ એકમમાં દિલ્હી સલ્તનત સમયના તકનિકી (ટેક્નોલૉજી) અને કારીગરી અંગે વિગતવાર ચર્ચા કરીશું. દુનિયામાં હજુ સુધી એવી કોઈ માનવ સભ્યતા નથી થઈ કે જેમાં રહેનાર માનવીએ પોતાના જીવન હેતુસર કોઈને કોઈ પ્રૌદ્યોગિક વિજ્ઞાન અથવા તો કલાકૌશલ્ય કે કારીગરીનો ઉપયોગ ન કર્યો હોય. હકીકતમાં તો પ્રૌદ્યોગિક વિજ્ઞાનનો ઇતિહાસ કોઈ પણ દૃષ્ટિએ રાજકીય તેમ જ આર્થિક અભ્યાસના ઇતિહાસથી ઓછું મહત્ત્વ ધરાવતો નથી. તકનિકી એ તો કોઈ પણ માનવસમાજની ભૌતિક સંસ્કૃતિનું એક અવિભાજ્ય અંગ છે.

સૌથી અસાધારણ વાત તો એ હતી કે પરદેશી વસાહતી મુસલમાનો દ્વારા લાવવામાં આવેલાં નવાં યંત્રો અને નવી કારીગરીથી ભારતવાસીઓ પરિચિત થયા, જે ઇસ્લામી પ્રદેશોની સંસ્કૃતિમાં ઊછર્યા હતા અને વિકસિત થયા હતા. અહીં આપણે સ્વદેશી હસ્તકારીગરી અને કલા-કૌશલ્યને નવી આયાત થયેલી હસ્તકારીગરી અને કલાકૌશલ્યનો સમન્વય કરી તેનો અભ્યાસ કરીશું.

આ સમયે હથિયાર, યંત્ર અને ઉપકરણ લાકડા અને માટીનાં બનેલાં હતાં અને તેનો જ ઉપયોગ કરવામાં આવતો હતો. જરૂરિયાત ઊભી થતી ત્યારે જ લોઢાનો ઉપયોગ કરવામાં આવતો હતો. આવશ્યકતા મુજબ દોરડું, ચામડું અને વાંસનો પણ ઉપયોગ કરવામાં આવતો હતો. આ કારણે તે ઓછાં ખર્ચાળ હતાં. આપણે અહીં જુદા જુદા કારીગર વર્ગો દ્વારા ઉપયોગમાં લેવાતાં યંત્રો અને

હથિયારોનું વર્ણન નથી કર્યું જેમ કે, હથોડો, કરવત, વાંસલો, રંધો, આરી, કુહાડી, બરમા (Barma), પાવડો, છીણી અને એરણ વગેરે.

અત્રે ખાણ અને ધાતુકામ અંગે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ધાતુકામ તળે કાચી ધાતુઓને ઓગાળવાનું કાર્ય લાકડા અને કોલસાના ઉપયોગ દ્વારા કરવામાં આવતું હતું. ભઠ્ઠીની આ સમયે કોઈ સગવડતા ન હતી. પરંતુ તેનું કાર્ય ધમણ દ્વારા લેવામાં આવતું હતું. મીઠું પકવવાના તથા હીરા કાઢવાના ઉદ્યોગો પણ મુખ્ય હતા. દરિયાના પાણીના કુદરતી બાષ્પીભવન દ્વારા મીઠું વ્યવસ્થિત રીતે એકઠું કરવામાં આવતું હતું.

## 22.2 ખેતીવાડીમાં યાંત્રિક કાર્યપદ્ધતિ (Agricultural Technology)

આ વિભાગમાં આપણે ખેતીવાડી સંબંધિત કાર્યપદ્ધતિ કે મુખ્ય કૌશલ્ય યંત્રોનું વર્ણન કરીશું.

### 22.2.1 હળ (Plough)

કેટલીયે સદીઓ પહેલાં હળે પાવડા અને કોદાળીનું સ્થાન લઈ લીધું હતું. સિંધુ ખીણની સંસ્કૃતિના એક કેન્દ્ર કાલીબંગા (રાજસ્થાન) ખાતેથી પ્રાપ્ત થયેલા પુરાતત્ત્વીય આધારો 'લોઢા રહિત' હળના ચલણ પર પ્રકાશ પાડે છે. અલબત્ત, આ હળ મનુષ્યો દ્વારા કે બળદો દ્વારા ચલાવામાં આવતું હતું તે અંગે સંશય છે. તો પણ, વૈદિક યુગમાં બળદો સાથેના હળ દ્વારા ખેતી એ એક નિર્વિવાદ સત્ય છે. ગંગા નદીનાં મેદાનોમાં આર્યોના વસવાટની સાથે ઓળખવામાં આવતા લોહયુગે હળના વિકાસમાં ફાળો આપ્યો હતો. જ્યાં પહેલા હળનું સંપૂર્ણ ચોકઠું લાકડાનું બનેલું હતું ત્યાં હવે લોઢાનું હળ-ફાળથી પ્રમાણમાં કઠક જમીનને ખેડવામાં ઘણી જ સફળતા મળી. લગભગ ઈ.સ. 1460માં માળવામાં સંકલિત એક ફારસી શબ્દકોષ મિફ્તાહ-ઉલ-ફુઝાલામાં એક ચિત્ર બે જોડેલા બળદો દ્વારા એક લોઢાની ફાળવાળા હળને સ્પષ્ટરૂપે દર્શાવે છે. યુરોપની માફક, ભારતમાં ઘોડાઓ દ્વારા ચલાવવામાં આવતા પૈડાવાળા હળનું નિર્માણ એટલા માટે ન થયું કે અહીંનું હળ વજનમાં હલકું હતું. જે પ્રમાણમાં પોચી જમીન માટે યોગ્ય હતું.



ફાળવાળું હળ : મિફ્તાહ-ઉલ-ફુઝાલા

### 22.2.2 વાવણી (Sowing)

વાવણી માટે સામાન્ય રીતે છાંટ પદ્ધતિ અપનાવવામાં આવતી હતી. ખભા પર બાંધેલા કપડાના થેલામાંથી બિયારણ બહાર કાઢીને તેને હાથ દ્વારા જમીનમાં છાંટવામાં આવતું હતું. ભારતમાં વાવણીના સમય નિર્ધારણ અંગે વિવાદ છે. કેટલાક વિદ્વાનો વાવણીનો ઉગમ વૈદિક કાળથી માને છે. એ ગમે તે હોય, ભારતના પશ્ચિમી કિનારાના સમાનાન્તર તેનાં ઉપયોગનો એકમાત્ર સકારાત્મક પ્રમાણ એક પોર્ટુગાલી મુસાફર બારબોસા દ્વારા સિંચાઈ ખેતીના સંદર્ભમાં મળે છે.

### 22.2.3 લણણી, દાણા છૂટા પાડવા અને વાવલવું (Harvesting, Threshing and Winnowing)


પાક તૈયાર થતાં તેની લણણી દાતરડાં દ્વારા કરવામાં આવતી હતી. લણેલા પાકમાંથી દાણા છૂટા પાડવાનું કાર્ય બળદો દ્વારા કરવામાં આવતું હતું. બળદોને ખળામાં પડેલા પાક ઉપર ગોળ ગોળ ચક્કર મરાવી દાણા છૂટા પાડવામાં આવતા. પવન શક્તિનો ઉપયોગ બળદો દ્વારા મસળવામાં આવેલ પાકને વાવલવા માટે કરવામાં આવતો હતો.

### 22.2.4 સિંચાઈનાં સાધનો (Irrigational devices)

ખેતીવાડીના સિંચાઈના હેતુઓ માટે પાણી મેળવવાનાં કેટલાંય સાધનો હતાં. વરસાદનું પાણી એ એક કુદરતી સાધન હતું. આ પાણીને તળાવો અને કુંડોમાં એકઠું કરવામાં આવતું હતું. આ પાણીને સિંચાઈના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવતું હતું. પૂર દ્વારા બનતાં નદી-નાળાંઓનો પણ આ ઉદ્દેશ માટે ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ સિંચાઈ માટે સૌથી અગત્યના સાધન તરીકે, એમાંથી ખાસ કરીને ઉત્તર ભારતમાં કૂવાઓનું પાણી હતું. સિંચાઈનાં સાધનોનો ઉદ્દેશ કૂવાઓમાંથી પાણી બહાર કાઢવાનો હતો. આ કૂવાઓ મોટે ભાગે પાકા એટલે કે ઈંટ-પથ્થરોથી બાંધેલા હતા. તેની દીવાલો ઊંચી અને તેને ઘેરી લેતા ચબૂતરાઓ હતા. કાચા કૂવાઓ પણ હતા. પરંતુ પાણી કાઢવાની દષ્ટિએ આ કૂવાઓ વધુ ટકાઉ કે મજબૂત માનવામાં આવતા નહીં.

કૂવામાંથી પાણી બહાર કાઢવા માટે પાંચ પ્રકારનાં સાધનો અથવા રીતો પ્રચલિત હતાં :

1. પાણી કૂવામાંથી બહાર કાઢવાનો સૌથી સરળ ઉપાય દોરડું અને ડોલ દ્વારા. કોઈપણ પ્રકારના યંત્રની મદદ વગર માત્ર હાથ દ્વારા પાણી બહાર ખેંચવામાં આવતું હતું. હકીકતમાં ડોલ કદમાં



૩. ચરસ : પ્રાણી શક્તિનો ઉપયોગ



૪. દોરડાનો ઉપયોગ

નાની હતી જેના પરિણામે આ ઉપાય દ્વારા મોટાં ખેતરોને પાણી આપી શકાતું નહીં. પરંતુ આપણે એ સમયનાં અતિ નાનાં ખેતરોમાં પાકોને આ પ્રણાલી દ્વારા પાણી આપવાની સંભાવનાને નકારી શકીએ નહીં. મોટે ભાગે શાકભાજીના ક્યારાઓને આ પ્રણાલી દ્વારા પાણી પાવામાં આવતું હતું. અત્રે એ યાદ રહે કે શાકભાજીને પ્રમાણમાં ખૂબ જ ઓછા પાણીની જરૂર પડતી હોય છે.


2. કૂવામાંથી પાણી બહાર કાઢવાની બીજી વિધિ, પૈડાં કે ગરેડી (ગરગડી) દ્વારા, દોરડા અને ડોલના ઉપયોગથી હાથો દ્વારા જ કરવામાં આવતી હતી. આપણે એટલું ચોક્કસપણે કહી શકીએ કે ગરગડીને કારણે માનવશક્તિની જરૂરિયાત ઓછી થઈ ગઈ અને અપેક્ષા કરતાં મોટી ડોલો કે થેલા દોરડાં વડે બાંધી શકાતાં હતાં. સ્ત્રીઓ દ્વારા આ પદ્ધતિનો ઉપયોગ ગૃહકાર્ય માટે પણ કરવામાં આવતો હતો.





૫. ઢેંકલી (રેંટ)નો ઉપયોગ

3. દોરડું, ડોલ અને ગરગડી પદ્ધતિના એક ઉન્નત પ્રયોગમાં માનવ શક્તિના સ્થાને બળદની એક જોડનો ઉપયોગ શરૂ થયો. હવે એક ખાસ સ્વરૂપે સિંચાઈના હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવનાર મહત્ત્વનું યંત્ર બની ગયું. ઉત્તર ભારતના કેટલાય પ્રદેશોમાં આજે પણ આ પ્રથા અસ્તિત્વમાં છે, જેને 'ચરસા' (charasa) કે 'કોહ' કહેવામાં આવે છે. આ એક મોટા કદનો થેલો હોય છે, જેમાંથી વધુ પ્રમાણમાં પાણી બહાર કાઢી શકાય છે. અહીં બળદોને ચાલવા માટેનો માર્ગ (પૈયું) ઢોળાવદાર રાખવામાં આવતો, જેની લંબાઈ કૂવાની ઊંડાઈને અનુરૂપ રહેતી. આ રીતે કૂવામાંથી કાઢવામાં આવતું પાણી પીવા કે વાસણ કપડાં ધોવાના ઉપયોગમાં લેવામાં આવતું નહીં. આ પાંચ પદ્ધતિઓમાંથી, ચરસા'એ અનેક ઉદ્દેશીય સાધન ન હતું. તે સંપૂર્ણપણે સિંચાઈના હેતુ માટે જ ઉપયોગમાં લેવામાં આવતું હતું. આ તથ્યનો આજ સુધી અનુભવ નથી કરાયો.

4. ચોથી વિધિ, જે અર્ધ યાંત્રિક સ્વરૂપની હતી. 'લીવરના પ્રથમ શ્રેણીના સિદ્ધાંત' પર તે આધારિત હતી. એમાં એક કાટખૂણે ગરગડી અથવા વૃક્ષના થડ (આ માટે ખાસ બનાવેલ)ની ગરગડીએ એક લાંબું દોરડું બાંધવામાં આવતું, જેથી તે ઝૂલવાની સ્થિતિમાં રહે. ડોલને દોરડાં વડે બાંધવામાં આવતી હતી. તેના બીજા છેડાને કૂવા ઉપર લટકતી ગરગડીની સાથે બાંધતા હતા. બીજા છેડે એક પ્રતિભાર લટકાવવામાં આવતો હતો જે પાણીથી ભરેલ ડોલથી પ્રમાણમાં થોડો વધુ વજનવાળો હતો. આ રીતે ભાર અને પ્રતિભારના બંને છેડા પર હોવાથી ગરગડીના મધ્યભાગમાં આલમ્બ પેદા થતું હતું. આ પદ્ધતિમાં તેનું સંચાલન કરનાર વ્યક્તિએ પ્રમાણમાં ઓછો પરિશ્રમ કરવાનો હતો. આ પદ્ધતિ ઇજિપ્તમાં 'શદૂફ' (Shaduf)ના નામે ઓળખાતી હતી. સંસ્કૃતમાં તુલા (Tula) કહે છે. પરંતુ બિહાર અને બંગાળમાં તેને **ઢેંકલી** કે **લાટ** અથવા **લાઠ** કહેવામાં આવે છે.







૬. (અ) નોરિયાનો પ્રથમ તબક્કો
(આ) નોરિયાનો બીજો તબક્કો : એક કાલ્પનિક નમૂનો
(ઈ) સાકયા : નોરિયાનો ત્રીજો તબક્કો : ગિયર સાથે ત્રણ પૈડાં, ત્રીજું પૈડું ઘડા સાથે

5. કૂવામાંથી પાણી કાઢવાની પાંચમી પદ્ધતિ 'સાકિયા' અથવા 'પરશિયન વ્હીલ' પદ્ધતિ હતી. ઉપર વર્ણવેલ ચારેય પદ્ધતિઓમાંથી કોઈમાં પણ પૈડા મૂળભૂત અવયવો ન હતાં. આ જળચક્રને જળયંત્ર કહી શકાય. કેમ કે તેમાં 'ગિયર' પદ્ધતિની વ્યવસ્થા હતી. આ ગિયર પદ્ધતિની સાથે જ આપણે ટેકનિકલ રીતે એક ખૂબ જ ઉન્નત્ત સ્થિતિમાં પ્રવેશ કરીએ છીએ. આ પર માત્ર હાલમાં જ વીજળી દ્વારા ચાલતા ટ્યૂબવેલ દ્વારા શ્રેષ્ઠતા સ્થાપિત કરવામાં આવી છે.

આ સાકિયા અથવા પરશિયન વ્હીલ પદ્ધતિના ઉદ્ભવ અંગે ઘણો વિવાદ પ્રવર્તે છે. પ્રથમ પ્રશ્ન તો એ જ ઉદ્ભવે છે કે શું મુસ્લિમોના આગમન પહેલાં ભારતમાં તે પ્રચલિત હતી ખરી ? કે પછી તે તુર્કો દ્વારા ભારતમાં લાવવામાં આવી હતી ? ભારતમાં તેનું શરૂઆતનું સ્વરૂપ એક ચક્ર અને તેની ઊપસેલી ધાર કે કિનારી સાથે જોડેલ ઘડો અથવા માટીનું વાસણ હતું. સંસ્કૃતમાં તેને 'અરઘટ્ટા' કે 'અરહટ' કહેવામાં આવતું હતું. અંગ્રેજીમાં આ યંત્રને 'નોરિયા' (Noria) કહેવામાં આવતું જે અરબી શબ્દ 'નૌરહ'નું વિકૃત રૂપ છે. આ યંત્રને માનવશક્તિ દ્વારા સંચાલિત કરવામાં આવતું હતું. તેને છીછરા પાણીમાં કે પાણીની ખુલ્લી સપાટી પર ઉપયોગમાં લેવામાં આવતું હતું જેમકે નહેર, જળાશયની નદીઓ જેમાં પાણીનું સ્તર ઉપર સુધી હોય. આથી તેનો ઉપયોગ કૂવાઓ પર બિલકુલ થઈ શકતો નહીં.

અલબત્ત. બીજા તબક્કામાં આ યંત્રનો ઉપયોગ કૂવાઓ પર કરવામાં આવ્યો. આ પ્રકારના ઉપયોગ માટે ચક્ર કે પૈડાની ઊપસેલી ધાર કે કિનારી સાથે જોડેલા પાણીના ઘડાને દૂર કરીને આ ઘડાઓને એક માળા કે એક લાંબી કડીના રૂપમાં જોડી દેવામાં આવ્યા, જેની લંબાઈ કૂવાના પાણીના સ્તરને આંબતી-પહોંચતી હતી. આ માળા કે કડીને બેવડા દોરડાથી તૈયાર કરવામાં આવતી અને તે સળંગ હતી. તેમાં ઘડાને લાકડાંના ટુકડાઓથી જોડવામાં આવતા હતા. અહીં એક મહત્ત્વની વાત એ હતી કે યંત્રના આ પરિવર્તિત રૂપ માટે અરબી કે ફારસીમાં કોઈ અલગ નામ નથી. સંસ્કૃતમાં તેને ઘટિયંત્ર કહેવાયું. જોકે સામાન્ય રીતે બંને પ્રકારના 'નોરિયા' માટે 'અરઘટ્ટા' કે 'અરહટ' રૂપ પ્રચલિત રહ્યું આ યંત્ર પણ માનવશક્તિ દ્વારા જ સંચાલિત થતુ હતુ.

ત્રીજા અને અંતિમ તબક્કામાં આપણે આ યંત્રમાં ત્રણ નવાં પરિવર્તનો જોઈશું :

(i) આ યંત્રમાં બે વધારાનાં પૈડાં લગાડવામાં આવ્યાં.

(ii) ગિયર પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો.

(iii) પશુશક્તિનો ઉપયોગ.

આ યંત્રમાં એક લેન્ટર્ન પૈડું, જેમાં થોડા થોડા અંતરે નાની-નાની ખૂંટીઓ લગાડવામાં આવતી હતી જેને એક ધરી સાથે જોડવામાં આવતી, જે પશુ શક્તિ દ્વારા ક્ષિતિજ સાથે સમાંતર ગોળ ગોળ દિશામાં ફરતુ હતું. તેમાં જોડાયેલ એક અન્ય ઊર્ધ્વ આકારે પૈડું હતું જે એક ધરીથી ત્રીજા પૈડા સાથે જોડાયેલ હતુ. આ ત્રીજા પૈડામાં ઘડાની માળા જોડાયેલી રહેતી હતી. તેના દ્વારા કૂવાનું પાણી બહાર નીકળતું હતું. આ રીતે આ ગિયર વ્યવસ્થા પશુશક્તિના ઉપયોગ માટે હતી. મુખ્યત્વે આમાં લેન્ટર્ન ચક્ર (તે ચક્ર જેનાથી ઘડા જોડાયેલા રહેતા)ને ક્ષિતિજ સાથે સમાંતર ગતિએ કૂવાની ઉપર લગાડવામાં આવેલ ચક્ર માટે ઊર્ધ્વ ગતિમાં પરિવર્તિત કરવાનું હતું.

આ વિવાદમાં કેટલાક આધુનિક વિદ્વાનો ભ્રમવશાત્ 'નોરિયા'ના પ્રથમ બે તબક્કાઓને 'સાકિયા'ના સમરૂપ સમજે છે. પરંતુ તમે હવે જાણી ચૂક્યા છો કે સાકિયા ન માત્ર પોતાની પરિકલ્પના બલકે પોતાનાં ઘટકોની દષ્ટિએ પણ મૂળતઃ જુદા છે. એક અર્થગત ભૂલ સાકિયાને માટે પણ અરઘટ્ટા અને અરહટ્ટા શબ્દોનો પ્રયોગ હતો, જ્યારે તે શરૂઆતના મધ્યકાળમાં મુસલમાનો દ્વારા લાવવામાં આવ્યો. હકીકતમાં પ્રાચીન ભારતમાં પશુઓ દ્વારા ચલાવવામાં આવતા જળચક્રોનું કોઈ પ્રમાણ મળતું નથી.

અહીં ઉલ્લેખિત કૂવામાંથી પાણી કાઢવાની પાંચ વિધિઓને બે મુખ્ય ભાગોમાં વહેંચી શકાય. એક તો. આવર્તક અથવા અમુક સમય સુધી અટકતી પાણી આપૂર્તિ પદ્ધતિ અને બે, નિરંતર કે સતત પાણી આપૂર્તિ પદ્ધતિ.

પ્રથમ ચાર વિધિ કે પદ્ધતિઓને પ્રથમ અને પાંચમી વિધિ કે પદ્ધતિને બીજા ભાગમાં મૂકી શકાય. આ ઉપરાંત આ સાધનોને ચલાવનાર સ્રોતના આધાર ઉપર અર્થાત્ માનવશક્તિ દ્વારા સંચાલિત અને પશુશક્તિ દ્વારા સંચાલિત, પ્રથમ અને ચોથી પદ્ધતિ કે રીતોને માનવશક્તિ વર્ગમાં અને બીજી, ત્રીજી અને પાંચમી પદ્ધતિ કે રીતોને પશુશક્તિના ઉપયોગના વર્ગમાં મૂકી શકાય. કેમ કે પાણીને દીવાલો પરથી ઊંચકવાનું હતું. પાંચમી પદ્ધતિને છોડી તમામ પદ્ધતિઓમાં બે વસ્તુઓ એકસરખી હતી : દોરડું અને ડોલ કે થેલો.

આ ઉપરાંત અન્ય કેટલાંક હથિયારો જેવાં કે, પાવડો, ધારદાર કુહાડી અને ખુરપી (Scraper) પણ હતાં, જે માત્ર ખેતીના ક્ષેત્રમાં નહીં બલકે બાગબગીચાના કામમાં પણ ઉપયોગમાં લેવામાં આવતાં હતાં.

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. 'ખેતીવાડીમાં યાંત્રિક કાર્યપદ્ધતિ' વિશે 80 શબ્દોમાં નોંધ લખો.

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

2. 13મી થી 15મી સદીઓ વચ્ચે કૂવામાંથી પાણી કાઢવા માટે ઉપયોગમાં લેવાતી વિવિધ પદ્ધતિઓનું 10 લીટીઓમાં વર્ણન કરો.

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

3. ઊંડાણમાંથી પાણી કાઢવાની 'સાકિયા' પદ્ધતિમાં ઉપયોગમાં લેવાતી ટેક્નિકનું 6 વાક્યોમાં વર્ણન કરો.

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

......................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

## 22.3 કાપડ ઉદ્યોગમાં યાંત્રિક કાર્યપદ્ધતિ (Textile Technology)

દિલ્હી સલ્તનતકાળ દરમિયાન તુર્ક લોકો દ્વારા કાપડ ઉત્પાદનના ક્ષેત્રે અનેકવિધ કાર્યપદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 22.3.1 કપાસ લોઢવો, પીંજવો અને કાંતવો (Ginning, Carding and Spinning)

કપાસની ખેતીનો સંબંધ ખેતીવાડીની કાર્યપદ્ધતિ સાથે જોડાયેલો છે. કપાસનાં કાલાંને એકઠાં કર્યાં બાદ તેને વણાટ યોગ્ય બનાવવા માટે ત્રણ મૂળભૂત તબક્કાઓમાંથી પસાર થવું પડે છે :

1. કપાસિયાને રૂમાંથી જુદા પાડવા.
2. રૂને પીંજવું.
3. રૂને કાંતવું અથવા સૂતર બનાવવું.

પ્રથમ પ્રક્રિયા બે પ્રકારે કરવામાં આવતી હતી : એક, રોલર અને બોર્ડ (Board) પદ્ધતિ તથા બે, ચરખી પદ્ધતિ.


આ પ્રકારે કપાસિયામાંથી અલગ કરવામાં આવેલ રૂને, તેના તાતણાઓને અલગ અલગ કરવા તથા તેને મુલાયમ કરવાના ઉદ્દેશથી લાકડીઓથી અથવા રૂ પીંજવાના સાધન (Bow-string)થી પીંજવામાં આવતું હતું. કાંતણનું કાર્ય પારંપરિક વિધિ દ્વારા, તકલીની સાથે એક ફિરકી-જે તેને નિયંત્રિત કરી હતી, થતું હતું. કાપડ-ઉત્પાદનના ક્ષેત્રમાં સૌથી મહત્ત્વપૂર્ણ કાર્યપદ્ધતિ અંગે ક્રાંતિ 13મી-14મી સદીમાં મુસલમાનો દ્વારા ભારતમાં લાવવામાં આવેલ ચરખા દ્વારા શક્ય બની હતી. પ્રાચીન ભારતમાં ચરખાના અસ્તિત્વ અંગે કોઈ માહિતી મળતી નથી. ચરખા અંગેનો પ્રથમ લેખિત સંદર્ભ આપણને ઈસામીના ફુતુહ-ઉસ-સલાતીન (ઈ.સ. 1350)માં મળે છે. ચરખાના ઉપયોગથી તકલીનું મહત્ત્વ ઓછું ન થયું બલ્કે તેણે તકલીના પરિક્રમણમાં વધારો કરી દીધો. ચરખાની લાકડાની બનેલ ફ્રેમના એક છેડે તકલીને લગાડવામાં આવતી હતી; જેને બીજે છેડે આવેલ પૈડા પર લગાડવામાં આવેલ પટ્ટા સાથે જોડવામાં આવેલ હોવાથી ફેરવી શકાતું હતું. આ રીતે ચરખામાં 'શક્તિ સંચાલન' અને 'ગતિપાલક ચક્ર'ના સિદ્ધાંતો સંકળાયેલા હતા. તેના પરિણામ સ્વરૂપ પરિભ્રમણની જુદી જુદી ગતિઓ ઉદ્ભવતી હતી. આ યંત્ર સાથે હાથો ક્યારે જોડાયો એ અંગે થોડો વિવાદ જરૂર પ્રવર્તે છે. પરંતુ આ વિવાદ હવે મિફતાહ-ઉલ-ફુઝાલા (ઈ.સ. 1530)ના એક ચિત્રની મદદથી સમાપ્ત થઈ ગયો છે. આ ચિત્રમાં ચરખાને ફ્રેમની સાથે જોડેલ હાથાથી ફેરવવામાં આવતો હોય તેવું દર્શાવવામાં આવ્યું છે.

એક અનુમાન મુજબ એક જ સમયમાં એક ચરખો એક તકલીની તુલનાએ છ ગણું વધુ સૂતર ઉત્પન્ન કરી શકે છે. આના પરિણામે હવે સૂતર વધારે ઉત્પાદિત થવા લાગ્યું અને સતત વધુ ને વધુ કાપડ ઉત્પાદન થવા લાગ્યું.


અહીં એ નોંધવું રસપ્રદ બની રહેશે કે તકલી દ્વારા તૈયાર કરવામાં આવતું સૂતર એકદમ બારીક ભાતનું હતું જ્યારે ચરખા દ્વારા નિર્મિત સૂતર પ્રમાણમાં જાડું હતું.


### 23.3.2 વણાટકામ (Weaving)


તાર કે વાણો ભરવાના બોબીનવાળી ખાડા શાળનો ઉપયોગ સાધારણ અથવા લેરિયા જેવાં મોટાં (મડા) રેશમી વસ્ત્રોના વણાટ માટે થતો હતો પ્રાચીન ભારતમાં પગ દ્વારા ચલાવવામાં આવતી વણકરની સાળનો ઉપયોગ થતો હતો કે નહિ એ કહેવું મુશ્કેલ છે. પરંતુ આ પ્રકારની સાળનું પ્રથમ પ્રમાણ આપણને લગભગ ઈ.સ. 1530માં ચિત્રિત મિફતાહ-ઉલ-ફુઝાલામાંથી મળે છે. આ સાળમાં વણકર પોતાના પગ દ્વારા દોરાના તારને ઉપર ઊંચકી અને ફેરવી શકતો હતો. જ્યારે તેના હાથ મુખ્યત્વે કાંઠલા અને સાળ પર કાર્ય કરતા હતા. આમ થતાં વણાટકામની ગતિમાં વધારો થયો. વિવિધ કલરના વણાટકામ અંગે એક વિદ્વાનનું માનવું છે કે આ માટે ઈ.સ. 1001માં દક્ષિણ












૭. (અ) લોઢવું : રોલર અને બોર્ડ પદ્ધતિ
(આ) પીંજવું
(ઇ) ચાક
(ઈ) ત્રાક સાથે કાંતવુ
(ઉ) રેંટિયો : ૧. ત્રાક ૨. પટો ૩. ચક્ર ૪. હાથો.



૮. ખાડાસાળ : ૧૬મી સદીનું મુઘલ ચિત્ર (કબીર)

ભારતમાં 'ડ્રો-લૂમ' (Draw Loom) ઉપલબ્ધ હતાં. પરંતુ આ અંગે સંદેહ છે. આ મતના વિરુદ્ધમાં એક અભિપ્રાય એવો છે કે કદાચ તેને મુસલમાનો દ્વારા 17મી સદીના અંતમાં ભારતમાં લાવવામાં આવેલ.

## 22.3.3 રંગાઈ અને છાપકામ (Dyeing and Printing)

વનસ્પતિ અને ખનિજ સાધનોમાંથી મળતા વિભિન્ન રંગોને રંગકામ માટે ઉપયોગમાં લેવામાં આવતા હતા. ગળી, અરીઠા અને લાખ વધુ પ્રચલિત હતાં. ગળીનો પ્રયોગ નિખારવાની પ્રક્રિયા (Bleaching) અને રંગકામ - એમ બંને માટે થતો હતો. તેજ કે ઘેરા રંગો માટે કેટલાક પદાર્થ, જેમ કે ફટકડી મેળવવામાં આવતી. ભારતના રંગારાઓ બાંધવા-રંગવાની (tie and dye) કેટલીયે વિધિઓને અપનાવતા હતા. પરંતુ ટપ્પા-છાપકામ પ્રાચીન ભારતમાં પ્રચલિત ન હતું. તે વિદ્યાને ભારતમાં લાવવાનું શ્રેય કેટલાક વિદ્વાનો મુસલમાનોને આપે છે.

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. 13-15મી સદીઓમાં કપાસ લોઢવા માટેની વિવિધ પદ્ધતિઓ 70 શબ્દોમાં વર્ણવો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

2. ચરખા ઉપર 5 લીટીઓની એક નોંધ લખો.

   ..........................................................................................
   ..........................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

3. વણકરો દ્વારા 13મી અને 14મી સદીમાં અપનાવવામાં આવેલ કાર્યપદ્ધતિઓનું 6 વાક્યોમાં વર્ણન કરો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

4. રંગાઈ અને છાપકામ ઉપર 60 શબ્દોમાં નોંધ લખો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

## 22.4 મકાન-નિર્માણ (Building Construction)

આ ભાગમાં મુખ્યત્વે તુર્કો દ્વારા ભારતમાં લાવવામાં આવેલ મકાન નિર્માણ અંગેની કાર્યપદ્ધતિ અંગે ચર્ચા કરવામાં આવી છે.

### 22.4.1 ચૂના-પથ્થર (Lime-Mortar)

પ્રાચીન ભારતમાં મકાન-નિર્માણ માટેનાં પરંપરાગત મૂળભૂત ઘટકો માટી, પથ્થર, લાકડું અને ક્યારેક ઈંટ વગેરેનાં બનેલાં હતાં. ચણતર માટેનો ગારો મોટે ભાગે માટી અને પાણી એકઠાં કરી - કાલવીને બનાવવામાં આવતો. તેમાં ભૂસું ભેળવી તેને નક્કરતા અને મજબૂતાઈ આપવાનો પણ પ્રયાસ કરવામાં આવતો હતો, જે લીંપણ માટે પણ ઉપયોગમાં લેવામાં આવતો હતો. પરંતુ ચૂના-પથ્થરને નિશ્ચિત પણે દિલ્હી સલ્તનતકાળ દરમિયાન બહારથી આવેલા મુસલમાનો દ્વારા અહીં લાવવામાં આવેલ.


ચૂના-પથ્થરનાં મુખ્ય ઘટક ચૂનો અને ફૂટેલ ઈંટ હતાં. ચૂનો, તેના પ્રાપ્તિ સ્થાનના આધાર પર કેટલાય પ્રકારનો હતો. ચૂના માટેના બે મુખ્ય સ્રોત ચિરોડીનો પથ્થર અને જાડી રેતી કે કાંકરી હતાં, જેને ભઠ્ઠીમાં ફોડીને ચૂનો તૈયાર કરવામાં આવતો હતો. આ ચૂનાને પાણીની સાથે મેળવીને કળીચૂનામાં રૂપાંતરિત કરવામાં આવતો. આ મિશ્રણમાં ફૂટેલ ઈંટના ટુકડા મેળવવામાં આવતા. આ પછી મિશ્રણને વધુ લચકીલો અને ચીકણો બનાવવા માટે તેમાં સુંદર, સરેસ અને ગોળ જેવા પદાર્થો મેળવવામાં આવતા હતા.

### 22.4.2 કમાન અને ઘુમ્મટ : કમાનવાળાં છાપરાં (Arch and Dome)

ચૂના-પથ્થરના ઉપયોગનું એક પરિણામ ઈંટોના વધારે ઉપયોગના રૂપમાં આવ્યું. જેણે ઈંટોના મકાનોને વધારે ટકાઉ બનાવી દીધાં. બીજું મહત્ત્વપૂર્ણ પરિણામ એ આવ્યું કે ચૂના-પથ્થરે કમાનના નિર્માણને યોગ્ય રીતે જ સંભવ બનાવ્યું. હકીકતમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી કમાનના નિર્માણમાં ઈંટો અને પથ્થરોની જે વ્યવસ્થા હોય છે તેને માટે એક મજબૂત ચુનાઈ પદાર્થની તાતી જરૂર હતી જે ડાટ પથ્થરોને (voussairs) એકીસાથે સ્થાયી રીતે ટકાવી રાખે. ચૂના-પથ્થરે આ જરૂરિયાત પૂરી કરી.

તુર્કોના આગમન પૂર્વેનાં મકાનોમાં કમાનોની મહદ્અંશે ગેરહાજરી જ સમજવામાં આવતી હતી. અલબત્ત કુશાણયુગ તેમાં અપવાદ હતો. અલ્હાબાદ નજીક આવેલ કૌશામ્બીમાં કરવામાં આવેલ ખોદકામ દ્વારા નાની ખડકીઓ પર બનાવેલ કમાનો મળી આવી છે. આપણે જાણીએ છીએ કે કુશાણ પ્રજા મધ્ય એશિયામાંથી ભારત આવેલ આથી કમાન નિર્માણથી તેઓ પરિચિત હતાં. આ પછી વૈજ્ઞાનિક ઢબે બનાવવામાં આવી હોય તેવી કમાનોનું કોઈ પ્રમાણ મુસલમાનો અહીં આવ્યા ત્યાં સુધી મળતું નથી. કમાનનું એક અન્ય રૂપ કદલિકાકૃત (Carbelled) હતું જે ધરણિક (trabeate) નિર્માણ પ્રક્રિયાનું જ એકરૂપ હતું. અર્થાત્ સ્તંભ અને મોભ (Pillar and beam) પદ્ધતિ જે પૂર્વ મુસ્લિમ કાળની ભારતીય સ્થાપત્ય કલાની એક આગવી વિશિષ્ટતા હતી.


કમાનથી ઘુમ્મટ તરફની પ્રગતિ એ એક કુદરતી વિકાસક્રમ હતો. કારણ કે ઘુમ્મટ નિર્માણ કમાન નિર્માણના જ્ઞાન વગર સંભવ ન હતું. એટલા માટે એમ કહેવામાં આવે છે કે ઘુમ્મટ હકીકતમાં 360 ડિગ્રી પર બનેલ એક સંપૂર્ણ કમાન છે. બીજા શબ્દોમાં જોઈએ તો ઘુમ્મટનું નિર્માણ વૈજ્ઞાનિક ઢબે બનાવાયેલ કમાનોના પ્રતિચ્છેદનના સિદ્ધાંત ઉપર કરવામાં આવ્યું હતું. અત્રે એ યાદ રહે કે ઘુમ્મટ અને બૌદ્ધ સ્તૂપો એ બંને અલગ અલગ બાબત છે.



(10 अ)
**Lintel (beam) = ધરણિક અને સ્તંભ**



(10 ब)
**Corbelling = કદલિકાકૃત**




(10 क)
**મહેરાબ (આર્ચ. કે ગુંબજ) અને તેના ભાગ**
અ = A = **ડાટ પથ્થર** (Voussairs)
બ = B = **મુખ્ય પથ્થર** (Key Stone)
ક = C = **આધારસ્તંભ** (Spinging Lines)
ડ = D = **છેડાનો કે બાજુનો ટેકો** (Abutment)
ઈ = E = **તાજ-ક્રાઉન** (Crown)

## 22.5 કાગળ ઉત્પાદન અને બુક બાઈન્ડિંગ (Paper making and Book binding)

બહારથી આવેલા મુસલમાનોએ ઇસ્લામિક સાંસ્કૃતિક ક્ષેત્રોમાં વિકાસ પામેલી વિભિન્ન પ્રકારની કારીગરી અને હથિયારોને ભારતમાં લાવવાનું કાર્ય કેવી રીતે કર્યું આ તમે જાણો છો. કાગળ નિર્માણ એક એવું જ યોગદાન હતું.

પ્રાચીન ભારતમાં લેખન માટેનાં અનેકવિધ સાધનો હતાં. શિલાઓ, તામ્રપત્રો, રેશમીઅને સુતરાઉ

કાપડ, ખાસ તૈયાર કરાયેલ તાલપત્ર, ભુર્જપત્ર વગેરે. છેલ્લા બે નો ઉપયોગ ગ્રંથ લખવાના કાર્ય માટે થતો હતો.

ઇ.સ.ની પ્રથમ સદીમાં સૌ પ્રથમ ચીનમાં કાગળના ઉત્પાદનનો પ્રારંભ થયો. આ કાગળ વાંસના માવામાંથી તૈયાર કરવામાં આવતો હતો. આરબ-મુસલમાનોએ કાગળ નિર્માણનું જ્ઞાન ઈ.સ. 751માં કોઈ યુદ્ધમાં કેદી બનાવવામાં આવેલ ચીનાઓ દ્વારા મેળવ્યું. અરબ પ્રજાએ આ પછી ખૂબ જ ઝડપથી આ વિદ્યા દ્વારા ચીંથરા અને જૂના મલમલમાંથી કાગળ બનાવવાની રીત વિકસાવી.

ભારતવાસીઓ કદાચ 7મી સદીમાં કાગળથી પરિચિત હતા પરંતુ લેખન સામગ્રી તરીકે તેનો ઉપયોગ તેમણે કર્યો ન હતો. જ્યારે ચીની યાત્રાળુ આઈત્સિંગે ભારતની યાત્રા કરી ત્યારે તેને ચીન લઈ જવા માટે સંસ્કૃત-પાંડુ લિપિઓની નકલ ઉતારવા માટે ભારતમાં કાગળ મળ્યો ન હતો. પોતાની પાસેના કાગળ ખલાસ થઈ જતાં તેણે પોતાના મિત્રોને ચીનથી કાગળ મોકલવા માટે સંદેશો મોકલ્યો હતો. દિલ્હી સલ્તનત દરમિયાન કાગળનો અનેકવિધ હેતુઓ માટે ઉપયોગ થતો હતો. જેમ કે પુસ્તકો, ફરમાનો અને જુદા જુદા વ્યાવસાયિક તથા વહીવટી દસ્તાવેજો માટે કાગળનો ખાસ ઉપયોગ થતો હતો. દિલ્હી સલ્તનતકાળમાં કાગળ એટલા વિશાળ પ્રમાણમાં મળતો હતો કે દિલ્હીના મીઠાઈવાળાઓ પોતાના ગ્રાહકોને મીઠાઈ કાગળમાંથી બનાવવામાં આવેલા ખાસ પ્રકારનાં પૅકેટ્સમાં આપતા હતા. જે ભારતમાં આજે પણ પ્રચલિત છે. પરંતુ એ સમયે કાગળ ઉત્પાદનનાં મથકો ખૂબ જ ઓછાં અને પ્રમાણમાં ખૂબ જ દૂર દૂર આવેલાં હતાં. 14મી સદીના ચીનના દરિયાઈ પ્રવાસી મા હુઆન દ્વારા જાણવા મળે છે કે બંગાળમાં કાગળનું ઉત્પાદન થતું હતું. તો પણ મોટે ભાગે કાગળની જરૂરિયાત ઈસ્લામી દેશો ખાસ કરીને સમરકંદ અને સીરિયા ખાતેથી આયાત કરીને પૂરી કરવામાં આવતી હતી. કાગળ પર ગ્રંથ કે પુસ્તક લખવાની કળા કે પ્રવૃત્તિની સાથે બુક બાંઇન્ડિંગની એક નવી જ કલા-કારીગરી ભારતમાં વિકાસ પામી. તેની ટેકનિક પ્રાચીન લેખનસામગ્રીનાં પાનાંઓ જેવાં કે તાલપત્ર અને ભુર્જપત્રોને જોડવાની કલાથી બિલકુલ જુદી જ હતી.

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. મકાન-નિર્માણ કાર્યપદ્ધતિના ક્ષેત્રે તુર્કોના ફાળાનું 80 શબ્દોમાં વર્ણન કરો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. ભારતમાં 'કાગળ ઉત્પાદન' વિશે 7 લીટીઓમાં નોંધ લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

3. નીચેના પ્રત્યેક વિશે ત્રણ ત્રણ વાક્યોમાં લખો :

(i) પૂર્વેમુસ્લિમ કાળની ભારતની સ્થાપત્ય કલાની વિશિષ્ટતાઓ.

..........................................................................................
..........................................................................................
..........................................................................................

(ii) પ્રાચીન ભારતમાં લેખનનાં સાધનો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................

## 22.6 લશ્કરીતંત્ર (Military Technology)

આ ભાગમાં પેંગડું, નાળ અને દારૂગોળો આ ત્રણ બાબતો અંગે જ અભ્યાસ કરીશું.

### 22.6.1 પેંગડું (Stirrup)

એક નિર્વિવાદ તથ્ય છે કે લોઢા પેંગડા અંગે ભારતમાં અજ્ઞાનતા હતી. કદાચ આટલા માટે જ સંસ્કૃતમાં પેંગડા માટે સંસ્કૃતમાં કોઈ શબ્દ નથી. આને બદલે કદાચ ઘોડાને જીન બાંધવાનો તંગ (Surcingle), મોટા અંગૂઠાવાળું પેંગડુ અને સ્થગિત વાળેલા આંકડાનું (Suspension hook) ચલણ હતું. પરંતુ પેંગડું ખાસ કરીને મુસલમાનોની દેણગી છે. આ પેંગડાને સૌ પ્રથમ ઈ.સ. 6 સદીની આજુબાજુ ચીનમાં ઉપયોગમાં લાવવામાં આવેલ અને પછીથી ત્યાંથી તે આગલી સદીમાં ઈરાન તથા અન્ય ઇસ્લામિક દેશોમાં તેનો પ્રચાર થયો. ગુલામવંશના શાસક ઇલ્તુત્મિશના શાસનકાળમાં યુદ્ધ-વિદ્યા પર સંકલિત કરવામાં આવેલ એક ફારસી સાધનમાં પેંગડાનો ઉલ્લેખ મળે છે.

### 22.6.2 નાળ (Horseshoe)

મધ્યકાલીન ભારતના કેટલાક વિદ્વાનો એ પેંગડાને તુર્કોને મળેલ લશ્કરી સફળતાઓ માટેના એક સહાયક કારણ તરીકે ગણાવ્યું છે. તુર્કોનાં આક્રમણોની પ્રારંભિક સ્થિતિમાં નાળને ઓછામાં ઓછું તેના એક દુર્બળ સહયોગીના રૂપમાં ગણવામાં આવે છે.

ઘોડાને પાળેલું પ્રાણી બનાવવું એ જ પૂરતું ન હતું. પરંતુ તેની ઉપર સવારી કરવાના હેતુથી તેને નિયંત્રિત રાખવાના ઉદ્દેશથી કેટલાંક સાધનોની આવશ્યકતા જણાઈ હતી. જેમ કે સાધારણ લગામ, કાંટાવાળી લગામ, આગળપાછળના ભાગ સહિત જીન અને પેંગડું.

લોઢાની નાળનું આગમન પછીથી થયું. એ એક વિચિત્રતા છે કે ઘોડેસ્વારીના સાજસામાનમાં નાળ જ એકમાત્ર એવું સાધન છે કે જેનું બીજા સામાનની માફક ઘોડાને નિયંત્રણમાં રાખવા માટે પ્રત્યક્ષપણે કોઈ કાર્ય નથી હોતું. જો ખરેખર આમ જ હોય તો ઘોડાને નાળ લગાડવાની જરૂર શું છે ? -તેનું કારણ ઘોડાના પગની ખરી છે. તે ઘોડાની શરીરરચનાનો સૌથી કોમળ ભાગ છે. ઘોડાની ખરીઓ સતત વધતા માનવ નખોની જેમ દેખાવમાં એક સુંદર સંરચના હોય છે. તેના તૂટવા, છોલાવા અને ચિરાવાનો સતત ભય રહેતો હોય છે. પોતાના મૂળ કુદરતી નિવાસસ્થાનમાં ઘોડાના પગ અને ખરી આપમેળે જ વ્યવસ્થિત રહેતાં હતાં. આથી તેને કાપવાની જરૂરિયાત ન હતી. પરંતુ પાળેલા અને સ્વદેશી ઘોડાઓને તેના કામમાં લેવાના સમયે વિશેષ રૂપે ભેજવાળા પ્રદેશો કે વિસ્તારમાં નાળ ચઢાવવામાં આવતી હતી. ઝખ્મી પગવાળો ઘોડો લંગડાશે અને તેના અસ્વાર માટે કોઈ ઉપયોગનો નહીં રહે. નાળ લગાડવાના બે લાભો છે : એક તો, પોચી જમીન ઉપર ઘોડાના પગને સારી પકડ મળે છે અને બીજું, ખાડાટેકરાવાળી કઠણ જમીન પર ખરીઓ સુરક્ષિત રહી શકે છે. આ સંદર્ભમાં ઘોડેસ્વારોનો વિશ્વવ્યાપી સ્થાપિત સિદ્ધાંત (9 × 10 m) માનવામાં આવે છે : ''નાળ નહીં, ઘોડો નહીં'' અશ્વ સેનામાં એક લંગડાતો ઘોડો કોઈ ઘોડો ન હોવા કરતાં વધુ ખરાબ માનવામાં આવે છે. ભારતમાં પુરાતત્ત્વ ખોદકામમાં નાળના કોઈ જ ઉલ્લેખો મળતા નથી. હવે એ એક નિર્વિવાદ હકીકત છે કે તુર્કોના ભારત આવવાની સાથે જ તે અહીં આયાત થઈ છે. નાળ એક અરબી-ફારસી શબ્દ છે. તેને બનાવનાર કે લગાડનારને નાળબંદ અને નાળ ચઢાવનારને નાળબંદી કહેવામાં આવે છે. ઘોડા પરના સંસ્કૃત સાહિત્ય 'સલિહોત્રા'માં નાળ લગાવવાનો કોઈ ઉલ્લેખ નથી મળતો. પરિણામે નાળ લગાડવાના કાર્યમાં માત્ર મુસલમાન કારીગરોનો એકાધિકાર હતો. આપણાં સાધનો માત્ર ઠંડી નાળ ચઢાવવાની જાણકારી આપે છે, યુરોપમાં પ્રચલિત ગરમ નાળ ચઢાવા અંગે કોઈ પ્રકાશ પાડતા નથી.

### 22.6.3 દારૂગોળો અને અગ્નિશસ્ત્રો (Gunpowder and Fire Arms)

કેટલાય દશકાઓ પૂર્વે કેટલાક વિદ્વાનો, ભારતીય તેમ જ યુરોપિયન બંને, એ સિદ્ધ કરવા ચાહતા હતા કે દારૂગોળો અને અગ્નિશસ્ત્રોનું પ્રાચીન ભારતમાં પ્રચલન હતું. આ વિદ્વાનોએ સંસ્કૃત સાધનોમાંથી શુક્રનીતિને મુખ્યત્વે પોતાના અધ્યયન અને સંશોધન માટે કેન્દ્રમાં રાખેલ. તો પણ અન્ય કેટલાક વિદ્વાનોએ શુક્રનીતિનો ખૂબ જ સાવધાની અને ઝીણવટભર્યો અભ્યાસ કરી ઉપર્યુક્ત તારણોને ફગાવી દીધાં હતાં. પુનઃ એક વાર એ સિદ્ધ કરવાનો અસફળ પ્રયાસ થયો કે ગઝની સુલતાન મુહમ્મદ ગઝનીનાં આક્રમણો પછી ભારત આવનાર મુસલમાનો અગ્નિશસ્ત્રોનો પ્રયોગ કરતા હતા.

ચીનમાં શોધવામાં આવેલા દારૂગોળામાં સુરોખાર, ગંધક અને કોલસો એ મુખ્ય પદાર્થ હોય છે. કાળાંતરે આ શોધ ઇસ્લામિક દેશોમાં પહોંચી ગઈ. આ દારૂગોળો, બહારથી આવેલા તુર્કો દ્વારા કદાચ 13મી સદીના અંતમાં કે 14મી સદીના પ્રારંભમાં ભારતમાં લાવવામાં આવ્યો. પરંતુ એ બાબત ધ્યાનમાં લેવા જેવી છે કે સુલતાન ફિરોઝ તઘલકના શાસનકાળ સધી તેનો ઉપયોગ માત્ર આત[illegible]

નહીં કે અગ્નિસાસ્ત્રો કે તોપના ગોળા માટે. અગ્નિશસ્ત્રોનો સૌ પ્રથમ ઉપયોગ 15મી સદીના ઉત્તરાર્ધમાં ભારતના ગુજરાત, માળવા અને દખ્ખણ જેવા પ્રદેશોમાં થયો. કોઈ પણ સંજોગોમાં અગ્નિશસ્ત્રોનો નિયમિતપણે ઉપયોગ પોર્ટુગાલીઓ દ્વારા તેઓ જ્યારે ઈ.સ. 1498માં ભારતના કાલીકટ ખાતે આવ્યા ત્યારથી થયો. ઉત્તર ભારતમાં બાબર દ્વારા 16મી સદીના પ્રારંભે તેનો ઉપયોગ શરૂ થયો.

## 22.7 કલાઈનું આવરણ (Tin Coating)

ઘર ઉપયોગી તાંબા અને પિત્તળનાં વાસણોમાં વાસી ખાદ્યસામગ્રી રાખવાથી તીવ્ર ખટાશ લાગી જવાનો ભય રહેતો હોય છે. આથી તેના પર ટીનનો ઢોળ લગાડવામાં આવે છે. આ કલા ભારતમાં તુર્કોની સાથે આવી. પ્રાચીન ભારતમાં આ અંગેના કોઈ પુરાવા મળતા નથી. સાહિત્યિક સાધનો સિવાય દક્ષિણ (કોલ્હાપુર પાસે)માં ઉત્ખનન વિસ્તારોમાંથી પુરાતત્ત્વીય પ્રમાણ મળે છે, જ્યાંથી એક બહાર તેમ જ અંદરથી કલાઈ કરેલું તામ્રપાત્ર મળ્યું છે. પરંતુ આ પાત્રની સાથે બહ્મની સામ્રાજ્ય (ઈ.સ. 1347-1538)ના સિક્કાઓ પણ મળ્યા છે. આથી આ પાત્ર પણ તે યુગનું જ ગણવું જોઈએ.

કલાઈ કરનાર કલાઈવાળા કહેવાતા હતા. ટીન એક ઘડી, ટીપી કે નવો ઘાટ આપી શકાય તેવી અને નરમ ધાતુ છે. ધાતુનાં વાસણો પર તેની કલાઈથી કાટ ચડવાથી તેમ જ રાસાયણિક ઝેરથી રક્ષણ મળે છે. કલાઈવાળો સૌ પ્રથમ વાસણ પરનો મેલ-માટી વગેરે દૂર કરે છે. આ પછી તે વાસણને એક નાનકડી ભઠ્ઠી પર બાળીને કાળું કરવામાં આવે છે. તાપનું જરૂરી ઉષ્ણતામાન ટકાવી રાખવા માટે નાની ધમણનો ઉપયોગ કરવામાં આવે છે. આ પછી બીજા તબક્કામાં રૂની મદદથી શુદ્ધ ટીન અને નવસારનું મિશ્રણ વાસણ પર લગાડે છે. નવસારનું બાષ્પીભવન થઈ જાય છે અને ધાતુના વાસણની અંદરની સપાટી સ્વચ્છ બની જાય છે. આ દરમિયાન ટીન ઓગળે છે તથા રૂને સતત ચારે તરફ ઘસીને સંપૂર્ણ વાસણ પર તેને ફેલાવી દેવામાં આવે છે.


અબુલફઝલ પોતાના પુસ્તક 'આઇન-એ-અકબરી'માં કલાઈનો ઉલ્લેખ કરે છે. તેના વિવરણ મુજબ શાહી રસોઈ માટેના તાંબાનાં વાસણો પર એક મહિનામાં બે વાર કલાઈ કરવામાં આવતી હતી, જ્યારે શાહજાદાઓ અને અન્ય માટે એક વાર.

## 22.8 કાચનું ઉત્પાદન (Glass Manufacture)

ભારતમાં સૌ પ્રથમ કાચનો ઉપયોગ ઈ.સ. પૂર્વે પ્રથમ સહસ્રાબ્દીમાં થયો હોવાનું માનવામાં આવે છે. સામાન્ય રીતે સમાજમાં કોઈ વસ્તુની ઉપસ્થિતિ તેના સંભવિત ઉપયોગનો સંકેત આપે છે. પરંતુ એ સમાજ તેની ટેક્નિકથી પરિચિત હોય એ જરૂરી નથી. આમ છતાં ભારતમાં કાચની કોઈ કમી ન હતી. કદાચ આયાત કરવામાં આવતા કાચના માલસામાનથી લાંબા સંબંધે સ્વદેશી ઉત્પાદનને જન્મ આપ્યો હોય. પરંતુ ભારતીય કાચ-સામગ્રી માળાના મટકા અને બંગડીઓના નિર્માણ પૂરતી મર્યાદિત રહી. મુસલમાનોના આગમન પછી ઇસ્લામી દેશોમાંથી દવા માટેની શીશીઓ, બરણીઓ અને વાસણો ભારત આવવા લાગ્યાં. પરંતુ એ નક્કી કરવું શક્ય નથી કે શું તે કાચનો માલસામાન હકીકતમાં દિલ્હી સલ્તનતકાળમાં તેના આયાત કરવામાં આવેલાં વિવિધ સ્વરૂપોની નકલ પર બનાવવામાં આવ્યો હતો. તો પણ આપણા અભ્યાસના સમયગાળામાં ચશ્મા માટે કાચ (Lenses) કે અરીસા જેવી કાચમાંથી તૈયાર થયેલ વસ્તુઓ મળતી નથી.

## 22.9 વહાણનું બાંધકામ (Ship Building)


ભારતમાં પણ હોડીઓ અને વહાણોનું સમગ્ર માળખું કે આકાર વિશ્વના અન્ય દેશોની જેમ લાકડામાંથી જ બનતું હતું. સૌ પ્રથમ વહાણમાં તળિયાને ખાંચાઓ દ્વારા જોડવામાં આવતું. આ પછી તેને નાળિયેરના છાલામાંથી તૈયાર કરવામાં આવેલ મજબૂત દોરડા દ્વારા જોડવામાં આવતું હતું. ક્યારેક ક્યારેક લાકડાના ખીલાઓનો પણ ઉપયોગ કરવામાં આવતો હતો. લોઢાના ખીલા અને લોઢાની પટ્ટીનો બંધ અને ચાપડો (Clamps) મારીને તળિયાને જોડવાનો પ્રારંભ યુરોપિયન વહાણ નિર્માણના પ્રભાવ તળે ઈ.સ. 1498 પછી થયો. લંગર આ સમયે પથ્થરમાંથી બનાવવામાં આવતાં હતાં. પરંતુ પાછળથી યુરોપવાસીઓ દ્વારા લોઢાનાં બનેલાં લંગર પ્રચલિત થયાં. દરિયાઈ સફર માટે મુસલમાનો દ્વારા ભારતમાં લોહચુંબકીય હોકાયંત્રનો ઉપયોગ એક મહત્ત્વપૂર્ણ યોગદાન હતું.



વહાણ બાંધવા માટે ખાંચા અને લોઢાના ખીલાનો ઉપયોગ

## 22.10 દારૂ ગાળવો (Distillation)

ભાગ્યે જ એવો કોઈ સમાજ રહ્યો હશે જેણે માદક પીણાનું નિર્માણ ન કર્યું હોય. વૈદિક યુગમાં સોમરસ એવું જ એક માદક પીણું હતું. દારૂ ગાળવાની બે વિધિઓ છે : આથા દ્વારા અને અર્ક કે સત્ત્વ કાઢીને. પ્રથમ વિધિ સમસ્ત વિશ્વમાં પ્રસિદ્ધ હતી. દારૂ, ચોખા, શેરડીનો રસ, મહુડાનાં ફૂલોમાંથી આથા દ્વારા મેળવવામાં આવતો હતો. જ્યારે અર્ક કે સત્ત્વ દ્વારા દારૂ મેળવવાની કે ગાળવાની વિધિ પાછળથી પ્રચલિત થઈ. એવું માનવામાં આવે છે કે સર્વ પ્રથમ તેની શોધ ઈ.સ. 12 મી સદીમાં ઈટાલીમાં થઈ હતી. ભારતને લાગેવળગે છે ત્યાં સુધી એક અભિપ્રાય એવો છે કે અર્ક દ્વારા દારૂ મેળવવાની વિધિ તુર્ક પ્રજાની દેણગી છે. જોકે આ મત સ્વીકાર્ય નથી. તાજેતરનાં વરસોમાં જ પાકિસ્તાનના સિરકપ (તક્ષશિલા) અને શૈખાનના ટીંબામાં ખોદકામ દરમિયાન અર્ક પદ્ધતિ (distilation) નાં સાધનો જેવાં કે વરાળનું પાણી બનાવવા માટેનું પાત્ર અને અન્ય કેટલાક



દારૂ ગાળવાની પદ્ધતિ

ભાગો પ્રાપ્ત થયા છે, જે તક્ષશિલાના સંગ્રહાલયમાં સુરક્ષિત છે. આ સાધનો બીજી સદી ઈ.સ.પૂ.થી બીજી સદી ઈ.સ.ના મધ્યનાં છે, તુર્કો ભારતમાં આવ્યા એ પહેલાંના ઘણા સમય પૂર્વે તુર્ક પ્રજાનું જો કોઈ આ સંદર્ભે યોગદાન હોય તો એ એટલું જ કે તેમણે તેને પૂર્વ તરફ પ્રચલિત કર્યાં.

**'તમારી પ્રગતિ ચકાસો' : 4**

1. નીચેના પર ટૂંક નોંધ લખો :

(ક) પેંગડું

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(ખ) નાળ

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. નીચેના પ્રશ્નોના બે-બે લીટીઓમાં જવાબ આપો :

(i) દારૂગોળાની શોધ સૌ પ્રથમ કયા દેશમાં થઈ ?

..........................................................................................

..........................................................................................

(ii) ભારતમાં અગ્નિશસ્ત્રોનો ઉપયોગ સર્વ પ્રથમ ક્યારે થયો ?

..........................................................................................

..........................................................................................

(iii) ભારતમાં કલાઈની વિધિ કોના દ્વારા પ્રચલિત થઈ ?

..........................................................................................

..........................................................................................

(iv) વહાણના તળિયાને જોડવા કઈ વિધિ અપનાવવામાં આવતી હતી ?

..........................................................................................

..........................................................................................

(v) અર્ક દ્વારા દારૂ બનાવવાની શોધ ક્યારે થઈ ?

..........................................................................................

..........................................................................................

## 22.11 સારાંશ

આ એકમમાં દિલ્હી સલ્તનતકાળના લોકો પોતાના રોજબરોજના જીવનમાં ઉપયોગી એવી ચીજ-વસ્તુઓનું નિર્માણ અને ઉત્પાદન કેવી રીતે કરતા હતા તેની ટેક્નિકો કે વિધિઓ અંગે જાણકારી મેળવી. ખેતીના સંદર્ભે ફાળ સહિતનાં હળો, વાવણીની પ્રક્રિયા, સિંચાઈ માટેનાં વિવિધ સાધનો લણણી, કાંતવા, વણવા, છાપકામ વગેરે અંગે અભ્યાસ કરી ગયા. મકાન નિર્માણની બાબતમાં ચૂના-પથ્થર, વૈજ્ઞાનિક ઢબે બનાવવામાં આવેલ કમાનો ઘુમ્મટો વધુ મહત્ત્વપૂર્ણ છે. કાગળ નિર્માણ અને બુકબાઈન્ડિંગ નવી કલાઓ હતી. આ જ બાબત પેંગડું, નાળ અને દારૂગોળાની બાબતમાં સૈન્ય ટેક્નિકની હતી. કલાઈ કામ પણ એક નવો જ ઉદ્યમ હતો. કાચ ઉત્પાદન આ કાળમાં નિમ્ન સ્તરનું હતું. ભારતમાં પોર્ટુગલોના આગમન પહેલાં વહાણ નિર્માણમાં લોખંડનો ઉપયોગ થતો ન હતો. માદક પીણાના ઉત્પાદન માટે આથા અને અર્ક પદ્ધતિ અપનાવવામાં આવતી હતી.

છેલ્લે મુસલમાનો દ્વારા ભારતમાં લાવવામાં આવેલ નવી ટેક્નિકો અને કારીગરીને ટૂંકમાં જોઈ જઈએ. સાકિયા કે પર્શિયન વ્હીલ, ચરખો, પગ દ્વારા ચલાવવામાં આવતી શાળ, ચૂના પથ્થર, ઘુમ્મટ, કાગળ, બુક બાઇન્ડિંગ, પેંગડું, નાળ, દારૂગોળો, કલાઈ અને નાવિકો માટે હોકાયંત્ર-ભારતીયોએ કોઈ પણ પ્રકારના હિચકિચાટ કે વિરોધ વગર સ્વીકારી લીધાં હતાં.

## 22.12 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' : 1**

1. જુઓ પેટા વિભાગ 22.2
2. જઓ પેટા વિભાગ 22.2.4
3. જુઓ પેટા વિભાગ 22.2.4

**'તમારી પ્રગતિ ચકાસો' : 2**

1. જુઓ, પેટા વિભાગ 22.3.1
2. જુઓ, પેટા વિભાગ 22.3.1
3. જુઓ, પેટા વિભાગ 22.3.2
4. જુઓ, પેટા વિભાગ 22.3.3

**'તમારી પ્રગતિ ચકાસો' : 3**

1. જુઓ, પેટા વિભાગ 22.4, 22.4.2
2. જુઓ, પેટા વિભાગ 22.5
3. જુઓ, (i) પેટા વિભાગ 22.4.2
   જુઓ, (ii) પેટા વિભાગ 22.5

**'તમારી પ્રગતિ ચકાસો' : 4**

1. જુઓ, પેટા વિભાગ 22.6.1 અને 22.6.2
2. ((i) ચીન, (ii) 15મી સદીનો ઉત્તરાર્ધ (iii) તુર્કો દ્વારા, (iv) ખાંચાઓ પાડી જોડવાની વિધિ (v) બીજી સદી ઈ.પૂ. થી બીજી સદી ઈ.સ.ના મધ્યમાં.

## 22.13 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ફટકડી -** સફેદ ખનિજ પદાર્થ જે રંગાટકામમાં ઉપયોગી બને છે.

**મહેરાબ -** વળાંકવાળી-કમાનવાળી સંરચના

**કાટ-પથ્થર-**જે મૂળ પથ્થર સિવાયના પથ્થર કમાન બનાવવામાં વપરાતા હોય છે.

**કદલિકાકૃત** – છત બનાવવા માટે પથ્થરના ખૂણાને અંદરની તરફ કાઢીને, પથ્થરને એક ઉપર એક મૂકીને ખાલી સ્થાન ભરવામાં આવે છે.

**ફરમાન :** સુલતાનનો આદેશ (Order of Sultan)

**ગિયર (Gear)** : દાંતાવાળાં ચક્રોનો એક સમૂહ, જે બીજા જ આવા સમૂહમાં ફીટ થઈ શક્તિનું સંચાલન કરે છે.

**લૂમ (કરઘા) :** વસ્ત્ર વણવા માટેનું યંત્ર સાળ

**ધરણિક (Beam)** : મોભ

**કળીચૂનો (Slake Lime)** : કેલ્શિયમ હાઇડ્રોકસાઈડ $CO(OH)_2$ આ કેલ્શિયમ ઓક્સાઈડ પર પાણીની ક્રિયા દ્વારા તૈયાર થાય છે.

**કળીચૂનો (Quick lime) :** કેલ્શિયમ ઓક્સાઈડ (CaO) જે કેલ્શિયમ કાર્બોનેટ (ચૂના)ને ગરમ કરીને મેળવી શકાય છે.

# પરિશિષ્ટ

## ચૌદમા સૈકાનાં કેટલાંક આધારભૂત વિવરણો (Passages)

ચૌદમા સૈકાની કૃષિ વ્યવસ્થાના સંદર્ભે ઉપલબ્ધ કેટલાંક આધારભૂત વિવરણો સમજવાં અઘરાં છે. તેના ઉપલબ્ધ અનુવાદ સંપૂર્ણપણે યોગ્ય નથી. અત્રે આપેલ વિવરણો તેનો કેવળ શાબ્દિક અનુવાદ માત્ર છે. માટે જ્યાં શંકા કે ફેરફાર ઊભા થાય ત્યાં નીચે આપેલ તકનિકી (Technical) શબ્દોમાં એની વ્યાખ્યા (આ અનુવાદ પછીની નોંધમાં) આપવા પ્રયત્ન કરેલ છે. કોષ્ટકમાં એના નંબર આપીને પ્રાસંગિકતા જાળવવા પ્રયત્ન કરેલ છે.

### I. અલ્લાઉદ્દીન ખિલજીનાં મહેસૂલી ફરમાનો

(બર્ની પૃ. 287, અંગ્રેજી અનુવાદ, ઇલિયટ III, પૃ. 182 અને જે. એ. એસ. બી. (જર્નલ ઑફ એશિયાટિક સોસાયટી ઑફ બૅંગૉલ - ભાગ 39, પૃ. 382, અંતિમ ભાગ બ્લોકમેનની નોંધ સહિત)

(1) સુલતાન અલ્લાઉદ્દીને હિંદુઓ[1] પર દમન કરી શકાય તે હેતુથી વિદ્વાનો સાથે નીતિનિયમો અંગે ચર્ચાવિચારણા કરી નક્કી કર્યું કે,

(2) એમનાં ઘરોમાં ધનસંપત્તિ રાખવી નહીં કારણ કે તે વિદ્રોહ અને અસંતોષનું સૌથી મોટું કારણ છે.

(3) કર-વસૂલાત માટે રાજા-રંક સૌને માટે એકસરખા નિયમ હોવા જોઈએ.[2]

(4) સમાજના સંપન્ન વર્ગ પાસેથી કરાતી કર-વસૂલાત નબળા વર્ગો પાસેથી વસૂલ કરવી જોઈએ નહીં.

(5) કોઈ પણ હિંદુ[1] પાસે સુખ-સગવડ એટલી ન હોવી જોઈએ કે જેથી તે સજીધજી તથા હાથમાં હથિયાર ધારણ કરી ઘોડેસવારી કરવાનો આનંદ ઉઠાવી શકે.

(6) ઉપરોક્ત ધ્યેય પ્રાપ્ત કરવા માટે બે નિયમ[3] બનાવી શકાય. અને તેને સરકાર સર્વોચ્ચ પ્રાથમિકતા અર્પે.

(7) પ્રથમ (નિયમ) નાનામોટા તમામ ખેડૂતો ભૂમિનાં માપ અને બિસ્વા દીઠ ઊપજના આધારે[4] ખેતી કરે.

(8) અને કોઈ જ પ્રકારની છૂટછાટ વગર અર્ધો ભાગ કર-સ્વરૂપે આપી દે.

(9) આ કર-વસૂલાત ટાણે રાજા-રંક વચ્ચે કોઈ જ ભેદભાવ કરવામાં આવે નહિ.

(10) મુખ્ય મહેસૂલ ઉઘરાવનારાના અધિકારો[5] પર આ વાત સહેજ પણ છોડવામાં ન આવે. (આ વિવરણ આગળ જતાં બીજા નિયમની વાત કરે છે જે ગોચર પર કર લાગુ કરવા બાબતે છે.)

**નોંધ :**

1. અધ્યાય 11માં જણાવ્યા અનુસાર 'હિન્દુ' શબ્દનો બર્ની સંકુચિત અર્થમાં પ્રયોગ કરે છે. આ શબ્દ દ્વારા તે સામાન્ય ખેડૂતોના ઉપરી (મુખીને) સંબોધે છે. તેથી આ શબ્દ વાસ્તવમાં આગેવાન (મુખી) કે ગ્રામ પ્રમુખ(સરપંચ)નો પર્યાય છે (એમ કહી શકાય).
2. રાજાથી લઈને રંક સુધી માટે પ્રયોજાયેલ 'અઝ ખોતા વ બલાહાર' (Az khuta wa balahar) ફારસી શબ્દ નથી. બ્લોકમેને સામાન્ય અર્થમાં હલકા પ્રકારનાં કામોમાં જોડાયેલ ગ્રામીણ મજૂરો માટે આ શબ્દપ્રયોગ કર્યો છે, એવું અર્થઘટન જ સુવિધાજનક ગણાશે. ઉપરી દોઆબ વિસ્તારમાં, જ્યાંનો બર્ની વતની હતો, 'બલાહાર' શબ્દનો ઉપયોગ ઝાડુ લગાવનાર લોકો માટે કરાય છે. તેથી લેખકના મગજમાં 'બલાહાર' ગ્રામીણ જીવનમાં સૌથી નિમ્ન (હલકા) પ્રકારનું કામ કરનાર માટે વપરાતો હશે. આ માટે અંગ્રેજીમાં યોગ્ય શબ્દ નથી.

   બર્નીએ વારંવાર પ્રયોજેલ 'ખોત' શબ્દ તત્કાલીન સાહિત્યમાં ક્યાંય મળતો નથી. બર્નીએ 'ખોત' અને 'ખૂતા' શબ્દનો ઉપયોગ વારંવાર કરેલ છે પરંતુ તે બંને વચ્ચે ફર્ક કરવો મુશ્કેલ છે. 'બલાહાર' શબ્દથી વિરુદ્ધમાં 'ખોત' અને 'ખૂતા' શબ્દોનો ઉપયોગ ઉચ્ચ અને કુલીન વર્ગના ગ્રામીણ લોકો માટે કરવામાં આવેલ છે. ખોત શબ્દનો પ્રયોગ મોટે ભાગે ગ્રામ પ્રધાન-સરપંચ કે મુકાદમ માટે કરાયેલ છે. (288, 291, 324, 430, 479, 554) જ્યારે બે અવતરણો(288)માં તેનો સંબંધ ચૌધરી અથવા પરગણાના પ્રમુખ અને મુકાદમ એમ બંને સાથે જોડવામાં આવેલ છે અને તેના વિશેષાધિકાર લગભગ મુકાદમ જેવા (430) જ હતા.

   બર્ની પોતાના પુસ્તકના લગભગ અંત સુધી (539, 589) સ્થાનિક સરદારો (કે જે રાજાને આધીન હતા) માટે જમીનદાર શબ્દ વાપરતો નથી. તથા ખેતી અને મહેસૂલ વ્યવસ્થાને લગતાં એનાં વર્ણનોમાં પણ આની ચર્ચા કરેલ નથી. જ્યાં આપણે જમીનદાર શબ્દપ્રયોગની આશા રાખીએ ત્યાં તેણે ખોત શબ્દ પ્રયોજ્યો છે. એની તર્કસંગત વ્યાખ્યા એ કરી શકાય કે 'જમીનદાર' શબ્દ એના સમયમાં અસ્તિત્વમાં આવ્યો હશે અને ધીરે ધીરે ખોત શબ્દનું સ્થાન લઈ રહ્યો હશે. માટે આ બંને શબ્દો સમાન અર્થી ગણાય. જ્યાં જ્યાં 'ખોત'

શબ્દપ્રયોગ થયેલ છે ત્યાં આપણે જમીનદાર વાંચીએ તો અર્થ તર્કસંગત અને વધુ યોગ્ય જણાયો છે અગર આ સમાનાર્થી શબ્દો નથી તો આપણે એ માની લેવું રહ્યું કે બર્નીના સમયનો આ મહત્ત્વપૂર્ણ વર્ગ 'ખોત' આગળના લેખકોના સમય સુધી સંપૂર્ણપણે સમાપ્ત થઈ ચૂક્યો હતો. સાથે સાથે એટલો જ મહત્ત્વનો જમીનદાર વર્ગ રહસ્યમય રીતે અસ્તિત્વમાં આવી ગયો. આ કલ્પના જેટલી અતાર્કિક છે એટલી જ બિનજરૂરી પણ છે.

'ખોત' શબ્દની ઓળખ સંદિગ્ધ છે. બ્લોકમેને એને અરબી ભાષાનો એક દુર્લભ શબ્દ ગણ્યો છે. સ્ટેનગાસે એ શબ્દનો પ્રયોગ 'લચી પડેલી ડાળી' કે મોટા પણ સુંદર અને સક્રિય એવા આદમીના સંદર્ભમાં કર્યો છે. પરંતુ એથી સહેજ પણ ખબર નથી પડતી કે 'ખોત' શબ્દ ગ્રામપ્રમુખ-સરપંચને કેવી રીતે સૂચિત કરે છે. જે હસ્તપ્રતો મેં જોઈ એમાં કોઈ જ વ્યંજન નથી અને સંભવત: એનો ઉચ્ચાર પણ અલગ હતો. આપણે એક એવા શબ્દનું વિશ્લેષણ કરી રહ્યાં છીએ જેની ઉત્પત્તિ સ્વતંત્રરૂપે ભારતમાં જ થઈ. આ શબ્દનો જે અર્થ થતો હોય તે પરંતુ બર્નીએ એનો પ્રયોગ ચોક્કસપણે પ્રમુખ(મુખી-સરપંચ)ના અર્થમાં જ કર્યો છે. બ્લોકમેન પૂરતા વિચારવિમર્શ પછી એ નિર્ણય પર પહોંચ્યો કે આ શબ્દનો ઉપયોગ ગ્રામીણ સમાજના સર્વોચ્ચ વર્ગ માટે છે. પરંતુ જમીન માલિક અને ખેતી કરનારાઓના સંદર્ભમાં એનો પ્રયોગ ઐતિહાસિક દૃષ્ટિકોણથી ખામીયુક્ત ગણાય.

એમ પણ કહી શકાય કે ઉત્પત્તિની દૃષ્ટિએ આ શબ્દ મરાઠી શબ્દ 'ખોત'માંથી ઊતરી આવેલ જણાય છે. સામાન્ય રીતે આ શબ્દ કોંકણી ભાષામાં વિશેષ વપરાય છે. પરંતુ બર્નીએ અરબી ભાષાના ખે (ખ઼ે) અને તે(તે)માંથી લીધાનું કબૂલવું. આ શબ્દની ઉત્પત્તિ કોઈ સંસ્કૃતજન્ય ભાષામાંથી થઈ હોવાની સંભાવના નામશેષ કરે છે. 16મા સૈકાના બીજાપુર રાજ્યમાંથી ખોત શબ્દ અંગે કોઈ વિશેષ માહિતી ઉપલબ્ધ થતી નથી. તેથી એક સંભાવના બાકી રહે છે કે દખ્ખણ પર અલ્લાઉદ્દીનના વિજય પછી અરબી શબ્દ 'ખોત' કુદરતી રીતે જ 'ખૌત'ના રૂપમાં અપનાવી લેવામાં આવ્યો. ખોત શબ્દ મોગલ વિજય પૂર્વે ગુજરાતમાં પણ પ્રચલિત હોવાનો આધાર પ્રો. હોડીવાલાના પુસ્તક 'સ્ટડીઝ ઇન પારસી હિસ્ટ્રી'ના પૃષ્ઠ નં. 204 પરથી મળી રહે છે. પરંતુ તેની વ્યાખ્યા કરવામાં આવેલ નથી. એ શક્ય છે કે આ અરબી ભાષી શબ્દ ઉત્તરમાં વપરાશમાં ન રહ્યો હોય અને કોંકણ ભાષી ગુજરાતમાં ભારતીય સ્વરૂપમાં વપરાશમાં રહ્યો હોય પરંતુ આ બાબતે વિશેષ લેખિત આધારોની જરૂરિયાત છે.

3. આ અવતરણ વ્યાકરણની દૃષ્ટિએ સંપૂર્ણપણે શુદ્ધ કહી શકાય તેમ નથી. આવદનનું આવરદન્દ વાંચવું સહેલું છે. અને અવતરણ 5ને અંતે પૂર્ણવિરામ આપવું જોઈએ. આ સ્થિતિમાં તેનો અનુવાદ આ રીતે થાય 'ઉપરોક્ત ઉદ્દેશ પરિપૂર્ણ કરવા માટે બે નિયમ બનાવાયા' જેના લીધે વ્યાકરણ તથા અર્થ સ્પષ્ટ થાય છે.

4. 'માપના નિયમ અને વિઘા દીઠ ઊપજ' = 'હુકમ એ મસાહત વ વફાએ બિસ્વા.'

બર્ની બે પ્રકારના હુકમ કે માપના નિયમોનો ઉલ્લેખ કરે છે : 'મસાહત' અને 'હાસિલ' એટલે 'માપ' અને 'ઊપજ'. પરંતુ આગળનાં અવતરણોમાં 'મસાહત' પાકના નુકસાનને લગતી રાહતો માટે વપરાયેલ છે. જેની ઉપર 'હાસિલ'માં કોઈ જ જરૂર ન હતી. આપણે જો આ બંને શબ્દોને વિધિના અર્થમાં ન જોઈએ તો આપણે ચોક્કસ માપ અને ભાગીદારીના સંદર્ભમાં પ્રયોજેલ છે. જેથી તત્કાલીન હિંદુ-મુસલમાન બંને પરિચિત હતા અને તે 16મી સદીથી 19મી સદી સુધી કોઈ ને કોઈ સ્વરૂપમાં પ્રચલિત હતા. મોગલકાલીન કાગળોમાં 'મસાહત' માટે 'ઝરિલ' અથવા ઊપજ શબ્દ વપરાતો હતો. પરંતુ એમ જણાય છે કે સ્થાનિક ધોરણે એનો ઉપયોગ ચાલુ રહ્યો. 1832 સુધી માપના ક્રિયાકલાપમાં કામકાજમાં જોડાયેલ સ્થાનિક કર્મચારીઓને 'મસાહત' વિભાગના નામથી ઓળખવામાં આવતા (Rev. Sel. ii P. 378) હાસિલનો ઉપયોગ ઊપજની ભાગીદારીના અર્થમાં કરાય છે. અને મને એનો બીજો કોઈ સંદર્ભ જણાતો નથી.

વફા-એ-બિસ્વા-મુહાવરાનો ઉપયોગ બર્ની સિવાય બીજી જગ્યાએ મળે છે અને ત્યાં પણ એનો ઉપયોગ માપ શબ્દ ફરી દોહરાવવા માટે કરે છે. એ ક્ષેત્રફળનું એક એકમ માપ છે. એક બિસ્વા એટલે 1-20 વીઘાં. બર્ની પછીના બે ઇતિહાસકારો અનુસાર વફાનો ટેકનિકલ અર્થ 'પાકની ઊપજ' છે અને અહીં કદાચ એનો અર્થ પણ એ જ છે. એટલા માટે બિસ્વા ઊપજ પરથી એમ માની લેવાય કે વાવેતર કરેલા ક્ષેત્રમાંથી નિયમિત ઊપજનો દર શું છે ? માપ-પદ્ધતિનું આ મહત્ત્વપૂર્ણ અંગ છે. 'તારીખ-એ-મુબારક શાહી' ઓરિયેન્ટલ 5318 પૃ. 34ના એક ફકરામાં દોઆબમાં મહંમદ તઘલકના શાસનકાળમાં શોષણ અને દમનનું વર્ણન આ પ્રમાણે મળી રહે છે કે ''કિસ્ત-હા-મી પૈમીદન્દ વ વફા હા ફરમાની મી બસ્તંદ'' જેનો અર્થ ''તેઓ ખેતરો માપતા હતા અને નિયમાનુસાર ઊપજ નક્કી કરતા હતા.'' અત્રે વફા શબ્દનો ઉપયોગ કોઈ બીજા અર્થમાં કરી શકાય તેમ નથી. આ અર્થ અફીણ(પૃ. 180)ના સંદર્ભમાં પણ લઈ શકાય છે. જ્યાં આ શબ્દ બે વખત વપરાયો છે. આ ઉદાહરણો જોતાં એમ કહી શકાય કે બર્ની પણ આજ અર્થથી પરિચિત હતો. મને મોગલકાળમાં આ શબ્દનો પ્રયોગ જોવા મળતો નથી. શક્ય છે કે એ સમયે આ શબ્દપ્રયોગ થતો નહીં હોય.

5. 'આગેવાનોના વિશેષાધિકાર' = હક્ક-એ-ખોતાન. આ અવતરણો અનુસાર કહી શકાય કે રાજકાજને બદલે આ આગેવાનોની ખેતરોની જમીનનો એક ભાગ મહેસૂલમુક્ત રખાતો હતો. પરંતુ ગ્યાસુદ્દીનના મતે 'ખોતો'એ આ છૂટથી જ સંતોષ માનવો રહ્યો. આ પરથી એ સ્પષ્ટ થાય છે કે આ મહેસૂલમુક્તિની રકમ

સારા એવા હશે. પરંતુ આવી કેટલી જમીન રાખી શકાય તેની સ્પષ્ટતા નથી. આ ફકરામાં જ આગળ લખ્યું છે કે ખેડૂત આગેવાનો (મુખી) ખેડૂતો પાસેથી ખુદ પોતાના માટે પણ નાણાં ઉઘરાવતા હતા. કદાચ નિયમનો અર્થ પણ એ જ છે કે ખેડૂતોને આ મહેસૂલ ચૂકવવું પડતું હતું. તે વાસ્તવમાં આગેવાનો કે મુખી-સરપંચે ચૂકવવું જોઈતું હતું.

## II. ગ્યાસુદ્દીનની કૃષિનીતિ

(બર્ની, 429, ઓરિયેન્ટલ 2039, અનુવાદ, જર્નલ ઑફ એશિયાટિક સોસાયટી ઑફ બેંગોલ ખંડ-40, પૃ. 229, ઇલિયટનો અનુવાદ, ખંડ III, પૃ. 230 અધૂરો છે.) મેં શ્રી આર પેજેટને વિનંતી કરી કે આ અઘરા ફકરાનું ભાષાન્તર કરી દે. એમણે ઉદારતાપૂર્વક નીચેનો અનુવાદ કરીને એમની નોંધો પણ 'D'માં ચિત્રાંકિત કરી છે. બાકીની નોંધો મારી પોતાની છે.

(1) એણે રાજ્યના મહેસૂલને સમાનતાપૂર્વક 'ઊપજના નિયમ'ના આધારે નિર્ધારિત કર્યું[1].

(2) રાજ્યની નવી રીતો તેમ જ પાકને થયેલ નુકસાન અનુસાર ખેડૂતોમાં યોગ્ય આકારણી કરવામાં આવી.[2]

(3) રાજ્યના પ્રાન્તો અને ગામોમાં જાસૂસી વિભાગની સૂચનાઓ કરી વૃદ્ધિના સમર્થકો તથા કર વસૂલ કરનાર ઇજારદારોના વિચારોને આધારે મહેસૂલ[3] વધારવામાં આવ્યું નહીં.

(4) એણે ફરમાન જાહેર કર્યું કે જાસૂસ, કરવૃદ્ધિના સમર્થકો કર વસૂલ કરનાર ઇજારદાર તેમ જ જમીન ખરાબ કરનારાઓને મહેસૂલ વિભાગની આસપાસ રહેવા દેવામાં આવે નહીં.

(5) એણે મહેસૂલ વિભાગને એ સૂચના આપી કે પ્રાન્તો અને ગામોમાં અનુમાન, જાસૂસોના રિપોર્ટ તેમ જ કર વધારો કરવાના સમર્થકોની ઇચ્છાનુસાર મહેસૂલમાં $\frac{1}{10}$ કે $\frac{1}{11}$થી વિશેષ વૃદ્ધિ ન કરવામાં આવે.

(6) એ વાત માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ કે ખેતીમાં વૃદ્ધિ થાય અને મહેસૂલમાં પણ ક્રમશઃ વૃદ્ધિ કરવામાં આવે.

(7) આ વૃદ્ધિ એકસાથે એટલી ન કરાય તથા એકસાથે મહેસૂલ એટલું ન વધારાય કે સમગ્ર દેશની બરબાદી થઈ જાય અને ફરીથી મહેસૂલ વધારી જ ન શકાય.

(8) સુલતાન તુઘલક શાહે એ વાત પર ભાર મૂક્યો કે ખેડૂતો પાસેથી મહેસૂલની વસૂલાત એ રીતે કરાય કે જેથી ભવિષ્યમાં ખેતીનો વિકાસ શક્ય બને.

(9) અને ખેતી સુવ્યવસ્થિત થાય તથા દર વર્ષે મહેસૂલમાં વધારો થાય.

(10) સુલતાન કહ્યા કરતા હતા કે તમારે એકસાથે એટલો કર વસૂલ કરવો જોઈએ નહીં કે જેથી ખેતી પણ બરાબર ન રહે અને ભાવિ વિકાસ પણ અસંભવિત બને.

(11) કોઈ પણ રાજ્યની પડતીનું કારણ શોષણ અને દમન પર આધારિત મહેસૂલપદ્ધતિ અને વધુ પડતી રાજ્યની માગણીઓ (કરવેરા) છે.

(12) બરબાદીની શરૂઆત 'મુક્તિ' તથા અધિકારીઓની વિઘાતક કાર્યપદ્ધતિથી થાય છે.

(13) મહેસૂલની વસૂલાત બાબતે સુલતાન તુઘલક શાહ તમામ મુક્તિઓ (મહેસૂલની માફી આપનારા), રાજ્યપાલો તથા અધિકારીઓને આદેશ આપ્યા કરતો હતો.

(14) હિંદુઓને એવી સ્થિતિમાં રાખવા જોઈએ કે વૈભવને કારણે આંધળા થઈ તે વિદ્રોહી (બળવાખોર) ન બની જાય.

(15) અને તેઓ ગરીબીને કારણે ત્રાસીને ખેતી કરવાનું જ છોડી ન દે એ પણ ધ્યાન રાખવું જોઈએ.

(16) મહેસૂલની વસૂલાત કુશળ રાજનીતિજ્ઞો તથા જાણકારો દ્વારા બતાવાયેલ નિયમાનુસાર થવી જોઈએ.

(17) અને હિંદુઓ[4]ના વિષયે કૂટનૈતિક કુશળતા એ જ છે કે ઉપરોક્ત તમામ નિયમોનું પાલન કરવામાં આવે.

(18) મહેસૂલ-કરની વસૂલાત બાબતે સુલતાન ગ્યાસુદ્દીન તુઘલક કે જે અનુભવી અને દૂરંદેશી વ્યક્તિ હતો તેનું પ્રદાન વિશેષ હોવાનું મનાય છે.

(19) તેણે મુક્તિઓ તથા રાજ્યપાલોને અનુરોધ કર્યો કે કરવસૂલાત બાબતે ઝડતી અને સાતત્ય ચાલુ રાખે.

(20) જેથી મુખી તથા ગ્રામપ્રધાન (સરપંચ) રાજ્ય દ્વારા નિર્ધારિત કરથી વિશેષ કરભાર ખેડૂતો પર નાખે નહીં.

(21) મુખી તથા ગ્રામપ્રધાન (સરપંચ) હોવાને લીધે તેમની પોતાની ખેતીની જમીન તેમ જ ગોચર કરમુક્ત હતાં. એથી એમણે સંતોષ માની ખેડૂતો પાસેથી અલગ મહેસૂલ કર વસૂલ કરવો જોઈએ નહીં.

(22) એ વાતની ના નથી કે ખેડૂતો અને ગ્રામપ્રધાનો પર વિશેષ જવાબદારી છે. અગર તે બીજા ખેડૂતોની માફક મહેસૂલ ચૂકવશે તો મુખી કે ગ્રામપ્રમુખ થવામાં જે વિશેષતા છે તે નષ્ટ થઈ જશે.

(23) એ અમીરો અને માલિકો[5] જેમને ગ્યાસુદ્દીને પ્રોત્સાહિત કર્યા અને પ્રાંત તથા ઇક્તા પ્રદાન કર્યાં.

(24) એમના માટે એ વાતની પરવાનગી આપવામાં ન આવી કે તેમને સામાન્ય કર્મચારીઓની[6] માફક મહેસૂલ મંત્રાલયમાં બોલાવી દુર્વ્યવહાર કરી કડકાઈથી મહેસૂલ કરની વસૂલાત કરવામાં આવે.

(25) પરંતુ તેમને એ પણ ચોક્કસ આદેશ આપ્યો કે,

(26) ''જો આપ મહેસૂલ મંત્રાલયમાં બોલાવવાના અપમાનથી બચવા માગતા હો અને એમ ઇચ્છતા હો કે તમારી સાથે કડકાઈ અને દુર્વ્યવહાર ન થાય.

(27) અને તમે 'માલિક' અને 'અમીર'નું પદ જાળવી રાખવા ઇચ્છતા હો તો

(28) પોતાના ઇક્તામાં જરૂરી વસૂલાત કરો.

(29) ઇક્તાની આ યોગ્ય રકમમાંથી પોતાના કર્મચારીઓને પણ ભાગ આપો.

(30) સૈનિકોને આપવાની રકમમાં કોઈ પ્રકારની ચોરી ન થાય.

(31) તમે તમારા પોતાના મહેસૂલમાંથી સૈનિકોને કંઈક આપો કે ન આપો તે તમારા પોતાના પર નિર્ભર કરે છે.

(32) પરંતુ જો તમે સૈનિકોના મહેસૂલમાંથી કંઈ પણ લેવા ઇચ્છશો તો,

(33) તમારા માટે માલિક અને અમીર શબ્દપ્રયોગ અપમાનજનક બની રહેશે.

(34) અને જે અમીર સૈનિકોના મહેસૂલમાંથી કંઈ જ લેતો તેથી તેના માટે ધૂળ ફાકવી પણ વધુ સારી ગણાશે.

(35) પરંતુ 'માલિક' અને 'અમીર' અગર પોતાના 'ઇક્તા' અને પ્રાંતોમાંથી 5/10 અને 5/11 અને 1/10 કે 1/15 ભાગ મેળવવા ઇચ્છતો હોય,

(36) અને ઇક્તાધારક તથા ગર્વનરની વિશેષ સુવિધાઓનો પણ ઉપયોગ કરે છે.

(37) તેને રોકી શકાય નહીં અને તે પરત માગવું કે અમીર પર દબાણ કરવું નિંદાપાત્ર ગણાશે.

(38) એ જ રીતે પ્રાંતોમાં એમના પ્રતિનિધિ કે હાથ નીચેના[7] પોતાના પગાર ઉપરાંત 1/2 % કે 1 % બીજા લઈ લે તો,

(39) આ રકમ માટે તેમને અપમાનિત કરવામાં આવે નહીં. તેમ જ એમને મારઝૂડ કરી જેલમાં નાખીને દંડ દ્વારા જે તે રકમ પરત વસૂલ કરવી જોઈએ નહીં.

(40) પરંતુ જો તે મોટી રકમ[8] લઈ લે અને મહેસૂલમાં એ માટે છૂટછાટ આપે કે પ્રાંતો અને ગામોમાંથી મોટી રકમ અંદર અંદર વહેંચી લે છે તો,

(41) એવા ગદ્દાર ચોરને અપમાનિત કરી, સાંકળોથી બાંધવા જોઈએ અને તેની પાસેથી (આ રીતે એકઠું કરેલ) ધન પરત વસૂલ કરી લેવું જોઈએ.''

## ગ્રંથ પર નોંધ

(3) 'ઇજારા' ગ્રંથમાં-પઝ રક્તનિહા-ખરેખર એક ભૂલ છે. એનું સાચું સ્વરૂપ પઝ ઇસક્તનિહા (D) છે.

(4) 'ભૂમિ બર્બાદ કરનાર'ને 'મુહાઝિબાન' માટે 'મુખર્રિબાન' ઓરિયેન્ટલ 2039માં આમ વાંચી શકાય છે.

(5) 'આ પ્રમાણે નહીં 'માં તાની જગ્યાએ ના છે ઓરિયેન્ટલ 2039માં,

(26) 'અગરૂ તમ્મારી ઇચ્છા હોય તો'માં ખ્વાહદની જગ્યાએ ખ્વાહેદ મૂકી શકાય. જેને ઓરિયેન્ટલ 2039માંથી લીધેલ છે

(26) 'આગળ નહીં આપવું જોઈએ'માં વાયુક્તદ માટે 'નાયુક્તદ' મૂકી શકાય. ઓરિયેન્ટલ 2039.

(38) 'લઈ લેવું જોઈએ'-ઇસાયતની જગ્યાએ 'ઇસાબત' વાંચવું. ઓરિયેન્ટલ 2039

**નોંધ :**

1. 'ઊપજના નિયમ' = હુકમ એ હાસિલ પાછલાં અવતરણોમાં અવતરણ 3 જુઓ.
2. 'પાકું નુકસાન' = બૂદ-વ-નાબૂદ-હા. આ મુહાવરાને ટેકનિકલ અર્થ અકબરના કર નિર્ધારણ અધિનિયમને આધારે મળ્યો. તેનો શાબ્દિક અર્થ છે ''અસ્તિત્વ અને વિના અસ્તિત્વથી.'' (આઇન, I. 288). જેમાં ક્લાર્કને કહેવામાં આવે છે કે બૂદનો રેકોર્ડ તૈયાર કરે અને નાબૂદને એમાંથી બાદ કરે. અર્થાત્ માપેલ જમીનમાંથી પાક નિષ્ફળ ગયેલ હોય એટલો વિસ્તાર બાદ કરે. કદાચ કિસ્મત શબ્દપ્રયોગ પણ પાક નિષ્ફળ ગયેલ વિસ્તારના વર્ગીકરણ માટે કરવામાં આવતો હશે. નાબૂદ શબ્દપ્રયોગ 19મી સદી સુધી વિશાળ અર્થમાં અંદાજિત મહેસૂલ કરમાંથી આપવામાં આવેલ માફી માટે થતો હતો.
3. મહેસૂલ કર વધારવાની વાત કરનારા = 'મુવાફિરાન'. આ શબ્દ કોઈ પણ શબ્દકોષમાં નથી. એનો ટેકનિકલ અર્થ 'તૌ ફીર' કે જમીનમાંથી થનાર કોઈ પણ પ્રકારના લાભના સંદર્ભમાં કરવામાં આવેલ છે. તે પછીનાં અવતરણો(574)માં બર્ની 'તૌ ફીર નુમાયાન'નો ઉપયોગ ગુપ્ત લાભની જાણકારી આપનારાઓ માટે કરે છે. આ કાર્યાલયમાં વપરાતો શબ્દ હતો; અને ડિયૂહર્સ્ટે કરમાં વધારો કરવાની વાત કરનારાઓ માટે વાપર્યો જેને મેં પણ એ જ અર્થમાં લીધેલ છે.
4. 'હિંદુ'નો પણ એ જ સંકુચિત અર્થ છે, જે આગળનાં અવતરણોમાં લેવામાં આવેલ છે.
5. 'અમીર અને મલિક'. આ સમયે કુલીનો માટે ત્રણ મુખ્ય પદનામો વપરાતાં હતાં - ખાન, અમીર તથા મલિક. અત્રે તેનો ઉચ્ચ વર્ગ માટે ઉપયોગ કરેલ છે.
6. 'પદાધિકારી' = આમિલાન, કમ્માલ. આ સમય સુધી 'આમિલ' શબ્દ કોઈ ખાસ વિશેષ કે નિશ્ચિત પદ માટે વપરાતો જ હતો. પરંતુ કાર્યાલયને લગતા કોઈ અધિકારી માટે વપરાતો હતો.
7. 'એજન્ટ અને નાયબ' = 'કારકુનાન મુતસર્રિફાન'. કારકુનનો શાબ્દિક અર્થ એજંટ છે. એથી મને એ સાફ સમજાતું નથી કે અત્યાર સુધી તે ક્લાર્કના અર્થમાં વપરાતો હતો કે નહીં ? કેટલાંક અવતરણોને આ પ્રકારે વાંચી શકાય પરંતુ બાકીના માટે શંકા રહે. કદાચ હોદ્દાઓનું વિશિષ્ટીકરણ થઈ રહ્યું હતું. પરંતુ તે સંપૂર્ણ થયુ ન હતું. મને હજુ સુધી એવું કોઈ અવતરણ મળ્યું નથી કે જે મુતસર્રિફ જેવા ખાસ હોદ્દાની વાત કરતું હોય. પરંતુ આ શબ્દપ્રયોગ સ્થાનિક નોકરશાહી સંદર્ભે કરાતો હશે. એનો અર્થ હાથ નીચેના અધિકારી માટે સામાન્યતઃ કરાતો હશે અથવા આવા અધિકારીઓના કોઈ વર્ગ માટે.
8. એક ચોક્કસ (પૂરતી) રકમ = મુઆતદ્દદ-હા. હું એને એક ચોક્કસ (પૂરતી) રકમના અર્થમાં લઉં છું. જેને ગણી શકાય કે ગણવા લાયક હોય (D).

   'ટંકના' અને 'મુક્તી' જેને અનુવાદમાં એ જ રૂપે લખેલ છે કે વિષયમાં પરિશિષ્ટ 'બી'માં વ્યાખ્યા કરેલ છે. એના આ રૂપને માન્ય રાખવાનું કારણ એ દર્શાવવાનું છે કે તે કેટલું મહત્ત્વપૂર્ણ છે અને માટે જ તેને વારંવાર પુનરાવર્તિત કરેલ છે.

## III. ફિરોજશાહનો બીજો નિયમ

(બર્ની 574, હજુ સુધી એનો અનુવાદ પ્રકાશિત થયેલ નથી. જે અધ્યાયમાં આ નિયમની ચર્ચા કરેલ છે તે અતિશયોક્તિપૂર્ણ છે, અને એમાં લખેલ તમામ બાબતોને એટલું મહત્ત્વ પણ આપવાનું રહેતું નથી. ફિરોજની સામાન્ય જાતિના વિવરણ બાબતે એના પર વિશ્વાસ ન કરવાનું કોઈ કારણ પણ નથી.

(1) **દ્વિતીય નિયમ :** એ નિર્દેશ આપવામાં આવ્યો કે મહેસૂલની માગણી અને જજિયા[1]ની વસૂલાત ઊપજના નિયમાનુસાર કરવામાં આવશે.

(2) સંવિભાજન (ફાળવણી) તેમ જ 'માગમા વધારો' તથા 'પાક નિષ્ફળ જવો' અને અનુમાનને આધારે વધુ માગવું વગેરેમાંથી ખેડૂતોને સંપૂર્ણ માફી આપી હતી.[2]

(3) ઇજારા પર મહેસૂલ ઉઘરાવનાર, જમીન ખરાબ કરનાર અને મહેસૂલની માગ વધારવાની વાત કરનાર[3]ને રાજ્ય અને પ્રાંતોમાં ન રહેવા દેવાય.

(4) 'મહેસૂલ-એ-મુઆમલાતી'[4]-ખેડૂતો સ્વેચ્છાએ વગર તકલીફે મહેસૂલ ભરી શકે એટલું ઓછું કરી દેવાયું.

(5) ખેડૂતો પર કોઈ હિંસા કે દમન ન થાય તેની પૂરી કોશિશ કરવામાં આવી કારણ કે મુસલમાનોના ખજાના[5] આવકના સાચા માલિક એ જ છે.

**નોંધ :**

1. જજિયાવેરાનો સંદર્ભ વિશેષ ગૂંચવણ ઊભી કરે તેમ છે. અફીફને મતે (383) દિલ્હીમાં આ કર પ્રત્યેક વ્યક્તિ પર નિશ્ચિતપણે ચૂકવવાની રકમ હતી. ખેડૂતો પર મહેસૂલ સાથે જ તે (જજિયાવેરો) લગાવાતો હોય અને મહેસૂલ પ્રમાણે તે બદલાતો હોય તેવી શક્યતા પણ છે.

2. આ કલમ ખેડૂતો પર લગાવવામાં આવતા કર દર્શાવે છે. કિસ્મત = પાક નિષ્ફળ જવો. નબૂદા પાછલાં વિવરણોમાં પણ મળી રહે છે. અત્રે મુઆતદ્દદ-હા મોટે ભાગે રકમના પ્રમાણ માટે વપરાયો છે અને તસબ્બુરીનો અર્થ એ પ્રમાણે કરી શકાય કે બધું એકતરફી હતું અને 'અનુમાન પર આધારિત' હતું.
3. આ અવતરણ પણ અગાઉ મુજબનો અર્થ આપે છે અને મહેસૂલની આકારણીમાં વિધિ શબ્દોના રૂપમાં સ્વાભાવિક રૂપે જ આવે છે.
4. 'મહસૂલ-એ-મુઆમલાતી' આ મુહાવરાનો અર્થ અત્યાર સુધીના કોઈ પણ ફકરામાંથી મળેલ નથી. એનો સંદર્ભ આપતાં કહી શકાય કે આ કર ખેડૂતો પર લગાવવામાં આવતા ખરાજ કે મહેસૂલથી અલગ છે પરંતુ એના સ્વરૂપ બાબતે કેવળ અનુમાન કરવું રહ્યું.
5. બૈત-ઉલ-માલ (એટલે) ખજાનો. આ ઇસ્લામી કાનૂનનો પરિચિત શબ્દ છે. જ્યાં ખરાજ કે અન્ય કર એકત્રિત કરવામાં આવતા તેવી જગ્યા માટે તે વપરાતો. આ ધન મુસલમાનોના કલ્યાણ અર્થે વાપરવામાં આવતું પરંતુ ભારતમાં આ સમય સુધી આ રકમ રાજ્યના મહેસૂલ તથા આવકના એક ભાગ રૂપ હતી.

## IV. ફિરોજશાહની કર-આકારણી

(અફીફ, પૃ. 94. એનો કોઈ અનુવાદ મળતો નથી. ઇલિયટમાં કેવળ એક વાક્ય જોવા મળે છે. (ખંડ III. પૃષ્ઠ. 288)

(1) રાજાએ... રાજ્યની માગ[1]ને પુનઃ નિર્ધારિત કરી. એના માટે ખ્વાજા હિસામુદ્દીન જુનૈદની નિમણૂક કરવામાં આવી.

(2) અત્યંત યોગ્ય ખ્વાજાએ 6 વર્ષ રાજ્ય કર્યું.

(3) 'નિરીક્ષણના નિયમ' અનુસાર માગને નિર્ધારિત કરી દેવામાં આવી.[2]

(4) થોડીક નિયત રકમ[3] 675 લાખ ટકા આંકવામાં આવી. તે એકરૂપતા(સમાનતા)ના સિદ્ધાંત અનુસાર નિશ્ચિત કરવામાં આવી.

(5) ફિરોજશાહના ચાળીસ વર્ષીય શાસન દરમ્યાન આ રકમમાં કોઈ જ ફેરફાર ન કરવામાં આવ્યો.

**નોંધ :**

1. 'માગ' મહેસૂલ અફીફ મોટે ભાગે આ શબ્દપ્રયોગ મહેસૂલની ઉઘરાણી કે ખરાજ માટે કરેલ છે. જ્યાં સુધી મને યાદ છે ત્યાં સુધી એણે ક્યારેય પાછળના લેખકોની માફક એનો પ્રયોગ જમીનની ઊપજને સંદર્ભે કર્યો નથી.
2. 'નિરીક્ષણના નિયમ' = હુકમ-એ-મુશાહદા શબ્દ સાહિત્યમાં તેમ જ બીજી જગ્યાએ જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી જોવા મળેલ નથી. બર્નીએ પાછલાં અવતરણોમાં એમ જણાવ્યું છે કે ફિરોજે સત્તારોહણ સમયે 'ઊપજના નિયમો'ને અપનાવ્યા. અફીફનું વર્ણન પણ આ સમયનું જ છે કારણ કે આ નિયુક્તિ સુલતાનના આવ્યા પછીની તરતની હતી અથવા બંનેમાંથી કોઈ એક લેખકે ભૂલ કરી કે કાં તો બંને લેખકોનો છેવટે અર્થ એક જ છે. ખોટા હોવાની શક્યતા ઓછી છે કારણ કે જૂની નોકરશાહીમાંથી જે લોકો લેખકો બન્યા હતા તે ટેકનિકલ શબ્દોનો દુરુપયોગ કરતા ન હતા. એ ઠીક છે કે અફીફની શબ્દાવલી બર્ની કરતાં જરૂરી પડે છે. ખાસ કરીને ખોત અને પરગણાના સંદર્ભમાં. પરંતુ આ શાબ્દિક ભિન્નતામાંથી અર્થભિન્નતાની છાપ પડતી નથી.

   'મુશાહદા' શબ્દનો સામાન્ય અર્થ અવલોકન કે 'જોવું' એમ થાય છે. અને બંને વક્તવ્યોમાં સમાનતા સ્થાપિત કરવા માટે એનો પ્રયોગ અનુમાનના આધારે વિભાજિત કરવાનો થાય છે. અહીં સંદર્ભ એ વ્યક્તિ સાથે છે કે જે ઊપજનું નિરીક્ષણ કે અવલોકન-અનુમાન લગાવવા તેનું નિરીક્ષણ કરતા હતા. આપણે એ જાણીએ છીએ કે બર્ની અનુસાર વહેંચણી કરવી જોઈએ. જ્યારે અફીફ કહે છે કે અનુમાનને આધારે વહેંચણી થવી જોઈએ. વાસ્તવિક ભાગમાં વહેંચવું નહીં. અફીફ સ્પષ્ટ રીતે જણાવે છે કે આ અનુમાન પર આધારિત ભાગીદારી છે. ઉત્પાદનનું વાસ્તવિક સ્વરૂપમાં વિભાજન નહીં. મોગલકાળમાં મુશાહદા શબ્દની વિલુપ્તિ સમજાય એમ છે. કારણ કે આ સમય સુધી આ તમામ પ્રક્રિયાને સમજવા માટે હિન્દી શબ્દ કનક્તનો વપરાશ ચાલુ થઈ ચૂક્યો હતો.

   મહેસૂલ-કરની ઉઘરાણી દરેક ઋતુના પાક સાથે સાથે બદલાતી રહેતી હતી. એનું પ્રમાણ કેટલા ક્ષેત્રમાં વાવેતર કરવામાં આવ્યું અને કેટલું ઉત્પાદન થયું તે પરથી નક્કી કરવામાં આવતું હતું. એટલા માટે 'બસ્તન' કે નિર્ધારિત નક્કી કરવું એ શબ્દનો અર્થ એવો ન કરી શકાય કે પહેલેથી નક્કી કરેલ ધન (ટંકા) સ્વરૂપે મહેસૂલ. હું આનો એ અર્થ સમજું છું કે મહેસૂલ આકારણીની પૂરી પદ્ધતિ ફરીથી વ્યવસ્થિત કરવામાં આવી હતી કારણ કે પાછળના શાસકોના સમયે અરાજકતા ફેલાઈ ચૂકી હતી.

3. 'કુલ ફાળો' = જમા. પાછળના સમયના સાહિત્યમાં એના બે પારિભાષિક અર્થ છે. એની વ્યાખ્યા પરિશિષ્ટ એમાં કરવામાં આવેલ છે. 'જમા-એ-માલ' એટલે મહેસૂલ ઉઘરાણીનો કેટલોક હિસ્સો કે ફાળો 'જમા-એ-વિલાયત, (પરગણાના) એવું મૂલ્યાંકન હતું. તેને આધારે યોગ્ય અનુદાન (ગ્રાન્ટ) આપવામાં આવતું હતું. આ વિવરણમાં પહેલો અર્થ યોગ્ય નથી. મહેસૂલની ઉઘરાણીની તુલનામાં કુલ ઉઘરાણી એક જુદી જ પ્રક્રિયા દ્વારા નિર્ધારિત થતી હતી. કારણ કે એ ઉઘરાણી કે જે દરેક ઋતુમાં બદલાતી રહે તે ચાળીસ વર્ષો સુધી અપરિવર્તિત થનાર ઉઘરાણીની સમકક્ષ ન થઈ શકે. ગ્રંથમાં 'જમા-એ-મમલકત' લખેલ છે. જે 'જમા-એ-વિલાયત'નું જ એક જુદું સ્વરૂપ છે. આ સ્થિતિમાં મૂલ્યાંકનનો સાચો અર્થ નીકળે છે. આપણે અધ્યાય 11માં જોયું કે મૂલ્યાંકન પૂર્વેના શાસકોના સમયે પણ એમ કરવામાં આવતું હતું અને તે કોઈક અનુદાન વ્યવસ્થાની વિશેષતા છે. આપણે એ પણ જોયું કે પ્રચલિત મૂલ્યાંકન વાસ્તવિકતાથી અત્યંત જુદું પડે છે. હું આ વિવરણને એ અર્થમાં જોઉં છું કે એ આપણને જણાવે છે કે કર-આકારણીની પદ્ધતિને ખ્વાજાએ વ્યવસ્થિત કરી અને છ વર્ષના અનુમાન પછી એક નવું મૂલ્યાંકન તૈયાર કર્યું જે શાસનના સમગ્ર સમયગાળા સુધી માન્ય (તેમ જ યથાવત્) રહેવા પામ્યું.

# કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. Tapan Raychaudhri and Irfan Habib : *The Cambridge Economics Histroy of India. Vol. I.*
2. Prof. Muhammad Habib : *An Introduction to Elliot & Dowson's History of India as told by its own Historians. Vol. II.*
3. A. J. Quisar : *Indian Response to European Technology and Culture.*
4. के. एस. लाल : *खलजी कालीन इतिहास*
5. इरफान हबीब (संपादित) : *मध्यकालीन भारत, खण्ड-१.*
6. *मोहम्मद हबीब व के. ए. निज़ामी : दिल्ली सल्तनत.*
7. एस. आर. शर्मा : *भारत में मुस्लिम शासन का इतिहास*
8. बी. एन. लुणिया : *पूर्व मध्यकालीन भारत का राजनैतिक एवं सांस्कृतिक इतिहास*
9. सी. एस. श्रीनिवासाचारी तथा एम. एस. रामस्वामी अयंगर : *मध्यकालीन भारत*
10. डॉ. छोटुभाई नायक : *मध्ययुगीन भारत, खण्ड-२.*
11. જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી- *21*, ભારત દર્શન- 2 (મધ્યકાલીન ઇતિહાસ)
12. Dr. R. C. Majumdar (ed.) Delhi Sultanate Vol. VI, Bhartiya Vidya Bhavan. Bombay.

## નોંધ

ઓધ